# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




**પેજ-08**

35 વર્ષીય અભિનેત્રી કૃષ્ણ ભક્ત બની, નવું નામ મળતાં કહ્યું - જ્યારથી ભારત આવી...

**પેજ-09**

વૈભવ સૂર્યવંશી પાકિસ્તાની બોલર પર ગુસ્સે થતા મેદાનમાં ગરમી...




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 30.00 | 17.00 |
| વડોદરા | 31.00 | 16.00 |
| સુરત | 32.00 | 19.00 |

પેજ 5



RBI ફેબ્રુઆરીમાં રેપો રેટમાં 0.25 ટકાનો ઘટાડો કરી શકે છે મધ્યમ વર્ગને....


23 DECEMBER-2025 TUESDAY


'તમે નબળા માણસ છો...' ઓસ્ટ્રેલિયાના પીએમ સાથે ધક્કામુક્કી....



પેજ 10

**.....સુવિચાર.....**

જો કર્મ પર વિશ્વાસ અને ભગવાન પર શ્રદ્ધા હોય, તો સમય ગમે તેટલો ખરાબ કેમ ન હોય... માર્ગ જરૂર મળે છે !!!


વર્ષ-15 । અંક-042 । વિક્રમ સંવત-2082 । પોષ સુ દ-03 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





# અરવલ્લી બચાવો આંદોલન: 23 ડિસેમ્બરે ખરોજમાં ચૈતર વસાવાનું મોટું જનસંમેલન

## અરવલ્લી પહાડો બચાવવા 23 ડિસેમ્બરે ખેડબ્રહ્મા ખરોજમાં ચૈતર વસાવાનું જનસંમેલન. ભાજપ પર ખનનના આરોપ - મોટો વિરોધ કાર્યક્રમ

(એજન્સી) અરવલ્લી | તા. 22

અરવલ્લીના પહાડો બચાવવા મુદ્દે આવતીકાલે આમ આદમી પાર્ટીનાં ધારાસભ્ય ચૈતર વસાવાનો મોટો કાર્યક્રમ કરશે. આ મુદ્દે તેમને આજે પત્રકાર પરિષદનું આયોજન કર્યું હતુ. આ તકે ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે 23 ડિસેમ્બરે ખેડબ્રહ્માના ખરોજ ખાતે અરવલ્લી બચાવવા મુદ્દે અમારી આગેવાનીમાં એક મોટું જનસંમેલન યોજાશે. જેમાં અરવલ્લી બચાવવા માટે કયા પગલા લઈ શકાય અને કયા કાર્યક્રમો થઈ શકે, આ રચનાત્મક કાર્યક્રમનાં આયોજન માટે ચિંતન સભાનું આયોજન છે.અરવલ્લી બચાવવા માટે આવતીકાલે ખેડબ્રહ્માના ખરોજ ખાતે હજારો લોકો એકઠા થશે અને આવતીકાલે અમે સરકારને અનુમોદન આપીશું. પર્વત,જંગલ,નદીઓને કઇ રીતે બચાવી શકાય તે દિશામાં શું કરવું એ અમે આવતી કાલે નક્કી કરીશું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અરવલ્લી બચાવવાની વાત કરી છે આ વાતને તમારુ કેટલું સમર્થન છે? આ સવાલનો જવાબ આપતા AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે જે પ્રકારે ગુજરાત, મહારાષ્ટ્ર ,હરિયાણા, રાજસ્થાન ઉદ્યોગપતિના કહેવાથી ભાજપ સરકાર જંગલોને ખનન માટે આપી રહી છે ત્યારે નરેન્દ્ર મોદી અગાઉ પણ કહ્યું હતું કે એક પેડ માં કે નામ, અને વિકાસનાં નામે લાખો વૃક્ષોનું નિકંદન નીકળી ગયું છે. ત્યારે માત્ર કહેવાથી જંગલો સચવાતા નથી. જે પણ જંગલો સચવાયેલા છે તે આદિ અનાદિકાળથી આદિવાસીઓ કે પછી બીજી અન્ય કોમના લોકોએ સાચવેલા છે. ઉદ્યોગપતિઓના ખનન માટે અને ત્યાંથી ખનીજો કાઢવા માટે નવા નવા કાયદાઓ ભાજપ સરકાર લાવે છે, તેની સામે અમારો વિરોધ છે. અરવલ્લીનો પહાડ હોય કે ગુજરાતનું જંગલ હોય, બચાવવા માટે અમારે જ્યાં પણ લડવું પડશે ત્યાં અમે લોકોને સાથે રાખીને લડીશું.

## ડેડીયાપાડા મોદી કાર્યક્રમમાં કરોડોનો તાઈફો, ચૈતર વસાવાએ CID તપાસની માંગ કરી

પ્રધાનમંત્રી મોદીના ડેડીયાપાડા સહિતના કાર્યક્રમોમાં આદિવાસી લોકોના ફંડમાંથી કરોડોનો ખર્ચો કરવામાં આવ્યો. જે મુદ્દે આજે આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ પ્રેસ કોન્ફરન્સ યોજીને પોતાનું નિવેદન આપતા જણાવ્યું હતું કે, આદિવાસી લોકોએ પણ ગૌરવ દિવસની ઉજવણી કરી અને વડાપ્રધાન મોદી પણ ઉજવણી કરે તેની સામે અમને વાંધો નથી પરંતુ અધિકારીઓ દ્વારા જે કરોડો રૂપિયાના વાઉચર બનાવીને જે ધુમાડા કરવામાં આવ્યા છે. આ પૈસા ભાજપના સાંસદના કે પાર્ટીના નથી પરંતુ આદિવાસી સમાજના લોકોના વિકાસના પૈસા છે. વિકાસ પર્વ, અમૃત મહોત્સવ, ગૌરવ યાત્રા, યુનિટી માર્ચમાં કરોડોનો ધુમાડો, પરંતુ અમારા લોકોનું કુપોષણ ક્યારે દૂર થશે? સિકલ સેલની સમસ્યા ક્યારે દૂર થશે? આંગણવાડીઓ ક્યારે બનશે? શાળાઓ ક્યારે બનશે? અમારા લોકોને રોજગારી ક્યારે મળશે? આ બધી બાબતોનો ખુલાસો કરવાનો હોય. ભાજપના સાંસદ મનસુખ વસાવાએ જિલ્લા પ્રમુખ સાથે 10 કરોડનું કમલમ બનાવ્યું તો એ કોના પૈસાથી બનાવ્યું? અમે નાની ભાડાની ઓફિસમાં બેસીને કામકાજ કરીએ છીએ પરંતુ ભાજપનું કમલમ કોના પાસેથી બન્યું? તેનો ખુલાસો કરવામાં આવે.

## "ધ યશ મંગલમ શો" એ ગાણિતિક પ્રતિભા શ્રીનિવાસ રામાનુજનને સમર્પિત નવી ટૂંકી ફિલ્મ "ધ લેગસી ઓફ મેથેમેટિક્સ" રજૂ કરી

# "રાષ્ટ્રીય ગણિત દિવસ" ના રોજ ટૂંકી ફિલ્મ લોન્ચ થઈ








(એજન્સી) મુંબઈ | તા. 22

યુટ્યુબ પર તાજેતરમાં રિલીઝ થયેલી વિવિધ ટૂંકી ફિલ્મોની સતત સફળતા બાદ, લોકપ્રિય ઈન્ટરનેટ પ્લેટફોર્મ, 'ધ યશ મંગલમ શો', જે સર્જનાત્મક શ્રેષ્ઠતાના શક્તિશાળી બ્રાન્ડ તરીકે વધુને વધુ લોકપ્રિય બન્યું છે, તેણે 21 ડિસેમ્બર, 2025 ના રોજ રાષ્ટ્રીય શિક્ષક દિવસની પૂર્વસંધ્યાએ, બિહાર સરકારના કલા અને સંસ્કૃતિ વિભાગ હેઠળ બિહાર ફિલ્મ વિકાસ નિગમના મુખ્ય સલાહકાર અરવિંદ રંજન દાસ દ્વારા તેની નવીનતમ ફિલ્મ, ટૂંકી ફિલ્મ 'ધ લેગસી ઓફ મેથેમેટિક્સ' રજૂ કરી. આ ટૂંકી ફિલ્મ ગાણિતિક પ્રતિભા શ્રીનિવાસ રામાનુજનના અસાધારણ વ્યક્તિત્વ અને કાર્યનું સુંદર વિશ્લેષણ રજૂ કરે છે'મગધ એકેડેમી ઓફ કલ્ચર એન્ડ પર્ફોર્મિંગ આર્ટ્સ' MACPA ના બેનર હેઠળ, 'વાઈબ્રેશન્સ મીડિયા વર્ક્સ, મુંબઈ' એ એક અનોખી સર્જનાત્મક પહેલમાં, ભવ્ય ચેનલ 'ધ યશ મંગલમ શો-2025' હેઠળ, સૌથી શક્તિશાળી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, યુટ્યુબ પર આ અદ્ભુત ટૂંકી ફિલ્મ 'ધ લેગસી ઓફ મેથેમેટિક્સ' અપલોડ કરી છે. તે ખૂબ જ લોકપ્રિય છે અને તેની અનન્ય સામગ્રી અને પ્રસ્તુતિની વિશિષ્ટ શૈલી માટે વ્યાપકપણે પ્રશંસા પામે છે. આ પહેલા, આ લોકપ્રિય શોના શક્તિશાળી એપિસોડ્સ જેમ કે 'ધારહર: એક કાવ્યાત્મક સાગા,' 'શિલ્પાકાર,' 'યોગા રીટ્રીટ,' 'સેહત કે રાખવાલે,' *કારગિલ વિજય દિવસ - એક કાવ્યાત્મક સાગા,' 'મૈં ભારત હૂં...!', અને 'પથ પ્રદર્શક' ને યુટ્યુબ પર ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે. આ શોનું સંચાલન ઊર્જાવાન યશ મંગલમ દ્વારા કરવામાં આવે છે, જેમણે માત્ર 15 વર્ષની ઉંમરે, પોતાની શક્તિશાળી પ્રસ્તુતિ અને મજબૂત શૈલીથી શોબિઝની દુનિયામાં પોતાનું નામ બનાવી લીધું છે. તેઓ પોતાનું સ્થાન પ્રાપ્ત કરી રહ્યા છે. મુંબઈના જાણીતા ગીતકાર, સ્ટેજ ડિરેક્ટર અને મીડિયા અને જનસંપર્ક સલાહકાર ગજાનન મહતપુરકર દ્વારા લખાયેલી આ ખાસ ટૂંકી ફિલ્મ, ગાણિતિક પ્રતિભા શ્રીનિવાસ રામાનુજનના જીવનના વિવિધ પાસાઓને સુંદર રીતે રજૂ કરે છે. નોંધનીય છે કે ગજાનન મહતપુરકર દ્વારા લખાયેલી 10 થી વધુ ટૂંકી ફિલ્મો પહેલાથી જ યુટ્યુબ પર હિટ બની ચૂકી છે. આ શ્રેણીમાં, આ નવીનતમ ટૂંકી ફિલ્મ, ગજાનન મહતપુરકરના શક્તિશાળી લેખન અને પ્રખ્યાત ફિલ્મ નિર્દેશક અને સંપાદક અનુપમના કુશળ દિગ્દર્શનને પ્રદર્શિત કરે છે. મંગલમ, યુટ્યુબ પર લોકપ્રિયતા મેળવી રહી છે. આ ટૂંકી ફિલ્મના નિર્માતા બિહારના એક પ્રખ્યાત શિક્ષણવિદ લાયન રાજીવ ભાર્ગવ છે. આ શક્તિશાળી, પ્રભાવશાળી અને સંવેદનશીલ ટૂંકી ફિલ્મ મુંબઈના જાહેરાત અને ફિલ્મ ઉદ્યોગના વિશ્વસનીય દિગ્દર્શક અનુપમ મંગલમ દ્વારા કુશળ દિગ્દર્શન દ્વારા જીવંત બનાવવામાં આવી છે, જેમને છેલ્લા 25 વર્ષોમાં 300 થી વધુ જાહેરાત ફિલ્મો બનાવવાનો અનુભવ છે. આ નવી બનાવેલી ટૂંકી ફિલ્મમાં ભાવનાત્મક સંગીત છે. સંગીત સમીર પખાલે દ્વારા રચવામાં આવ્યું હતું. વિડીયોગ્રાફી શ્રીકાંત દ્વારા સંભાળવામાં આવી હતી, VFX સંકલન ગિનીલાલ સાલુંકે દ્વારા, સંપાદન પ્રતાપ શિંદે દ્વારા, ડિઝાઈન એલેક્સ બેકર દ્વારા અને કોસ્ચ્યુમ ડિઝાઈન કલા મંગલમ દ્વારા કરવામાં આવી હતી. પટનાના પ્રખ્યાત ગણિતશાસ્ત્રી આનંદ કુમારને સમર્પિત અને ટેન્ડર હાર્ટ્સ ઈન્ટરનેશનલ સ્કૂલ, પટના દ્વારા પ્રાયોજિત, આ ટૂંકી ફિલ્મનું પોસ્ટ-પ્રોડક્શન વાઈબ્રેશન્સ મીડિયા વર્ક્સ, મુંબઈ દ્વારા કરવામાં આવ્યું હતું. મહાન ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનની જન્મજયંતિ, રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી માટે નિર્મિત, આ ટૂંકી ફિલ્મ રિલીઝ કરવામાં આવી હતી અને તેનો પ્રીમિયર શો ડિસેમ્બરના રોજ પટનાની ટેન્ડર હાર્ટ્સ ઈન્ટરનેશનલ સ્કૂલના ઓડિટોરિયમમાં બિહાર ફિલ્મ વિકાસ નિગમના મુખ્ય સલાહકાર પ્રોફેસર અરવિંદ રંજન દાસ દ્વારા કરવામાં આવ્યો હતો. ૨૧, ૨૦૨૫. દિપ પ્રાગટ્ય સમારોહ દરમિયાન શાળાના આચાર્ય અને લાયન્સ ક્લબ ઓફ પટનાના પ્રમુખ શિવાની ભાર્ગવ અને સેક્રેટરી લાયન રોહિત શંકર સહિત અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા. ટેન્ડર હાર્ટ્સ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ પણ શોર્ટ ફિલ્મમાં અભિનય કર્યો હતો. લોન્ચ સમારોહમાં પ્રોફેસર અરવિંદ રંજન દાસ મુખ્ય મહેમાન હતા.

## ન્યૂઝ ફ્લેશ

### 1 તસ્કર ઝડપાયોને ચોરીના ચાર ગુનાનો ભેદ ઉકેલાયો

જામનગર | જામનગર શહેરમાં તાજેતરમાં થયેલી વાહન ચોરીના બનાવોનો ભેદ ઉકેલવામાં સ્થાનિક ક્રાઈમ બ્રાન્ચ (LCB)ને સફળતા મળી છે. LCBની ટીમે ચાર ચોરાઉ બાઈક સાથે એક તસ્કરને ઝડપી પાડ્યો છે, જ્યારે તેનો એક સાગરીત ફરાર છે, જેની શોધખોળ ચાલી રહી છે.

વાહન ચોરીના વધતા બનાવોને પગલે LCBની ટીમે કોમ્બિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન, કાલાવડ નાકા બહાર ખાટકીવાડ વિસ્તારમાં રહેતા અલબાઝ ફારુકભાઈ કટારીયા નામના શખ્સને ઝડપી પાડવામાં આવ્યો હતો. તેની પાસેથી ચાર ચોરાઉ બાઈક કબજે કરવામાં આવ્યા હતા.

પૂછપરછ દરમિયાન, અલબાઝ કટારીયાએ જામનગર શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી આ ચારેય વાહનોની ચોરી કરી હોવાનું કબૂલ્યું હતું. આ ગુનામાં તેનો સાગરીત અનવર ઉર્ફે અનુ ચકેડી ઈસ્માઈલભાઈ સિપાઈ પણ સંડોવાયેલો છે, જે હાલ ફરાર છે અને પોલીસ તેને શોધી રહી છે.

મુખ્ય આરોપી અલબાઝ કટારીયાએ પોલીસને જણાવ્યું કે તે મોડી રાત્રે શહેરમાં રખડતો હતો. કોઈ રહેણાક મકાન કે દુકાન બહાર મોટરસાયકલ પડેલું દેખાય તો તેની ચોરી કરતો. તે બાઈકને પગપાળા ચલાવીને પોતાના મિત્રના ઘર સુધી લઈ જતો અને ત્યાં મૂકી દેતો. સવારે તેમાં ચાવી લગાડી અથવા ડાયરેક્ટ કરીને ત્યાંથી લઈ જતા હતા.

### પાલનપુર પાલિકાએ સ્વચ્છતા ભંગ બદલ 43,700 દંડ વસૂલ્યો

બનાસકાંઠા | પાલનપુર નગરપાલિકા દ્વારા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. છેલ્લા ત્રણ માસમાં ગંદકી ફેલાવનારાઓ પાસેથી કુલ 43,700 નો દંડ વસૂલવામાં આવ્યો છે, જ્યારે 98 કિલોગ્રામ પ્લાસ્ટિક સામગ્રી જપ્ત કરવામાં આવી છે. નગરપાલિકાના મુખ્ય અધિકારી જીગરભાઈ પટેલ સવારે 7 વાગ્યાથી ટીમ સાથે શહેરના વિવિધ વિસ્તારોની જાતે મુલાકાત લઈ રહ્યા છે. આ મુલાકાતો દરમિયાન રસ્તાઓ, જાહેર સ્થળો, બજાર અને રહેણાંક વિસ્તારોમાં સ્વચ્છતાની સ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવે છે. ગંદકી ફેલાવનાર વ્યક્તિઓને તાત્કાલિક સ્વચ્છતા જાળવવા કડક સૂચનાઓ આપવામાં આવે છે. જાહેરમાં નાખવામાં આવેલો કચરો સંબંધિત વ્યક્તિઓ પાસે જ ઉઠાવવામાં આવે છે, જેથી નાગરિકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ અને જવાબદારીની ભાવના વિકસે. નગરપાલિકાના અહેવાલ મુજબ, છેલ્લા ત્રણ માસ દરમિયાન કુલ 43,700 નો દંડ વસૂલવામાં આવ્યો છે. આ ઉપરાંત, છેલ્લા ત્રણ દિવસમાં 4,100 નો દંડ લેવામાં આવ્યો છે. પર્યાવરણને નુકસાન પહોંચાડતી 98 કિલોગ્રામ પ્લાસ્ટિક સામગ્રી પણ જપ્ત કરવામાં આવી છે. નગરપાલિકાએ નાગરિકોને અપીલ કરી છે કે શહેરની સ્વચ્છતા જાળવવામાં સહકાર આપે, પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળે અને કચરો નિર્ધારિત સ્થળે જ નાંખે, જેથી પાલનપુર સ્વચ્છ અને સ્વસ્થ શહેર બની શકે.

# ગુજરાત ચૂંટણી દરમિયાન મોદીને બતાવા માટે એક પણ શાળા ન મળી, તેથી નકલી શાળા બનાવવી પડી: ભારદ્વાજ

## આદિવાસી વિકાસ ફંડમાંથી મોદીની રેલીમાં પંડાલ માટે 7 કરોડ, ડોમ માટે 3 કરોડ, મંચ બનાવવા 5 કરોડ, બસો માટે 7 કરોડ અને ચા-સમોસા માટે 2 કરોડ રૂપિયા ખર્ચાયા: અનુરાગ ઢાંડા

અમદાવાદ / ગુજરાત

ગુજરાતમાં ગરીબ આદિવાસીઓના હકના કરોડો રૂપિયા પીએમ મોદીની રેલીમાં ખર્ચાતા આમ આદમી પાર્ટીએ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યો હતા. AAP નેતા અને દિલ્હી પ્રદેશ સંયોજક સોરભ ભારદ્વાજે કહ્યું કે પીએમ મોદીના કાર્યક્રમમાં આદિવાસી વિકાસ ફંડમાંથી 50 કરોડ રૂપિયા ઉડાવી દેવામાં આવ્યા છે. તેમાંના 2.40 કરોડ રૂપિયા તો માત્ર મોબાઈલ ટોયલેટ પર જ ખર્ચાય છે. જાણે, ટોયલેટમાં પ્લેટિનમનું કમોડ લગાવાયું હોય. ગુજરાત ચૂંટણી દરમિયાન મોદીને બતાવા માટે એક શાળા પણ મળી ન હતી એટલે નકલી શાળા બનાવી શૂટિંગ કર્યુ હતું. આમ આદમી પાર્ટીએ આદિવાસી વિકાસ ફંડમાંથી થયેલા 50 કરોડના બેફામ ઉપયોગની તપાસ કરીને સમગ્ર રકમ વસૂલવાની માંગ કરી છે.આમ આદમી પાર્ટીનાં મુખ્યાલય ખાતે દિલ્હી પ્રદેશ સંયોજક સોરભ ભારદ્વાજે રાષ્ટ્રીય મીડિયા પ્રભારી અનુરાગ ઢાંડા સાથે પત્રકાર પરિષદ કરી હતી. તેમણે જણાવ્યું કે ગુજરાતની ભાજપ સરકારે માત્ર મોબાઈલ શૌચાલય અને સફાઈ માટે જ 2 કરોડ 40 લાખ 86 હજાર 160 રૂપિયા ખર્ચી નાખ્યા છે. ભાજપવાળા કહેતા હતા કે અરવિંદ કેજરીવાલના બંગલામાં સોનાનું કમોડ છે, પરંતુ પીએમની રેલીમાં થયેલા કરોડોના ખર્ચને જોઈને તો લાગે છે કે પ્લેટિનમનું કમોડ લગાવાયું હશે. ગુજરાતમાં પ્રધાનમંત્રીના કાર્યક્રમોમાં સતત કરોડો રૂપિયા ખર્ચવામાં આવી રહ્યા છે. ગુજરાત ચૂંટણી દરમિયાન મોદીને એક એવી શાળા જોઈતી હતી જ્યાં તેઓ શૂટિંગ કરી શકે,

**આદિવાસી સમુદાયના વિકાસ માટે જે ફંડ હતું, તેમાંથી 50 કરોડ રૂપિયા પ્રધાનમંત્રી મોદીના ગુજરાત પ્રવાસ દરમિયાન ડેડીયાપાડા સહિત અન્ય કાર્યક્રમમાં ખર્ચ કરવામાં આવ્યા. આ ગંભીર મુદ્દા પર આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય નેતા અને દિલ્હી પ્રદેશ અધ્યક્ષ સૌરભ ભારદ્વાજ અને નેશનલ મીડિયા ઈન્ચાર્જ અનુરાગ ઢાંડાએ દિલ્હી ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી અને ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા**

પરંતુ તેમને એક પણ શાળા મળી ન હતી એટલે તેમના માટે નકલી શાળા અને કમ્પ્યુટર લેબ બનાવી શૂટિંગ કરાયું હતું. જે ગુજરાતમાં શિક્ષણ અને આદિવાસીઓની હાલત આવી છે, ત્યાં પ્રધાનમંત્રીના એક કાર્યક્રમ પર કરોડો રૂપિયા ખર્ચવામાં આવી રહ્યા છે.સોરભ ભારદ્વાજે વધુમાં જણાવ્યું હતું કે અરવિંદ કેજરીવાલનાં સમયમાં બનેલા મુખ્યમંત્રી આવાસને લઈને દોઢ વર્ષ સુધી ચર્ચા કરનારા લોકોએ હવે ગુજરાતમાં પ્રધાનમંત્રીની રેલીમાં આદિવાસી વિકાસ ફંડમાંથી 50 કરોડ રૂપિયા ખર્ચાયા તેના પર પણ ચર્ચા કરવી જોઈએ. પીએમના કાર્યક્રમમાં 50 કરોડ ખર્ચવા એ બહુ મોટી લૂંટ છે. તેમણે જણાવ્યું કે BBC દ્વારા RTI હેઠળ પૂછવામાં આવ્યું છે કે સેન્ટ્રલ વિસ્ટામાં બની રહેલા પ્રધાનમંત્રી આવાસ પર કેટલાય કરોડ રૂપિયા ખર્ચાઈ રહ્યા છે, પરંતુ કેન્દ્ર સરકાર પાસે આ જણાવવાની હિંમત નથી. કેન્દ્ર સરકાર કહે છે કે આ રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો છે, તેની વિગતો આપી શકાતી નથી. સોરભ ભારદ્વાજે કહ્યું કે મુખ્યમંત્રી આવાસમાં શું લગાવાયું છે તેની PWDની સંપૂર્ણ ફાઈલો મીડિયામાં દિવસ-રાત બતાવવામાં આવી હતી. ત્યારે સુરક્ષાનો કોઈ મુદ્દો ન હતો. ઉપરાજ્યપાલે ખુદ આવાસની અંદરની વીડિયોગ્રાફી કરાવી અને ટ્વીટર, ફેસબુક અને વોટ્સએપ પર દિવસ-રાત બતાવી, ત્યારે પણ કોઈને સુરક્ષાની ચિંતા ન હતી. પરંતુ પ્રધાનમંત્રી કાર્યાલય સેન્ટ્રલ વિસ્ટામાં થઈ રહેલા ખર્ચની માહિતી આપવાનો ઈનકાર કરી રહ્યું છે. એક જ દેશ અને એક જ રાજ્યમાં એવું કેવી રીતે બની શકે કે દિલ્હીના મુખ્યમંત્રી આવાસ પર થયેલા 40-42 કરોડનો મોટો મુદ્દો બને, પરંતુ એ જ દિલ્હીમાં બની રહેલા પ્રધાનમંત્રી આવાસના ખર્ચ વિશે કોઈને ખબર ન હોય? છેલ્લા 10-11 વર્ષમાં આપણે ક્યાંથી ક્યાં પહોંચી ગયા છીએ?આ દરમિયાન અનુરાગ ઢાંડાએ કહ્યું કે ભાજપની રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકાર હંમેશાં દલિત, પછાત અને આદિવાસીની વિરૂદ્ધમાં કામ કરે છે. આ સરકાર તેમના અધિકારોનું હનન કરે છે અને તેમને દબાવવાનો પ્રયાસ કરે છે. તાજો મામલો ગુજરાતનો છે, જ્યાં આદિવાસીઓના કલ્યાણ માટેના કરોડો રૂપિયા VIP મૂવમેન્ટમાં બેફામ રીતે વાપરવામાં આવ્યા. તેમણે જણાવ્યું કે ગુજરાતના ડેડિયાપાડાથી આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા આદિવાસી સમાજમાંથી આવે છે. તેમણે આ VIP મૂવમેન્ટમાં થયેલા ખર્ચ અંગે RTI કરી હતી, અને જે જવાબ મળ્યો તે ચોંકાવનારો છે. અનુરાગ ઢાંડાએ કહ્યું કે આદિવાસી સમાજના વિકાસ માટેના ફંડમાંથી 50 કરોડ રૂપિયા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેમના સંબંધિત વિવિધ કાર્યક્રમોમાં VIP સુવિધાઓ માટે ખર્ચી નાખવામાં આવ્યા છે. પીએમ મોદી ગુજરાતમાં જનજાતીય ગૌરવ દિવસ સહિત અન્ય કાર્યક્રમોમાં હાજર રહ્યા હતા. ડેડિયાપાડામાં યોજાયેલા કાર્યક્રમમાં માત્ર પંડાલ માટે 7 કરોડ રૂપિયા, ડોમ માટે 3 કરોડ, મંચ બનાવવા માટે 5 કરોડ, ચા-સમોસા માટે 2 કરોડ અને રેલીમાં લોકોને લાવવા તથા બસોની વ્યવસ્થા માટે 7 કરોડ રૂપિયા ખર્ચ્યા છે. જ્યારે શૌચાલય અને સફાઈ પાછળ 2 કરોડ રૂપિયા ખર્ચ્યા છે.

# ભાવનગર હાઈવે પર ટ્રક-બાઈક અકસ્માત : એકનું મોત 1 ઘાયલ

(એજન્સી) ભાવનગર | તા. 22



ભાવનગર-અમદાવાદ હાઈવે પર દસનાળા નજીક આજે વહેલી સવારે ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં એક યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

મળતી માહિતી મુજબ, ભાવનગર શહેરના ખેડવાસ વિસ્તારમાં રહેતા રવિ બારૈયા અને સુનિલ ગોહિલ સનેસ ગામેથી મજૂરી કરીને પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. તે સમયે દસનાળા નજીક તેમનું બાઈક એક ટ્રક સાથે અથડાયું હતું. આ અકસ્માતમાં રવિ બારૈયાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે સુનિલ ગોહિલને ગંભીર ઈજાઓ થતાં તેમને તાત્કાલિક સારવાર માટે ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સુરતમાં વૃદ્ધ વોચમેનને રસ્તા પર દોડાવી-દોડાવીને માર્યા ખુરશી સરખી કરવાનું કહેતા ડંડાથી ઢોર મારવામાં આવ્યો

(એજન્સી) સુરત | તા. 22



સુરતના ઉત્રાણ વિસ્તારમાંથી માનવતાને શરમાવે તેવી એક ઘટના સામે આવી છે, જેમાં સામાન્ય વાતમાં પિતા-પુત્રએ મળીને એક વૃદ્ધ વોચમેન પર જીવલેણ હુમલો કર્યો હતો. આ સમગ્ર હિંસક ઘટનાના દ્રશ્યો CCTV કેમેરામાં કેદ થયા છે, જેના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુરત શહેરના ઉત્રાણ વિસ્તારમાં આવેલી વેદાંત સિટી સોસાયટીમાં ફરજ બજાવતા એક વૃદ્ધ વોચમેન પર સોસાયટીમાં જ રહેતા પિતા-પુત્રએ જીવલેણ હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. માત્ર ખુરશી સરખી મૂકવા જેવી નજીવી બાબતે ઉશ્કેરાયેલા પિતા-પુત્રએ વૃદ્ધને રસ્તા પર દોડાવી-દોડાવીને લાકડાના ફટકા માર્યા હતા. ભોગ બનનાર વૃદ્ધ હિંમતભાઈ ચૌહાણ, જેઓ વેદાંત સિટીમાં વોચમેન તરીકે પોતાની ફરજ બજાવી રહ્યા હતા. ઘટના દરમિયાન સોસાયટીમાં રહેતા જયસુખ પાનસુરીયાને હિંમતભાઈએ ખુરશી સરખી મૂકવા માટે જણાવ્યું હતું. આ સામાન્ય સૂચનથી જયસુખનો પુત્ર મનીષ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળાગાળી કરવા લાગ્યો હતો.

વિવાદ વધતા મનીષ પાનસુરીયાએ વૃદ્ધ વોચમેનને લાફા ઝીંકી દીધા હતા. ત્યારબાદ તેના પિતા જયસુખ પાનસુરીયા પણ ત્યાં લાકડી લઈને દોડી આવ્યા હતા. પિતા-પુત્રના રૌદ્ર સ્વરૂપને જોઈને ગભરાયેલા હિંમતભાઈ જીવ બચાવવા માટે ભાગ્યા હતા, પરંતુ ઉન્મત્ત બનેલા પિતા-પુત્રએ તેમનો પીછો કર્યો હતો.

CCTV ફૂટેજમાં સ્પષ્ટ દેખાય છે કે, વૃદ્ધ ભાગી રહ્યા છે અને પાછળ પિતા-પુત્ર લાકડી લઈને દોડી રહ્યા છે. વૃદ્ધને પકડીને જમીન પર પાડી દઈ લાકડી અને લાકડાના ફટકા વડે નિર્દયતાથી ફટકારવામાં આવ્યા હતા. આસપાસના લોકો દોડીને પહોંચે ત્યા સુધી પિતા-પુત્રનો કહેર ચાલુ રહ્યો હતો. લોકો આવી જતા જયસુખભાઈના પુત્રએ વૃદ્ધ વોચેમેનને ધમકી આપી હતી કે ફરી વખત મારા પિતાનું નામ લઈશ તો તને જીવતો રહેવા નહીં દઉં.

આ હુમલામાં હિંમતભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સારવાર અર્થે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ મામલે હિંમતભાઈના પુત્ર દ્વારા ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે CCTV ફૂટેજ કબજે કર્યા છે અને મનીષ પાનસુરીયા તથા જયસુખ પાનસુરીયા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. સોસાયટીમાં બનેલી આ ઘટનાને પગલે રહીશોમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## ચકલાસી પોલીસની બાતમીને આધારે કાર્યવાહી

# કૈલાશપુરા રોડ પરથી 2 વાહનમાં 5 પશુઓ લઈ જતા 3 ઝડપાયા

(એજન્સી) નડિયાદ | તા 22



કૈલાશપુરા-પાલૈયા તરફ આવતા પિકઅપ ડાલામાં ક્રૂરતાપૂર્વક બાંધીને લઈ જવાતા ત્રણ મૂંગા પશુઓ સાથે ગાડીના ચાલકને ચકલાસી પોલીસે ઝડપી પાડયો હતો. આ ઉપરાંત પાલૈયા-હાથજ રોડથી થોડે દૂર પતરાંની આડશ કરી મટન વેચતા હોવાની બાતમી મળતા પોલીસે તપાસ કરતા કતલ કરેલ ઘેટું અને બે જીવતા ઘેટાં સાથે બે શખ્સો ઝડપાયા હતા. આ બનાવ અંગે ચકલાસી પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

ચકલાસી પોલીસ રવિવારે સવારે કૈલાશપુરા-પાલૈયા રોડ ઉપર વોચમાં ઉભી હતી. ત્યારે એક પિકઅપ ડાલું આવતા તેને ઉભું રખાવી તલાસી લેતા તેમાંથી ક્રૂરતાપૂર્વક બાંધેલી એક ભેંસ અને બે પાડા મળી આવ્યા હતા. આ પિકઅપ ડાલામાં પશુઓ માટે ઘાસચારો કે પાણીની પણ કોઈ વ્યવસ્થા ન હતી. જેથી પોલીસે ગાડીના ચાલકની પૂછપરછ કરતા જીતુભાઈ ફતાભાઈ ચુનારા (રહે. મરીડા)એ પોતાના ઘરે તબેલો હોવાથી પશુઓનું પાલન કરવા મનુભાઈ ચુનારા (રહે. અલીદ્રા) પાસેથી લાવ્યો હોવાનું જણાવ્યું હતું. પોલીસે રૂપિયા બે લાખનું પિકઅપ ડાલું તેમજ દસ હજારના પશુઓ મળી કુલ રૂપિયા બે લાખ દસ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

જ્યારે બીજા બનાવમાં ચકલાસી પોલીસે પાલૈયાથી હાથજ જવાના રોડ પરથી થોડે દુર પતરાંથી આડશ કરી મટન વેચતા હોવાની બાતમી મળતા તપાસ કરતા એક કતલ કરેલ ઘેટું અને બે જીવતા ઘેટાં અને રિક્શા મળી આવી હતી. પોલીસે સ્થળ ઉપરથી મળેલા બંને શખ્સોની પૂછપરછ કરતા શખ્સોએ શરાફકત મહેમુદ મિયા કુરેશી અને સોહીલ મહેમુદ મિયા કુરેશી (બંને રહે. મરીડા ભાગોળ, નડિયાદ)ના હોવાની ઓળખ આપી હતી. આ બંને શખ્સો પોતાના ઘરેથી રિક્ષામાં પશુ લાવી કતલ કરી વેચતા હોવાનું જણાવ્યું હતું. આ બનાવ અંગે ચકલાસી પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

# વેરાવળ-બાંદ્રા એક્સપ્રેસના સમયમાં ફેરફાર 15 જાન્યુ.સુધી ટ્રાફિક બ્લોકની અસર રહેશે

(એજન્સી) ગીર સોમનાથ | તા. 22

પશ્ચિમ રેલવે દ્વારા મુંબઈ ઉપનગરીય વિસ્તારમાં છઠ્ઠી રેલવે લાઈનના કમિશનિંગ માટે મહત્વપૂર્ણ ટ્રાફિક અને પાવર બ્લોક લેવામાં આવી રહ્યો છે. આ કામગીરીના કારણે ભાવનગર રેલવે મંડળ હેઠળ આવતી કેટલીક મેલ અને એક્સપ્રેસ ટ્રેનોના સમયપત્રકમાં અસ્થાયી ફેરફાર કરવામાં આવ્યો છે.

રેલવેની આવાગમન સંરચનાને વધુ મજબૂત બનાવવા અને ભવિષ્યમાં ટ્રેનોનું સંચાલન વધુ સુચારુ તથા સમયબદ્ધ બને તે હેતુથી આ કામગીરી હાથ ધરવામાં આવી છે. ભાવનગર રેલવે મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ આ અંગે માહિતી આપી હતી.

ટ્રેન નંબર 19218 વેરાવળ-બાંદ્રા એક્સપ્રેસ (વેરાવળથી બાંદ્રા) 27 ડિસેમ્બર, 2025ના રોજ 1 કલાક મોડી રવાના થશે. 10 જાન્યુઆરી, 2026ના રોજ 45 મિનિટ અને 15 જાન્યુઆરી, 2026ના રોજ પણ 45 મિનિટ મોડી રવાના થશે. 16 જાન્યુઆરી, 2026ના રોજ તે 30 મિનિટ મોડી ઉપડશે. આ ઉપરાંત, 6, 7, 13 અને 14 જાન્યુઆરી, 2026ના રોજ આ ટ્રેન માર્ગમાં 15-20 મિનિટ મોડી પડશે. ટ્રેન નંબર 12972 ભાવનગર-બાંદ્રા સુપરફાસ્ટ 27 ડિસેમ્બર, 2025ના રોજ માર્ગમાં 45 મિનિટ મોડી રહેશે. ટ્રેન નંબર 09208 ભાવનગર-બાંદ્રા TOD સ્પેશિયલ 15 જાન્યુઆરી, 2026ના રોજ માર્ગમાં 20 મિનિટ મોડી ચાલશે.

યાત્રીઓને વિનંતી કરવામાં આવે છે કે મુસાફરી કરતા પહેલા NTES એપ, રેલવે પૂછપરછ નંબર 139 અથવા અધિકૃત રેલવે વેબસાઈટ દ્વારા પોતાની ટ્રેનની વર્તમાન સ્થિતિ ચોક્કસપણે તપાસી લે. આરક્ષિત મુસાફરોને SMS એલર્ટ દ્વારા પણ જાણકારી આપવામાં આવી રહી છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**
ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. વધુ પડતો ખર્ચ કરાવાનું ટાળો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો. તમારા મિત્રો તથા સંબંધીઓને તમારી આર્થિક બાબતોનું સંચાલન ન સોંપતા, નહીંતર તમારૂં બજૅટ વેરવિખેર થઈ જશે.

**વૃષભ : બ. વ. ઉ.**
ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા। તમારા પર કુટેવોની અસર છોડી શકતા લોકોથી દૂર રહો.

**મિથુન : ક. છ. ઘ.**
તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. જમીન અથવા કોઈ મિલકત માં નિવેશ કરવું તમારા માટે જીવલેણ હોઈ શકે છે જેટલું શક્ય હોય ત્યાં સુધી આ વસ્તુઓ માં નિવેશ કરવા થી બચો.

**કર્ક : ડ. હ.**
વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો. જો તમને લાગે છે કે તમારો પ્રિયતમ તમારી વાત સમજી શકતો નથી.

**સિંહ : મ. ટ.**
રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. પારિવારિક જવાબદારીઓનો ડુંગર ખડકાશે-તેના કારણે તમારા મગજ પર તાણ વધશે. મિત્રતા ગાઢ બનતા તેનું રૂપાંતર પ્રેમમાં થશે.

**કન્યા : પ. ઠ. ણ.**
શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખો અને ઓફિસ માં બધા જોડે સારી રીતે વાત કરો નહીંતર તમારી નોકરી જયી શકે છે.

**તુલા : ર. ત.**
તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. વગર સૂચના કોઈ દેણદાર આજે તમારા એકાઉન્ટ માં પૈસા નાખી શકે છે જેના લીધે તમે આશ્ચર્યચકિત અને ખુશ થયી શકો છો.

**વૃશ્ચિક : ન. ય.**
માત્ર હકારાત્મક વિચારો રાખીને તમે સમસ્યા સામે લડી શકો છો. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે। તમે જેની સાથે રહો છો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**
શરીરમાં કળતર તથા તાણને લગતી સમસ્યાઓની શક્યતા નકારી શકાય નહીં. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે. તમે ઉજવણીના મૂડમાં હશો.

**મકર : ખ. જ.**
તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળો. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. તમારા સંબંધીની મુલાકાત તમારા વિચાર કરતાં ઘણી સારી હશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**
લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે.

**મીન : દ. ચ. ઝ. થ.**
તમારૂં ઈર્ષાયુક્ત વર્તન તમને દુઃખી તથા નિરાશ કરી શકે છે. પણ એ પોતાની જાત પર જ કરેલી ઈજા જેવું છે આથી તેના વિશે વિલાપ કરવા જેવો નથી. અન્યોની ખુશીઓમાં સહભાગી થવા તમારી જાતને પ્રેરો અને આમાંથી બહાર આવો.

શરદી ઉધરસ અને તાવના કેસમાં વધારો નોંધાયો

# સર ટી હોસ્પિટલ ભાવનગર દર્દીઓનો ઘસારો વધતા તંત્ર દોડતું થયું

(એજન્સી) ભાવનગર | તા.22



ગોહિલવાડના પાટનગર ભાવનગરમાં છેલ્લા કેટલાક સમયથી બદલાતા હવામાન અને કડકડતી ઠંડીના આગમન સાથે જ જનજીવન પર તેની વિપરીત અસરો દેખાવા લાગી છે. શહેરની મુખ્ય સરકારી હોસ્પિટલ એવી સર ટી. હોસ્પિટલમાં છેલ્લા સાડા ત્રણ મહિનામાં બીમારીના ખાટલા ઉભરાઈ રહ્યા છે. ખાસ કરીને વાયરલ ઈન્ફેક્શનના કારણે સામાન્ય જનતામાં શરદી, ઉધરસ અને તીવ્ર તાવના લક્ષણો જોવા મળી રહ્યા છે. સૂત્રો દ્વારા મળતી વિગત અનુસાર, બદલાતી ઋતુના સંધિકાળમાં લોકોના રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો થતા સરકારી દવાખાનાઓમાં દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે, જે તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે.ઋતુ પરિવર્તનની સીધી અસર આરોગ્ય પર છેલ્લા પખવાડિયાથી ભાવનગર અને આસપાસના પંથકમાં લઘુત્તમ તાપમાનનો પારો ગગડતા ઠંડીનો ચમકારો વર્તાઈ રહ્યો છે. શિયાળાની આ મૌસમમાં વાતાવરણમાં આવતા અચાનક પલટાને કારણે બાળકો અને વૃદ્ધો સૌથી વધુ ભોગ બની રહ્યા છે. સર ટી. હોસ્પિટલના આંકડા મુજબ, સપ્ટેમ્બર માસથી લઈને અત્યાર સુધીમાં હજારોની સંખ્યામાં નાગરિકો સારવાર અર્થે પહોંચ્યા છે. કમોસમી વરસાદ બાદ સર્જાયેલી ભેજવાળી સ્થિતિ અને ત્યારબાદ ઠંડીના પ્રકોપને કારણે વાયરસને ફેલાવા માટે અનુકૂળ વાતાવરણ મળી ગયું છે.

આંકડાકીય વિશ્લેષણ: તાવ અને શરદીનો કહેર મીડિયા અહેવાલ મુજબ, છેલ્લા સાડા ત્રણ મહિનાના સમયગાળામાં સર ટી. હોસ્પિટલમાં કુલ ૧૫૧૩ દર્દીઓ શરદી-ઉધરસ અને તાવની બીમારી સાથે નોંધાયા છે. જેમાં તાવના દર્દીઓની સંખ્યા સૌથી વધુ એટલે કે ૧૦૮૫ રહી છે, જ્યારે ૪૨૮ દર્દીઓ શરદી-ઉધરસની તકલીફ સાથે સારવાર માટે આવ્યા છે. સપ્ટેમ્બર માસમાં જ્યારે બેવડી ઋતુ અને કમોસમી માવઠું પડ્યું હતું, ત્યારે એકલા એ માસમાં જ ૫૪૪ કેસ નોંધાયા હતા, જે દર્શાવે છે કે વાતાવરણની અનિશ્ચિતતા રોગચાળાને સીધું નિમંત્રણ આપે છે.

**પોલીસની દારૂ પર રેડ અને કાર્યવાહી**

## ભાંગલીગેટમાંથી વિદેશી દારૂ ભરેલો ટેમ્પો પકડાયો પોલીસ એક્શન

ભાવનગર: ગોહિલવાડના ભાવનગર શહેરમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે બુટલેગરોએ ફરી એકવાર માથું ઊંચકવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ પોલીસની સતર્કતાએ તેમના મનસૂબા પર પાણી ફેરવી દીધું છે. શહેરના વ્યસ્ત ગણાતા ભાંગલીગેટ વિસ્તારમાં ગુપ્ત બાતમીના આધારે નિલમબાગ પોલીસે એક સફળ ઓપરેશન પાર પાડી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. લોડિંગ ટેમ્પામાં છુપાવીને લઈ જવાતો દારૂ પકડાઈ જતાં સ્થાનિક ગુનાખોરી આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે. જોકે, મુખ્ય સૂત્રધાર ગણાતો બુટલેગર પોલીસના દરોડા પૂર્વે જ નાસી છૂટવામાં સફળ રહ્યો છે.ગુપ્ત બાતમી અને પોલીસનો ચોકસાઈપૂર્વક દરોડો શહેરની શાંતિ જાળવવા માટે નિલમબાગ પોલીસ મથકનો કાફલો જ્યારે વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યો હતો, ત્યારે તેમને એક અત્યંત ચોક્કસ બાતમી મળી હતી. બાતમી મુજબ, ભાંગલીગેટ પાસે આવેલા નિર્મળ પ્લાઝાની પાછળના ભાગે એક સફેદ કલરના થ્રી-વ્હીલર ટેમ્પામાં વિદેશી દારૂનો જથ્થો ઉતારવામાં આવ્યો છે અથવા તો તેને સગેવગે કરવાની તૈયારી ચાલી રહી છે. આ હકીકતને ગંભીરતાથી લઈને પોલીસ સ્ટાફે તાબડતોબ નિર્ધારિત સ્થળ પર ઘેરો ઘાલ્યો હતો.ટેમ્પાની તલાશીમાં નીકળ્યો લાખોનો મધાર્ક પોલીસે જ્યારે શંકાસ્પદ ટેમ્પા (નંબર જીજે-૦૪-વી-૬૪૪૧)ની તલાશી લીધી, ત્યારે તેની પાછળના ભાગેથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૧૦૦૮ બોટલો મળી આવી હતી.

ધડાકાભેર ટક્કર બાદ વાહનોમાં ભભૂકી આગ

## ભચાઉ હાઈવે પર ચાર વાહનો વચ્ચે ગોઝારો અકસ્માત,માસૂમ બાળક સહિત બેના મોત

ભચાઉ : કચ્છના ભચાઉ હાઈવે પર રવિવારે (21મી ડિસેમ્બર) રાત્રે ગંભીર અકસ્માત સર્જાયો હતો. કેસરી ગઢ રિસોર્ટ સામે ચાર વાહનો એકબીજા સાથે અથડાતા લાગેલી ભીષણ આગમાં એક વર્ષના માસૂમ બાળક અને એક ટ્રેલર ચાલકનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. આ અકસ્માતમાં એક દંપતીને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને સારવાર અર્થે ભુજ ખસેડવામાં આવ્યા હતા.મળતી વિગતો અનુસાર, રવિવારે રાત્રે એક કાર અને આઈસર ટેમ્પો વચ્ચે સામસામે ધડાકાભેર ટક્કર થઈ હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે જોતજોતામાં બંને વાહનોમાં આગ ફાટી નીકળી હતી. કારમાં સવાર દંપતી કંઈ સમજે તે પહેલા જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેમાં તેમના માસૂમ બાળકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું.કાર અને આઈસર વચ્ચેના અકસ્માત બાદ પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલા બે ટ્રેલરો પણ અકસ્માતગ્રસ્ત વાહનો સાથે અથડાયા હતા. આ અકસ્માતમાં એક ટ્રેલર ચાલકનું મોત નીપજ્યું હતું. આ ઘટનાની જાણ થતા જ ભચાઉ ફાયર ફાઈટરની ટીમ, 108 એમ્બ્યુલન્સ અને પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો.ફાયર ટીમે પાણીનો મારો ચલાવી વાહનોમાં લાગેલી આગને કાબૂમાં લીધી હતી. ગંભીર રીતે દાઝેલા અને ઈજાગ્રસ્ત થયેલા દંપતીને તાત્કાલિક ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા છે. પોલીસે બંને મૃતકોના શબને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી અકસ્માતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કપડવંજ અને કઠલાલ તાલુકાના જોડતા

## અપૃજી-વાઘાવત રોડ પરના બ્રિજ પર ભારે વાહનો બંધ કરવા માટે રજૂઆત

કપડવંજ : કપડવંજ અને કઠલાલ તાલુકાના જોડતા વાઘાવત-અપૃજી રોડ અને અપૃજી-કાકરખાડ-સરખેજ અપટુ એનએચ રોડ, જે કપડવંજ કઠલાલ તાલુકાના ગામોને જોડતો રોડ છે. જે માર્ગ પર આવેલા બ્રીજ અને સ્ટ્રક્ચરની વાહન ક્ષમતા નડિયાદ કાર્યપાલક ઈજનેર દ્વારા નક્કી કરી આપવામાં આવે તેવી રજૂઆત સાથે ભારે વાહનો પર પ્રતિબંધ મૂકવા માટે રજૂઆત કરવામાં આવી છે. કપડવંજના નાયબ કાર્યપાલક ઈજનેર, માર્ગ-મકાન વિભાગ દ્વારા નડિયાદ માર્ગ અને મકાન (પંચાયત વિભાગ) ના કાર્યપાલ ઈજનેરને પત્ર લખીને રજૂઆત કરવામાં આવી છે કે, કપડવંજ અને કઠલાલ તાલુકાના જોડતા વાઘાવત-અપૃજી રોડ અને અપૃજી-કાકરખાડ-સરખેજ અપટુ એનએચ રોડ, જે કપડવંજ કઠલાલ તાલુકાના ગામોને જોડતો રોડ છે. જેમાં વાઘાવત-અપૃજી રોડ એ ગ્રામ્ય કક્ષાનો રોડ છે અને જેની ઉપર એક મેડર બ્રીજ તથા સ્લેબ ડ્રેઈન આવેલા છે. જે મેજર બ્રીજનો અગાઉ વર્ષ ૨૦૨૦માં એક્સપાન્સન સરખેડ અપટુ એનએચ રોડ જે રસ્તા પર ત્રણ સ્લેબ ડ્રેઈન આવેલા છે.

મહીસાગરની દીકરીનો ડિજિટલ સેવામાં ડંકો........

## મિશન મંગલમ થકી બની 'લખપતિ દીદી'......

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મિશન મંગલમ અને સરકારી યોજનાઓના સમન્વયથી આત્મનિર્ભરતાનો નવો રાહ મહીસાગર જિલ્લાના ખાનપુર ગામના જાગૃતિબેન પંચાલે સાબિત કરી દીધું છે કે જો મક્કમ નિર્ધાર અને યોગ્ય માર્ગદર્શન મળે, તો ગ્રામીણ મહિલાઓ પણ સ્ટાર્ટઅપ અને ડિજિટલ ઈકોનોમીમાં ક્રાંતિ લાવી શકે છે. PTC અને ગ્રેજ્યુએશન જેવી ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા જાગૃતિબેને આર્થિક રીતે પગભર થવા આઠ વર્ષ પહેલાં 'મિશન મંગલમ' યોજનાનો હાથ પકડ્યો હતો. આ એક નાના ડગલાએ તેમને માત્ર ગૃહિણીમાંથી એક સફળ ઉદ્યોગસાહસિક અને સમાજ માટે પ્રેરણારૂપ 'બેંક સખી' તરીકે પ્રસ્થાપિત કર્યા છે. ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાં સ્થાપ્યો વિક્રમ



બરોડા। સ્વરોજગાર સંસ્થામાંથી તાલીમ મેળવ્યા બાદ, જાગૃતિબેને મોટા ખાનપુર ગામમાં 'બેંક સખી' તરીકે જવાબદારી સંભાળી. તેમણે પરંપરાગત બેંકિંગ સિસ્ટમમાં રહેલી હાલાકીઓને દૂર કરવા ડિજિટલ સોલ્યુશન અપનાવ્યું. ગ્રામીણ સ્તરે કોઈપણ ચાર્જ લીધા વિના વૃદ્ધો, બાળકો અને મહિલાઓને ઘરઆંગણે નાણાકીય લેવડ-દેવડની સુવિધા પૂરી પાડી તેમણે એક આદર્શ 'સેવા-લક્ષી બિઝનેસ મોડલ' ઊભું કર્યું છે. તેમની પ્રામાણિકતા અને કાર્યક્ષમતાના પરિણામે વર્ષ 2022માં ગુજરાતમાં 23 લાખ અને ત્યારબાદ સમગ્ર ભારતમાં 33 લાખના ડિજિટલ ટ્રાન્ઝેક્શનનો વિક્રમ સ્થાપી, તેમણે રાષ્ટ્રીય સ્તરે ગૌરવ મેળવ્યું છે.ઘરકામ સાથે વ્યવસાયનું ઉત્તમ વ્યવસ્થાપન આજે જાગૃતિબેન પોતાનું ઘરકામ સંભાળવાની સાથે 'BC પોઈન્ટ' અને પોતાની દુકાન સફળતાપૂર્વક ચલાવી રહ્યા છે. આ આત્મનિર્ભર સ્ટાર્ટઅપ થકી તેઓ માસિક 15 થી 20 હજાર રૂપિયાની કમાણી કરી રહ્યા છે, જેનાથી તેઓ પોતાના બાળકોના શિક્ષણ અને ઘરના ખર્ચમાં મહત્વનું યોગદાન આપી રહ્યા છે. જે તેમની મહેનત અને ડિજિટલ ક્રાંતિમાં તેમના ફાળાની સ્વીકૃતિ છે.જાગૃતિબેન માત્ર પોતે આત્મનિર્ભર બન્યા છે એવું નથી, પરંતુ તેઓ NRLM (નેશનલ રૂરલ લિવલીહુડ મિશન) અંતર્ગત અન્ય મહિલાઓને પણ આર્થિક પગભર થવા પ્રોત્સાહિત કરી રહ્યા છે. તેઓ સખી મંડળની બહેનોને ઓછા વ્યાજે સીસી (CC) લોન અપાવી તેમના નાના ઉદ્યોગો શરૂ કરવામાં મદદરૂપ બને છે. ગામની દરેક બહેન 'લખપતિ દીદી' બને તેવા ઉમદા વિચાર સાથે તેઓ ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરી રહ્યા છે. આમ, જાગૃતિબેન પંચાલની કહાની એ આજના યુગમાં મહિલા સશક્તિકરણ અને ડિજિટલ ઈનોવેશનનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

# ત્રિદિવસીય “સશક્ત નારી મેળા”નો શુભારંભ કરાવતા પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા

વિશાલ જે હરવરા | જામનગર

રાજ્યના વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ અને વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ તથા જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ જામનગરમાં ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિ. દ્વારા આયોજિત ત્રી-દિવસીય સશક્ત નારી મેળાનો શુભારંભ કરાવ્યો હતો. એમ્યુઝમેન્ટ પાર્કની પાછળ, જે.એમ.સી.ગ્રાઉન્ડમાં તા.૨૨-૨૩-૨૪ ડિસેમ્બર દરમિયાન આયોજિત મેળામાં વિવિધ ૧૦૦ જેટલા સ્ટોલ રાખવામાં આવ્યા છે જેની મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ મુલાકાત લીધી હતી. કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે પ્રગતિશીલ મહિલાઓનું પ્રશસ્તિપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, સશક્ત નારી મેળો માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ નારી શક્તિમાં વિશ્વાસ વ્યક્ત કરવાનો, નારીના આત્મવિશ્વાસને મજબૂત કરવાનો અને મહિલાઓને આત્મનિર્ભર બનાવવાનો એક સશક્ત પ્રયાસ છે.



ગુજરાત સરકારે હંમેશા મહિલાઓને સમાજના કેન્દ્રસ્થાને રાખી વિકાસની નીતિઓ ઘડી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દુરદર્શી નેતૃત્વ અને મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે “બેટી બચાવો, બેટી પઢાવો”, “મુખ્યનમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના”, “મિશન મંગલમ”, “સખી મંડળ”, “નારી ગૌરવ દિવસ” જેવી અનેક યોજનાઓ દ્વારા મહિલાઓને શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને સ્વરોજગાર ક્ષેત્રે સશક્ત બનાવવાની દિશામાં નોંધપાત્ર કામગીરી કરી છે.સશક્ત નારી મેળો મહિલા સ્વસહાય જૂથો, ગ્રામ્ય અને શહેરી મહિલાઓ, કારીગર બહેનો અને મહિલા ઉદ્યોગકારોને તેમની પ્રતિભા, કુશળતા અને સર્જનશીલતાને પ્રદર્શિત કરવા માટે એક ઉત્તમ મંચ પૂરું પાડે છે. અહીં બહેનો દ્વારા તૈયાર કરાયેલા હસ્તકલા ઉત્પાદનો, ઘરઉદ્યોગના વિવિધ પદાર્થો, ખાદ્ય ઉત્પાદનો, પરંપરાગત કળાઓ અને નવીન વ્યવસાયિક વિચારો એ વાતનો જીવંત દાખલો છે કે આજની નારી કોઈપણ ક્ષેત્રમાં પાછળ નથી.

## આરોપીએ AI ટેકનોલોજીથી ફોટો એડિટ કર્યા, પૂર્વ મંત્રી રાઘવજીને બદનામ કરવાનો પ્રયાસ કર્યો

ગુજરાતના પૂર્વ કૃષિ મંત્રી રાઘવજી પટેલે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. તેમને બદનામ કરવાનો કારસો રચાતા ફરિયાદ કરવામાં આવી છે. AI ટેકનિકથી ફોટો એડિટિંગ કરી તેમને બદનામ કરવામાં આવી રહ્યાં હોવાની ફરિયાદ નોંધાવાઈ છે. ગુજરાતના પૂર્વ કૃષિ મંત્રી રાઘવજી પટેલે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. તેમને બદનામ કરવાનો કારસો રચાતા ફરિયાદ કરવામાં આવી છે. AI ટેકનિકથી ફોટો એડિટિંગ કરી તેમને બદનામ કરવામાં આવી રહ્યાં હોવાની ફરિયાદ નોંધાવાઈ છે.આરોપી વિશાલ કણસાગરાએ ફોટો અને વીડિયો બનાવ્યા હતાં. તેમની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરાયો છે. સાયબર ક્રાઈમે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.રાજ્યના પૂર્વ કૃષિ મંત્રી અને જામનગર ગ્રામ્યના ધારાસભ્ય રાઘવજી પટેલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

મહીસાગરના વેલણવાડા ગામની મહિલાઓની શ્વેત ક્રાંતિ.......

## પશુપાલન થકી વાર્ષિક ૨૫ લાખની આવક મેળવતી દેરાણી-જેઠાણી

જગદીશ ત્રિવેદી | મહીસાગર

ગુજરાતની ગ્રામીણ નારી શક્તિ આજે આર્થિક રીતે સદ્ધર બની રહી છે, જેનું શ્રેષ્ઠ ઉદાહરણ મહીસાગર જિલ્લાના વેલણવાડા ગામમાં જોવા મળે છે. ગામના શિલ્પાબેન પ્રવીણભાઈ પટેલ અને તારાબેન નગીનભાઈ પટેલ નામની દેરાણી-જેઠાણીની જોડીએ પશુપાલન ક્ષેત્રે એવી સફળતા હાંસલ કરી છે કે તેમની આવક આજે કોઈ મોટી કંપનીના CEO કે કલેક્ટર કરતા પણ વધારે છે. આ મહિલાઓ માત્ર પશુપાલન દ્વારા વાર્ષિક ૨૫ લાખ રૂપિયાની મબલખ આવક મેળવીને શ્વેત ક્રાંતિના મશાલચી બન્યા છે. સંઘર્ષના દિવસોને યાદ કરતા આ મહિલાઓ જણાવે છે કે, ૩૦ વર્ષ પૂર્વે તેમણે આ વ્યવસાયની શરૂઆત માત્ર એક ગાયથી કરી હતી. શરૂઆતમાં જ્યારે તેમની પાસે માત્ર



બે ગાયો હતી, ત્યારે ઘરનું ગુજરાન ચલાવવું અને બાળકોના શિક્ષણનો ખર્ચ ઉઠાવવો અત્યંત પડકારજનક હતો. પરંતુ હિંમત હાર્યા વગર, તેમણે પશુપાલન વિભાગની વિવિધ સરકારી યોજનાઓનો લાભ લીધો અને પોતાની મહેનતના જોરે આજે ૨૭ ગાયો અને ૧૫ વાછરડીઓ સાથે એક વિશાળ અને આધુનિક તબેલાનું નિર્માણ કર્યું છે.તેમની આર્થિક સિદ્ધિઓ પણ એટલી જ પ્રભાવશાળી છે, તેઓ પંચામૃત ડેરીમાં દરરોજ ૨૮૦ લિટરથી વધુ દૂધ ભરાવે છે. દૂધના વેચાણ દ્વારા તેમને દર ૧૦ દિવસે અંદાજે ૮૦,૦૦૦ રૂપિયાનો પગાર મળે છે. આ વ્યવસાયિક સફળતાના પરિણામે તેમણે નવું પાકું મકાન બનાવ્યું છે અને બાળકોને ઉચ્ચ શિક્ષણ અપાવી સામાજિક જવાબદારીઓ પણ ખૂબ જ સારી રીતે પૂર્ણ કરી છે. તેમની દૂધની ગુણવત્તાને કારણે તેમણે તાલુકા અને જિલ્લા કક્ષાએ હરીફાઈમાં ઈનામો પણ જીત્યા છે.

કોંગ્રેસનું સંગઠન બનાવવામાં આવ્યું પણ

## બનાસકાંઠા જિલ્લામાં જીલ્લા પ્રમુખ તાલુકા શહેર પ્રમુખની નિમણૂંક ના થતાં મોટા પાયે કાર્ય કરતાઓ નિષ્ક્રિય થઇ ગયા

મહેશ સોલંકી

ગુજરાત માં લગ્ન ના ધોડા અને રેસના ધોડા બાબતે રાહુલ ગાંધીએ કેમ્પેન ચલાવી સમગ્ર ગુજરાત માં કોગ્રેસ પાર્ટી મા ધરખમ ફેરફારો કર્યા છે પ્રદેશ કોંગ્રેસ અને પ્રદેશ પ્રભારી બદલી નવા પ્રદેશ કોંગ્રેસ અને નવા પ્રદેશ પ્રભારી ની નિમણૂંક કરવામાં આવી તે સાથે નવા જીલ્લા પ્રમુખોની નિમણૂંક કરવામાં આવી સાથે જીલ્લા પ્રભારી ની દેખરેખ હેઠળ તમામ શહેર પ્રમુખ અને તાલુકા પ્રમુખ ની નવી નિમણૂંક માટે દરેક જીલ્લા માં તાલુકા અને શહેર પ્રમુખ માટે કાર્ય કરતાં ઓ ને સાંભળી નવા તાલુકા શહેર પ્રમુખ નીમણૂક કરવામાં આવી છેલ્લે નવો જીલ્લો બનેલા વાવ થરાદ જીલ્લા માં પણ શહેર તાલુકા પ્રમુખોની નિમણૂંક કરવામાં આવી છે આમ સમગ્ર ગુજરાત માં નવું સંગઠન તાલુકા શહેર જીલ્લા નું બનાવેલ પણ બનાસકાંઠા જિલ્લામાં નવા જીલ્લા પ્રમુખ નથી મળ્યા હાલમાં ગુલાબસિંહ રાજપુત વાવ થરાદ અને બનાસકાંઠા જિલ્લાના પ્રમુખ તરીકે બે જીલ્લા માં ચાર્જ સંભાળે છે સમગ્ર ગુજરાત માં જીલ્લા તાલુકા શહેર નું નવું માળખું રચાયેલ છે તો પછી બનાસકાંઠા જિલ્લામાં કેમ હજુ સુધી નવા જીલ્લા પ્રમુખ અને તાલુકા શહેર પ્રમુખ ની નિમણૂંક કરવામાં આવી નથી આથી બનાસકાંઠા જિલ્લામાં કાર્યકરો નારાજ ચાલી રહ્યા છે આગામી દિવસોમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ઓ આવી રહી છે જો આ રીતે જ ચાલશે તો કોગ્રેસ પાર્ટી બનાસકાંઠા જિલ્લામાં કેવી રીતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી મા જીત મેળવશે તે બાબતે કાર્યકરો ચિંતા મા છે ચૂંટણી જીતવા માટે સંગઠન સૌથી મોટો રોલ ભજવે છે ભાજપ પોતાના સંગઠન ને વધુ મજબૂત રીતે બનાવે છે ત્યારે કોગ્રેસ પાર્ટી ના નેતાઓ ને બનાસકાંઠા જિલ્લામાં કોઈ રસ ના હોય તે રીતે મન ફાવે તેમ પોતાના લોકોને સેટ કરવામાં રસ દાખવી રહ્યા છે હમણાં જ દલિત સમાજના લોકો પણ નારાજ ચાલી રહ્યા છે સિનિયર કાર્યકરો સાથે ઓરમાયું વર્તન કરવામાં આવે છે પાલનપુર શહેર તાલુકામાં કોગ્રેસ પાર્ટી મજબૂત છે તેનું એક ઉદાહરણ છે સંસદ સભ્ય ની ચુટણી મા કોગ્રેસ પાર્ટી ને સારી લીડ મેળવી હતી જેના કારણે કોગ્રેસ પાર્ટી ચૂંટણી મા વિજય મેળવ્યો હતો આખા ગુજરાત માં એક માત્ર સીટ કોગ્રેસ પાર્ટી જીતી હતી બનાસકાંઠા જિલ્લા આ એક માત્ર સીટ બચાવી હશે તો આગામી દિવસોમાં બનાસકાંઠા જિલ્લામાં નવા જીલ્લા પ્રમુખ ની નિમણૂંક અને તાલુકા શહેર પ્રમુખ ની નિમણૂંક કરવામાં આવશે તો ચોક્કસ સમયે સારું રિઝલ્ટ મળશે તેવું બનાસકાંઠા જિલ્લા ના કાર્યકરો નું કહેવું.

મ્યુઝિકલ અને ડાન્સ કરતા સાન્તાક્લોઝના સ્ટેચ્યુનું આકર્ષણ, જેની કિં. 500 થી 14,000 સુધી પહોંચી

# નડિયાદના બજારોમાં નાતાલ પર્વની જમાવટ ખરીદી માટે ખ્રિસ્તી બંધુઓનો ભારે ઘસારો

નડિયાદ : સમગ્ર વિશ્વમાં ઉજવાતા નાતાલના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે નડિયાદમાં તેની ભવ્ય તૈયારીઓ શરૂ થઈ ગઈ છે અને બજારમાં ૫૦થી લઈને ૧૫,૦૦૦ સુધીની કિંમતની વિવિધ ડેકોરેશન આઈટમ્સ આકર્ષણનું કેન્દ્ર બની છે.

નડિયાદ શહેરમાં નાતાલના તહેવારને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને શહેરના મુખ્ય બજારોમાં અત્યારથી જ ખરીદી માટે લોકોની ભીડ ઉમટી રહી છે. ક્રિસમસ ડેકોરેશન અને ગિફ્ટ આટકલ્સના વેચાણ માટે ઠેર-ઠેર સ્ટોલ્સ ઉભા કરવામાં આવ્યા છે. વેપારીઓના જણાવ્યા અનુસાર, આ વર્ષે નાના બાળકો અને પરિવારોમાં ક્રિસમસ ટ્રી પ્રત્યે વિશેષ આકર્ષણ જોવા મળી રહ્યું છે. બજારમાં નાના અને મોટા કદના ક્રિસમસ ટ્રીની માંગમાં વધારો થવાને કારણે વેપારમાં તેજી આવી છે. આ ટ્રીને શણગારવા માટે વપરાતી એક્સેસરીઝ જેવી કે રંગબેરંગી લાઈટ્સ, સ્ટાર, બોલ્સ અને બેલ્સનું પણ ધૂમ વેચાણ થઈ




રહ્યું છે. આ ઉપરાંત સાન્તાક્લોઝના ડ્રેસ અને બાળકો માટેના નાના લાલ-સફેદ મોજાં પણ ગ્રાહકોની પહેલી પસંદ બની રહ્યાં છે.સ્થાનિક વેપારી અબ્દુલભાઈના જણાવ્યા મુજબ, ગ્રાહકોની જરૂરિયાત અને બજેટને ધ્યાનમાં રાખીને બજારમાં ૨૦૦થી શરૂ કરીને ૧૫,૦૦૦ સુધીની કિંમતના ક્રિસમસ ટ્રી ઉપલબ્ધ છે. ખાસ કરીને આધુનિક ડિઝાઈનવાળા ટ્રી લોકો વધુ પસંદ કરી રહ્યાં છે. તહેવારમાં રોશનીનું વિશેષ મહત્વ હોવાથી બજારમાં ૧૫૦થી ૧૭૦૦ સુધીની લાઈટિંગ સિરીઝ અને ૧૦૦થી ૧૬૦૦ સુધીની કિંમતના વિવિધ પ્રકારના સ્ટાર્સ વેચાઈ રહ્યા છે. આ વર્ષે મ્યુઝિકલ અને ડાન્સ કરતા સાન્તાક્લોઝના સ્ટેચ્યુ પણ આકર્ષણ જમાવી રહ્યા છે, જેની કિંમત ૫૦૦થી શરૂ થઈને ૧૪,૦૦૦ સુધી પહોંચી છે. આ સિવાય ઘર સજાવટની નાની ચીજવસ્તુઓ ૫૦થી ૬૦૦ના સસ્તા ભાવે ઉપલબ્ધ હોવાથી દરેક વર્ગના લોકો ખરીદી કરી રહ્યાં છે. નાતાલ અને આગામી નવા વર્ષ નિમિત્તે ભેટ આપવાની પરંપરાને કારણે ગિફ્ટ શોપ્સમાં પણ પર્સ, ઘડિયાળ અને પરફ્યુમ જેવી ચીજોના વેચાણમાં નોંધપાત્ર ઉછાળો આવ્યો છે. શહેરના બજારોમાં ચારેબાજુ રોશની અને શણગાર જોવા મળતા સમગ્ર માહોલ નાતાલમય બની ગયો છે. લોકો પોતાના ઘર અને ઓફિસને શણગારવા માટે ઉત્સાહપૂર્વક ખરીદી કરી રહ્યા છે જેના કારણે સ્થાનિક વેપારીઓમાં પણ આનંદની લાગણી જોવા મળી રહી છે.

## ગેરકાયદેસર ખનીજ પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરતા કલેકટરશ્રી ગાર્ગી જૈન

કમલેશ પટેલ. સંખેડા

છોટા ઉદેપુર જિલ્લામાં ગેરકાયદેસર ખનીજ ખનન, વહન અને સંગ્રહ સામે જિલ્લા પ્રશાસન દ્વારા કડક અને સતત કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કલેકટરશ્રી ગાર્ગી જૈનના માર્ગદર્શન હેઠળ ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કચેરી દ્વારા અમલમાં મૂકવામાં આવેલી ઝીરો ટોલરન્સ નીતિના પરિણામે જિલ્લામાં કાર્યવાહી અને દંડ વસુલાતમાં નોંધપાત્ર વધારો થયો હતો.ગત વર્ષે નવેમ્બર ૨૦૨૪ અંતિત જિલ્લામાં ગેરકાયદેસર ખનન, વહન અને સંગ્રહના કુલ ૪૭૪ કેસો કરવામાં આવ્યા હતા, જેમાંથી કુલ રૂ ૬૪૪.૭૮ લાખની વસુલાત કરવામાં આવી હતી. જ્યારે કે ચાલુ વર્ષે નવેમ્બર ૨૦૨૫ અંતિત જિલ્લામાં કુલ ૯૫૩ કેસો નોંધાયા હતા અને અત્યાર સુધીમાં રૂ.૧૨૯૦.૪૪ લાખની નોંધપાત્ર વસુલાત કરવામાં આવી હતી. આ આંકડાઓ સ્પષ્ટ રીતે દર્શાવે છે કે એક વર્ષમાં કેસોની સંખ્યા તથા દંડ વસુલાત બંનેમાં બમણીથી વધુ વધારો થયો હતો.જિલ્લા પ્રશાસન દ્વારા ખાણ લીઝ, ક્વેરી અને બ્લોક્સનું નિયમિત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. ગેરરીતિ સામે તાત્કાલિક દંડકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે તેમજ ક્વેરી, બ્લોક અને સ્ટોકની માપણીની પ્રક્રિયા પણ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. ગેરકાયદેસર ખનન પર કડક નિયંત્રણ પર્યાવરણ સંરક્ષણ અને કાયદાના પાલન માટે અનિવાર્ય છે. જિલ્લા પ્રશાસન તરફથી સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે કાયદાનો ભંગ કરનાર સામે કોઈ પણ પ્રકારની છૂટછાટ નહીં અપાય અને આવનાર સમયમાં પણ ગેરકાયદેસર ખનીજ પ્રવૃત્તિ સામે આવી જ કડક કાર્યવાહી અવિરત રીતે ચાલુ રહેશે.

## ગુજરાત શેરબજાર રોકાણમાં ત્રીજા સ્થાને રોકાણકારોનો વધારો

# શેરબજારના રોકાણકારોમાં મહારાષ્ટ્ર મોખરે પણ હિસ્સો ઘટ્યો ઉત્તર પ્રદેશની આગેકૂચ



(એજન્સી) મુંબઈ | તા 22

દેશના આર્થિક પાટનગર મુંબઈ અને મહારાષ્ટ્રનું શેરબજારમાં પ્રભુત્વ લાંબા સમયથી રહ્યું છે, પરંતુ તાજેતરના આંકડાઓ એક નવા પરિવર્તન તરફ ઈશારો કરી રહ્યા છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) ના તાજા અહેવાલ મુજબ, નવેમ્બર 2025 સુધીમાં નોંધાયેલા રોકાણકારોની સંખ્યામાં મહારાષ્ટ્ર હજુ પણ દેશમાં પ્રથમ ક્રમે છે, પરંતુ રાષ્ટ્રીય સ્તરે તેના હિસ્સામાં સતત ઘટાડો નોંધાયો છે. બીજી તરફ, ઉત્તર પ્રદેશ ખૂબ જ ઝડપથી રોકાણકારોના મામલે મહારાષ્ટ્ર તરફ ડગ માંડી રહ્યું છે અને ગુજરાત પણ આ યાદીમાં મજબૂત સ્થાન જાળવી રાખવામાં સફળ રહ્યું છે.

મહારાષ્ટ્રનો દબદબો ઘટ્યો, યુપીની રફ્તાર વધી નેશનલ સ્ટોક એક્સચેન્જના અહેવાલ પ્રમાણે, વર્ષ 2020 માં રાષ્ટ્રીય રોકાણકાર પૂલમાં મહારાષ્ટ્રનો હિસ્સો 19.5 ટકા હતો, જે નવેમ્બર 2025 સુધીમાં ઘટીને 15.9 ટકા પર આવી ગયો છે. જોકે, સંખ્યાની દ્રષ્ટિએ મહારાષ્ટ્ર હજુ પણ 2.0 કરોડ નોંધાયેલા રોકાણકારો સાથે ટોચ પર બિરાજમાન છે. આશ્ચર્યજનક રીતે, ઉત્તર પ્રદેશનો હિસ્સો 2020 ના 7.7 ટકાથી વધીને નવેમ્બર 2025 માં 11.6 ટકા થયો છે. હાલમાં ઉત્તર પ્રદેશમાં 1.4 કરોડ રોકાણકારો નોંધાયા છે, જે તેને દેશનું બીજા નંબરનું સૌથી મોટું રાજ્ય બનાવે છે.

ગુજરાતીઓ પણ રોકાણના મેદાનમાં અગ્રેસર મીડિયા અહેવાલ મુજબ, શેરબજારમાં રોકાણની બાબતમાં ગુજરાતીઓનો ક્રેઝ યથાવત છે. મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ બાદ ગુજરાત આ યાદીમાં ત્રીજા ક્રમે છે. ગુજરાતમાં હાલમાં અંદાજે 1.1 કરોડ નોંધાયેલા રોકાણકારો છે. પશ્ચિમ બંગાળ 72.6 લાખ અને રાજસ્થાન 70.4 લાખ રોકાણકારો સાથે અનુક્રમે ચોથા અને પાંચમા ક્રમે છે. આ પાંચ રાજ્યો મળીને ભારતના કુલ નોંધાયેલા રોકાણકારોના 47.7 ટકા હિસ્સો ધરાવે છે, જે દર્શાવે છે કે શેરબજારમાં ભાગીદારી હજુ પણ કેટલાક ચોક્કસ પ્રદેશોમાં કેન્દ્રિત છે.

વૃદ્ધિ દરમાં જોવા મળ્યો મોટો તફાવત NSE ના અહેવાલના આંકડા મુજબ, જાન્યુઆરીથી નવેમ્બર 2025 દરમિયાન મહારાષ્ટ્રના રોકાણકાર બેઝમાં સરેરાશ માસિક વૃદ્ધિ દર 0.8 ટકા રહ્યો છે, જે ગયા વર્ષના 1.6 ટકા કરતા લગભગ અડધો છે. તેની સરખામણીમાં, ઉત્તર પ્રદેશે આ જ સમયગાળા દરમિયાન 15.8 ટકાનો જબરદસ્ત વૃદ્ધિ દર નોંધાવ્યો છે, જ્યારે મહારાષ્ટ્રનો કુલ વૃદ્ધિ દર માત્ર 9.2 ટકા જ રહ્યો છે. આ આંકડાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે ઉત્તર ભારતના રાજ્યોમાં હવે ઈક્વિટી માર્કેટ પ્રત્યે જાગૃતિ અને રોકાણનું પ્રમાણ ઝડપથી વધી રહ્યું છે.

બજારના નિષ્ણાતોનું વિશ્લેષણ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, મહારાષ્ટ્રમાં રોકાણકારોના હિસ્સામાં ઘટાડો થવાનું મુખ્ય કારણ બજારની સંતૃપ્તિ અને અન્ય ઉભરતા કેન્દ્રોમાં વધી રહેલી આર્થિક સક્રિયતા છે. ટેકનોલોજીના પ્રસાર અને મોબાઈલ ટ્રેડિંગ એપના કારણે હવે નાના શહેરો અને ગામડાઓ સુધી શેરબજાર પહોંચ્યું છે. આ વલણને કારણે આગામી વર્ષોમાં રોકાણકારોના આંકડામાં હજુ પણ મોટા ફેરફારો જોવા મળી શકે છે. હાલમાં દેશના મધ્યમ અને નીચલા વર્ગના લોકો પણ બચતના પરંપરાગત સાધનો છોડીને શેરબજાર તરફ વળ્યા હોવાનું જણાય છે.

## ભારતીય શેરબજારમાં તેજી નિફ્ટી અને સેન્સેક્સ ઉછળ્યા તેજીના શ્રીગણેશ

મુંબઈ: સતત ત્રણ સપ્તાહના ઘટાડા બાદ ભારતીય શેરબજારમાં સોમવારે તેજીના શ્રીગણેશ થયા છે. એશિયાઈ બજારોના સકારાત્મક વલણને પગલે ઘરેલું શેરબજાર મજબૂત ઉછાળા સાથે ખુલ્યું હતું. નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૨૬,૦૦૦ ની સપાટી વટાવી ૮૯ પોઈન્ટના વધારા સાથે ૨૬,૦૫૫ પર ખુલ્યો હતો, જ્યારે બીએસઈ સેન્સેક્સ પણ ૨૧૦ પોઈન્ટ ઉછળીને ૮૫,૧૩૯ ના સ્તરે પહોંચ્યો હતો. જોકે, બજારના નિષ્ણાતો માની રહ્યા છે કે અમેરિકા દ્વારા લાદવામાં આવતા સંભવિત ટેરિફની ચિંતા હજુ પણ રોકાણકારોના માનસ પર સવાર છે, જે લાંબા ગાળે દબાણ લાવી શકે છે.

વૈશ્વિક સંકેતો અને ફેડ રેટ કટની આશા બજારના જાણકાર અજય બગ્ગાના જણાવ્યા અનુસાર, અમેરિકામાં ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) ના આંકડા અપેક્ષા કરતા ઓછા આવતા બજારમાં પોઝિટિવ સેન્ટિમેન્ટ જોવા મળ્યું છે. આ નરમાઈને કારણે વર્ષ ૨૦૨૬ ની શરૂઆતમાં યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધુ ઘટાડો કરવામાં આવે તેવી આશા જાગી છે. આ ઉપરાંત, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPI) દ્વારા ગયા સપ્તાહે કરવામાં આવેલી લેવાલી અને રૂપિયામાં જોવા મળેલો સુધારો બજારને ટેકો આપી રહ્યો છે.સેક્ટરલ ઈન્ડાઈસિસમાં મજબૂતી નેશનલ સ્ટોક એક્સચેન્જ પર તમામ સેક્ટરલ ઈન્ડેક્સ લીલા નિશાનમાં ટ્રેડ થઈ રહ્યા હતા.

# News Brief

## ગુવાહાટીનું નવું અદાણી એરપોર્ટ ટર્મિનલ ઉદ્ઘાટિત એક્ટ ઈસ્ટ વિઝન સાકાર



ગુવાહાટી: વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ગુવાહાટી સ્થિત લોકપ્રિય ગોપીનાથ બોરદોલોઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર નવા સંકલિત 'ટર્મિનલ ૨' (Terminal 2) નું ભવ્ય ઉદ્ઘાટન કર્યું છે. આ પ્રોજેક્ટ ભારત સરકારના 'એક્ટ ઈસ્ટ' (Act East) વિઝન માટે એક નિર્ણાયક પગલું માનવામાં આવે છે. અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડ દ્વારા વિકસિત અને સંચાલિત આ નવું ટર્મિનલ પૂર્વોત્તર ભારતને દક્ષિણ-પૂર્વ એશિયાના બજારો સાથે જોડવા માટે મુખ્ય એવિએશન હબ તરીકે કાર્ય કરશે. અદાણી ગ્રૂપના સીએફઓ જુગેશિન્દર સિંઘે આ દિવસને પૂર્વોત્તર ભારત માટે ઐતિહાસિક ગણાવ્યો છે.૪,૦૦૦ કરોડના રોકાણથી ક્ષમતામાં અનેકગણો વધારો આ નવા ટર્મિનલના નિર્માણ માટે અદાણી ગ્રૂપ દ્વારા અંદાજે ૪,૦૦૦ કરોડ રૂપિયાનું મોટું રોકાણ કરવામાં આવ્યું છે. આ અગાઉ એરપોર્ટની વાર્ષિક પેસેન્જર હેન્ડલિંગ ક્ષમતા ૩૪ લાખ હતી, જે હવે વધીને ૧.૩૧ કરોડ થઈ ગઈ છે. નોંધનીય છે કે, અદાણી ગ્રૂપે આસામના સર્વાંગી વિકાસ માટે કરેલા ૫૦,૦૦૦ કરોડ રૂપિયાના લાંબા ગાળાના રોકાણનો આ એક મહત્વનો ભાગ છે.

## RBI ફેબ્રુઆરીમાં રેપો રેટમાં 0.25 ટકાનો ઘટાડો કરી શકે છે મધ્યમ વર્ગને મોટી રાહત

મુંબઈ: દેશમાં સતત ઘટી રહેલા ફુગાવા અને સાનુકૂળ આર્થિક સ્થિતિને જોતા ભારતીય રિઝર્વ બેંક (RBI) આગામી ફેબ્રુઆરી મહિનામાં વ્યાજદરમાં વધુ એક ઘટાડો કરીને સામાન્ય જનતાને મોટી ભેટ આપી શકે છે. યુનિયન બેંક ઓફ ઈન્ડિયા (UBI) ના તાજા અહેવાલ મુજબ, ફેબ્રુઆરી ૨૦૨૬ માં યોજાનારી મોનેટરી પોલિસી કમિટી (MPC) ની બેઠકમાં રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટ (0.25%) નો ઘટાડો થઈ શકે છે. જો આવું થશે, તો દેશનો બેન્ચમાર્ક રેપો રેટ ઘટીને ૫ ટકાના સ્તરે પહોંચી જશે, જે કોરોના કાળ પછીનું સૌથી નીચું સ્તર હોઈ શકે છે.ફુગાવાના દરમાં ઘટાડો અને 'ડોવિશ' વલણ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, રિઝર્વ બેંક હાલમાં ફુગાવાના નરમાઈ ભર્યા વલણને પ્રોત્સાહન આપી રહી છે. ખાસ કરીને જો સોનાના ભાવમાં વધારાને કારણે ફુગાવા પર પડતી ૦.૫૦ ટકા જેટલી અસરને દૂર કરવામાં આવે, તો પાયાના સ્તરે મોંઘવારીનું દબાણ ઘણું ઓછું છે. યુનિયન બેંકે નોંધ્યું છે કે આરબીઆઈના ગવર્નર અને અન્ય સભ્યોનું વલણ હવે વ્યાજદરમાં ઘટાડો કરવા તરફ વધુ ઝૂકેલું છે. આ સ્થિતિને જોતા ફેબ્રુઆરી અથવા વધુમાં વધુ એપ્રિલ ૨૦૨૬ સુધીમાં વ્યાજદરમાં આ અંતિમ કાપ જોવા મળી શકે છે.ડેટા રિવિઝન અને 'વેઈટ એન્ડ વોચ' ની સ્થિતિ જોકે, વ્યાજદરમાં ઘટાડાના સમયને લઈને થોડી અનિશ્ચિતતા પણ પ્રવર્તી રહી છે. ફેબ્રુઆરી ૨૦૨૬ માં જ સરકાર ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) અને જીડીપી (GDP) ના બેઝ વર્ષમાં સુધારો કરવાની તૈયારીમાં છે. આ નવા આંકડાઓ સામે આવ્યા બાદ એમપીસી (MPC) કદાચ થોભો અને રાહ જુઓ (Wait-and-Watch) ની નીતિ અપનાવી શકે છે, જેથી સંશોધિત ડેટાના આધારે ભાવિ વૃદ્ધિ અને ફુગાવાની સ્થિતિનું સચોટ મૂલ્યાંકન કરી શકાય.

## 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપાર બમણો કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું

નવી દિલ્હી: ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે તાજેતરમાં સંપન્ન થયેલા મુક્ત વ્યાપાર કરાર (FTA) ને માત્ર એક વ્યાપારી સમજૂતી તરીકે જોવી ભૂલભરેલી રહેશે. અગ્રણી થિંક ટેન્ક 'ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિયેટિવ' (GTRI) ના જણાવ્યા મુજબ, આ કરાર વ્યાપારમાં કોઈ તાત્કાલિક મોટો ધડાકો કરવાને બદલે બંને દેશો વચ્ચે ઊંડા સહયોગ માટે એક મજબૂત માળખું (Framework) પૂરું પાડે છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ માં દ્વિપક્ષીય વેપાર ૨.૧ અબજ ડોલરના મર્યાદિત સ્તરે હોવાથી, આ કરાર આંકડાઓ કરતા વ્યૂહાત્મક દ્રષ્ટિકોણથી વધુ મહત્વનો છે.વ્યૂહાત્મક જોડાણ અને સપ્લાય ચેઈન પર ભાર GTRI ના અહેવાલ મુજબ, આ કરારની સફળતા માત્ર ટેરિફ (જકાત) ઘટાડવા પર નહીં, પરંતુ વ્યવહારુ આર્થિક કડીઓ મજબૂત કરવા પર નિર્ભર છે. બંને દેશોએ પરસ્પર સપ્લાય ચેઈન વિકસાવવી પડશે અને શિક્ષણ, કૌશલ્ય ભાગીદારી તેમજ સેવા ક્ષેત્રના વેપારને વિસ્તારવો પડશે. ન્યુઝીલેન્ડ ડેરી અને બાગાયતી પેદાશોની નિકાસ વધારી શકે છે, જ્યારે ભારત ફાર્માસ્યુટિકલ્સ, ટેક્સટાઈલ અને આઈટી સેવાઓમાં પોતાની પકડ મજબૂત કરી શકે છે. વેપાર માટેનો મજબૂત સેતુ ન્યુઝીલેન્ડમાં વસતા ૩ લાખથી વધુ ભારતીયો, જે ત્યાંની કુલ વસ્તીના આશરે ૫ ટકા છે, તે વેપાર અને રોકાણ માટે એક શક્તિશાળી કડી સાબિત થઈ શકે છે. GTRI સૂચવે છે કે સરળ વિઝા પ્રક્રિયા, વિદ્યાર્થીઓ માટે ઝડપી માર્ગો અને ઓછા શૈક્ષણિક ખર્ચ દ્વારા સેવા ક્ષેત્રના વેપારને મોટો વેગ મળી શકે છે. સીધી ફ્લાઈટ્સની સુવિધા અને વ્યાવસાયિક લાયકાતની પરસ્પર માન્યતા આ જોડાણને વધુ ગાઢ બનાવશે.૨૦૩૦ સુધીનું લક્ષ્ય અને ભવિષ્યની રૂપરેખા સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, બંને દેશો આ FTA નો ઉપયોગ સ્થિર પ્લેટફોર્મ તરીકે કરીને ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપારને બમણો કરવાનું લક્ષ્ય રાખી શકે છે. આ માટે એગ્રીકલ્ચર, ફિનટેક, ફોરેસ્ટ્રી અને એજ્યુકેશન જેવા ક્ષેત્રોમાં વ્યાપાર કાઉન્સિલ દ્વારા સક્રિયતા વધારવી પડશે.

## આઈપીઓ માર્કેટમાં રીટેલ રોકાણકારોનો હિસ્સો વધીને ૨૫ ટકા થયો

# ભારતીય શેરબજારમાં ફંડ એકત્રીકરણનો નવો વિક્રમ ૧.૩ લાખ કરોડની કમાણી

મુંબઈ: ભારતીય મૂડી બજારમાં હાલમાં તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) ના તાજા અહેવાલ મુજબ, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬ માં (એપ્રિલ થી નવેમ્બર સુધીમાં) ૮૩ કંપનીઓએ શેરબજાર મારફતે અંદાજે ૧.૩ લાખ કરોડ રૂપિયાનું ભંડોળ એકત્ર કર્યું છે. આ આંકડો ભારતીય બજારની ગહનતા અને મોટા ઈશ્યૂઓને સફળતાપૂર્વક હેન્ડલ કરવાની ક્ષમતાને પ્રતિબિંબિત કરે છે. અનેક નામાંકિત કંપનીઓના આઈપીઓ (IPO) ને કારણે આ ભંડોળ એકત્રીકરણની પ્રક્રિયાને મોટો વેગ મળ્યો છે.ફ્રેશ ઈક્વિટી અને OFS નું સંતુલન NSE ના અહેવાલ મુજબ, એકત્ર કરાયેલા કુલ ભંડોળમાં ૪૧ ટકા હિસ્સો 'ફ્રેશ ઈક્વિટી' (નવા શેર) નો છે, જેનો ઉપયોગ કંપનીઓ દેવું ચૂકવવા અથવા નવા પ્રોજેક્ટ્સના વિસ્તરણ માટે કરશે. જ્યારે બાકીના ૫૯ ટકા ભંડોળ 'ઓફર ફોર સેલ' (OFS) દ્વારા આવ્યું છે, જેમાં કંપનીના પ્રમોટર્સ અથવા જૂના રોકાણકારોએ પોતાનો હિસ્સો નવા રોકાણકારોને વેચ્યો છે. ખાસ વાત એ છે કે, નવી લિસ્ટેડ થયેલી આ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન હવે ૧૦ લાખ કરોડ રૂપિયાને પાર કરી ગયું છે.રીટેલ રોકાણકારોની મજબૂત ભાગીદારી પ્રાઈમરી માર્કેટમાં હવે સામાન્ય નાગરિકોનો રસ સતત વધી રહ્યો છે. અહેવાલ મુજબ, આઈપીઓમાં રીટેલ રોકાણકારોની ભાગીદારી વધીને ૨૫ ટકા થઈ ગઈ છે. બીજી તરફ, ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સ (QIBs) ના હિસ્સામાં સામાન્ય ઘટાડો જોવા મળ્યો છે.

## જીડીપી વૃદ્ધિ દર 6.6 ટકા રહેવાનો અંદાજ મૂકાયો

# ભારતનો આર્થિક વિકાસ દર 2026 માં જળવાઈ રહેશે આર્થિક સ્થિરતાનો સંકેત

નવી દિલ્હી: વૈશ્વિક અર્થતંત્રમાં ચાલી રહેલી ઉથલપાથલ વચ્ચે ભારત પોતાની મજબૂત પકડ જાળવી રાખવા સજ્જ છે. માસ્ટરકાર્ડ ઈકોનોમિક ઈન્સ્ટિટ્યૂટ (MEI) ના તાજેતરના અહેવાલ મુજબ, વર્ષ 2026 માં ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકસતા મુખ્ય અર્થતંત્રોમાંનું એક બની રહેશે. મજબૂત નીતિ વિષયક નિર્ણયો, સાનુકૂળ વસ્તી વિષયક માળખું અને રોકેટ ગતિએ વધી રહેલા ડિજિટલાઈઝેશનને કારણે ભારતની આર્થિક સ્થિતિસ્થાપકતા અકબંધ રહેશે. જોકે, અર્થતંત્ર તેના લાંબા ગાળાના પ્રવાહો તરફ વળતા વિકાસના દરમાં સામાન્ય ઘટાડો જોવા મળી શકે છે.વિકાસ દર અને ફુગાવાના નવા અંદાજો MEI ના અહેવાલ અનુસાર, વર્ષ 2026 માં ભારતનો વાસ્તવિક જીડીપી (GDP) વૃદ્ધિ દર 6.6 ટકા રહેવાની ધારણા છે. વર્ષ 2025 ના 7.8 ટકાના મજબૂત વૃદ્ધિ દરની સરખામણીએ આ સામાન્ય ઘટાડો છે, પરંતુ વૈશ્વિક ધોરણો મુજબ તે હજુ પણ ઘણો ઉત્સાહજનક છે. ફુગાવાના મોરચે પણ સામાન્ય ફેરફાર જોવા મળશે. વર્ષ 2025 માં અત્યંત નીચા સ્તરે રહેલો મોંઘવારી દર 2026 માં વધીને 4.2 ટકા થવાની શક્યતા છે, જેને નિષ્ણાતો અર્થતંત્રના સામાન્યીકરણ તરીકે જોઈ રહ્યા છે. સરકારી નીતિઓ અને વ્યક્તિગત વપરાશમાં વધારો અર્થતંત્રને વેગ આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા નીતિ વિષયક નિર્ણયો સીધી અસર બતાવશે. ઈન્કમ ટેક્સમાં થયેલા સુધારા અને જીએસટી (GST) દરોના તર્કસંગતકરણથી સામાન્ય જનતાની ખરીદશક્તિમાં વધારો થશે, જે અંતે વ્યક્તિગત વપરાશને પ્રોત્સાહન આપશે. આ ઉપરાંત, ટેકનોલોજીના પ્રસારને કારણે હવે માત્ર મોટા શહેરો જ નહીં, પરંતુ ટાયર-2 અને ટાયર-3 શહેરો પણ આર્થિક વિકાસના નવા કેન્દ્રો તરીકે ઉભરી રહ્યા છે. ડિજિટલ વ્યવહારોના વધતા વ્યાપને કારણે આર્થિક પારદર્શિતા અને ગતિમાં વધારો થયો છે.વૈશ્વિક પડકારો અને ભારતની સજ્જતા ભારતના વિકાસના માર્ગમાં કેટલાક બાહ્ય અવરોધો પણ આવી શકે છે.

## નાના વેપારીઓ અને ગ્રાહકોને વ્યાજમુક્ત ધિરાણનો સીધો ફાયદો

# ભારતપે અને યસ બેંકની પે લેટર સુવિધા લોન્ચ યુપીઆઈ પેમેન્ટ હવે ઉધાર પર

નવી દિલ્હી: ભારતની અગ્રણી ફિનટેક કંપની ભારતપે (BharatPe) એ ખાનગી ક્ષેત્રની યસ બેંક (YES BANK) સાથે મળીને ડિજિટલ પેમેન્ટની દુનિયામાં એક નવો સીમાચિહ્ન પ્રસ્થાપિત કર્યો છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા સંચાલિત 'પે લેટર વિથ ભારતપે' (Pay Later with BharatPe) સેવા લોન્ચ કરવામાં આવી છે. આ સુવિધા દ્વારા હવે ગ્રાહકો અને વેપારીઓ કોઈપણ યુપીઆઈ (UPI) ક્યુઆર કોડ સ્કેન કરીને ઉધારમાં પેમેન્ટ કરી શકશે. આ પ્રોડક્ટનો મુખ્ય હેતુ ભારતના નાના શહેરો અને ગામડાઓ સુધી ધિરાણની સુવિધા પહોંચાડવાનો અને લોકોની રોજીંદી નાણાકીય જરૂરિયાતોને સરળ બનાવવાનો છે.ઝીરો પેપરવર્ક અને ૪૫ દિવસનું વ્યાજમુક્ત ધિરાણ કંપનીના સત્તાવાર નિવેદન અનુસાર, આ સેવામાં ગ્રાહકોને કોઈપણ જાતના દસ્તાવેજો કે વિલંબ વગર ત્વરિત ક્રેડિટ લિમિટ મળશે. યુઝર્સ આ લિમિટનો ઉપયોગ કરીને ઓનલાઈન શોપિંગ, રિચાર્જ અથવા કોઈપણ દુકાને ચુકવણી કરી શકશે. આ સેવાની સૌથી આકર્ષક બાબત એ છે કે ગ્રાહકોને ૪૫ દિવસ સુધી વ્યાજમુક્ત ધિરાણની સુવિધા મળશે. વપરાશ બાદ ગ્રાહકો મહિનાના અંતે પૂરેપૂરું પેમેન્ટ કરી શકે છે અથવા પોતાની અનુકૂળતા મુજબ ૩ થી ૧૨ મહિનાના સરળ હપ્તા (EMI) માં રૂપાંતરિત કરી શકે છે.નાના વેપારીઓ માટે આર્થિક સ્વાતંત્ર્ય ભારતપેના સીઈઓ નલિન નેગીએ આ લોન્ચિંગ પ્રસંગે જણાવ્યું હતું કે, "ભારતમાં હજુ પણ ધિરાણની પહોંચ ઓછી છે, ખાસ કરીને નાના વેપારીઓ માટે જેમને બેંક લોન લેવામાં મુશ્કેલી પડે છે. 'પે લેટર વિથ ભારતપે' દ્વારા અમે ગ્રાહકો અને વેપારીઓની ખર્ચ કરવાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને એક સરળ અને સ્કેલેબલ ઉકેલ આપ્યો છે." આ સેવા દ્વારા નાના દુકાનદારો પણ મોટા રોકાણ વગર પોતાનો ધંધો વધારી શકશે.

# ચાંદી ઐતિહાસિક ટોચે: MCX પર ભાવ ₹2.14 લાખને પાર, સોનામાં પણ ₹1400થી વધુનો ઉછાળો




નવી દિલ્હી: ભારતીય કોમોડિટી બજાર (MCX) માટે આજનો દિવસ ઐતિહાસિક સાબિત થયો છે, જેમાં ચાંદીના ભાવે અત્યાર સુધીના તમામ રેકોર્ડ તોડીને નવી ઓલ-ટાઈમ હાઈ સપાટી હાંસલ કરી છે. ચાંદીના ભાવમાં આવેલા તોતિંગ ઉછાળાને કારણે તે 2.14 લાખ પ્રતિ કિલોગ્રામને પાર કરી ગયું છે. ચાંદીની સાથે સોનામાં પણ જોરદાર તેજી જોવા મળી રહી છે, જેનાથી રોકાણકારોમાં ખુશીનો માહોલ છે. આજના લેટેસ્ટ આંકડા મુજબ, MCX પર ચાંદીના માર્ચ 2026ના વાયદાના ભાવમાં 6,061 નો જંગી ઉછાળો નોંધાયો હતો, જે 2.91%નો વધારો દર્શાવે છે. આ ઐતિહાસિક તેજી સાથે ચાંદીનો ભાવ 2,14,500 પ્રતિ કિલોગ્રામની નવી રેકોર્ડ સપાટીએ પહોંચી ગયો હતો.ચાંદીની ચમક સાથે સોનામાં પણ રોકાણકારોને મોટો ફાયદો થયો છે. સોનાના ફેબ્રુઆરી 2026ના વાયદાના ભાવમાં 1,429 નો ઉછાળો જોવા મળ્યો હતો. આ 1.06%ના વધારા સાથે સોનાનો ભાવ 1,35,625 પ્રતિ 10 ગ્રામની ઊંચી સપાટીએ પહોંચી ગયો હતો. બજારના જાણકારો મુજબ, વૈશ્વિક બજારોમાં અનિશ્ચિતતા, ડોલર સામે રૂપિયામાં નબળાઈ અને ઔદ્યોગિક માંગમાં વધારા જેવા પરિબળોને કારણે કિંમતી ધાતુઓના ભાવમાં આ રેકોર્ડબ્રેક તેજી જોવા મળી રહી છે.

## ઝીરો ડ્યુટી માર્કેટ એક્સેસ અને રોજગારીની તકો

# ભારત-ન્યુઝીલેન્ડ મુક્ત વ્યાપાર કરારથી નિકાસ વધશે અને નોકરીઓ મળશે



નવી દિલ્હી: ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેના મુક્ત વ્યાપાર કરાર (FTA) ની વાટાઘાટો અંતિમ તબક્કે પહોંચતા ભારત માટે આર્થિક અને વ્યૂહાત્મક લાભના દ્વાર ખૂલ્યા છે. આ ઐતિહાસિક કરાર હેઠળ ભારતીય વસ્તુઓ માટે ન્યુઝીલેન્ડના બજારમાં ઝીરો ડ્યુટી માર્કેટ એક્સેસ પ્રાપ્ત થશે, જેનાથી નિકાસમાં ધરખમ વધારો થવાની સંભાવના છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સંયુક્ત આરબ અમીરાત, ઓસ્ટ્રેલિયા અને બ્રિટન જેવા દેશો બાદ આ ભારતનો સાતમો મોટો વ્યાપાર કરાર છે. આ સંધિથી માત્ર વેપાર જ નહીં પરંતુ સેક્ટરલ ગતિશીલતા અને રોજગારીની નવી તકો પણ ઉભી થશે.

૮૦૦૦થી વધુ વસ્તુઓ પર હવે કોઈ ટેક્સ નહીં આ કરારની સૌથી મોટી ઉપલબ્ધિ એ છે કે ન્યુઝીલેન્ડે તેની ૧૦૦ ટકા ટેરિફ લાઈન્સ પર ડ્યુટી નાબૂદ કરવાની ખાતરી આપી છે. મીડિયા અહેવાલ મુજબ, કરાર અમલમાં આવતાની સાથે જ ૮,૨૮૪ વસ્તુઓ પરની આયાત જકાત શૂન્ય થઈ જશે. અત્યાર સુધી કાપડ, ચામડાની પેદાશો, ફૂટવેર, ઓટોમોબાઈલ, એન્જિનિયરિંગ સામાન અને ફાર્માસ્યુટિકલ્સ જેવી ભારતીય નિકાસ પર ૧૦ ટકા સુધીની જકાત લાગતી હતી, જે હવે નાબૂદ થશે. આનાથી આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય માલસામાનની હરીફાઈ કરવાની ક્ષમતામાં મોટો વધારો થશે.

વિદ્યાર્થીઓ અને આઈટી નિષ્ણાતો માટે ખુશીના સમાચાર ન્યુઝીલેન્ડે ભારતીય પ્રતિભાને પ્રોત્સાહન આપવા માટે ખાસ છૂટછાટો જાહેર કરી છે. ભારતીય વિદ્યાર્થીઓને હવે ન્યુઝીલેન્ડમાં અભ્યાસ દરમિયાન અઠવાડિયામાં ૨૦ કલાક કામ કરવાની છૂટ મળશે. ખાસ કરીને વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત (STEM) ગ્રેજ્યુએટ્સ માટે અભ્યાસ બાદના વર્ક વિઝાની મર્યાદા વધારીને ૩ વર્ષ અને પીએચડી ધારકો માટે ૪ વર્ષ કરવામાં આવી છે. આ ઉપરાંત, આઈટી, હેલ્થકેર અને શિક્ષણ ક્ષેત્રના ૫,૦૦૦ કુશળ ભારતીય વ્યાવસાયિકો માટે કામચલાઉ રોજગારનો માર્ગ મોકળો થયો છે. આયુષ પ્રેક્ટિશનર્સ, યોગા ટ્રેનર્સ અને શેફ માટે પણ વિઝાની વિશેષ જોગવાઈ કરવામાં આવી છે.

## મેન્યુફેક્ચરિંગ | ભારતમાં પાવર સેમિકન્ડક્ટરનું ઉત્પાદન શરૂ થશે

# ટાટા ઈલેક્ટ્રોનિક્સ અને રોહ્મ વચ્ચે ચિપ ઉત્પાદન માટે સમજૂતી ઐતિહાસિક સોદો

નવી દિલ્હી: ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ મેપ પર અંકિત કરવા માટે ટાટા જૂથની કંપની ટાટા ઈલેક્ટ્રોનિક્સ અને જાપાનની અગ્રણી કંપની રોહ્મ (ROHM) એ હાથ મિલાવ્યા છે. બંને કંપનીઓ વચ્ચે થયેલી વ્યુહાત્મક ભાગીદારી હેઠળ હવે ભારતમાં જ અત્યાધુનિક સેમિકન્ડક્ટર ચિપ્સનું ઉત્પાદન કરવામાં આવશે. આ જોડાણનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારો માટે ઉચ્ચ ગુણવત્તાની ચિપ્સ પૂરી પાડવાનો તેમજ ભારત અને જાપાન વચ્ચેના તકનીકી સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવાનો છે. આ ભાગીદારી 'મેક ઈન ઈન્ડિયા' અને 'ડિઝાઈન ઈન ઈન્ડિયા' ના સ્વપ્નને સાકાર કરવા તરફનું એક મોટું ડગલું છે.

પાવર સેમિકન્ડક્ટર માટે મજબૂત માળખું આ સમજૂતી હેઠળ, જાપાનની રોહ્મ કંપની તેની અદ્યતન ડિવાઈસ ટેકનોલોજી પ્રદાન કરશે, જ્યારે ટાટા ઈલેક્ટ્રોનિક્સ તેના એસેમ્બલી અને ટેસ્ટિંગ કૌશલ્યનો ઉપયોગ કરીને ચિપ્સ તૈયાર કરશે. બંને કંપનીઓ તેમના વેચાણ નેટવર્કનો સંયુક્ત રીતે ઉપયોગ કરીને ભારતમાં નવા ગ્રાહકો શોધશે. પ્રાથમિક તબક્કે, ટાટા ઈલેક્ટ્રોનિક્સ રોહ્મ દ્વારા ડિઝાઈન કરાયેલ ઓટોમોટિવ પાર્ટ્સ (વાહનો માટેના ઘટકો) નું એસેમ્બલી અને ટેસ્ટિંગ કરશે. આ ઘટકો ખાસ કરીને વાહનોમાં વીજળીની બચત કરવા માટે તૈયાર કરવામાં આવ્યા છે, જેનો સપ્લાય આવતા વર્ષથી શરૂ થવાની ધારણા છે.

ગુજરાત અને આસામ બનશે મેન્યુફેક્ચરિંગના કેન્દ્રો ટાટા ઈલેક્ટ્રોનિક્સ હાલમાં ગુજરાતમાં ભારતની સૌપ્રથમ વિશાળ ચિપ ઉત્પાદન ફેક્ટરી (Fab) બનાવી રહી છે. આ ઉપરાંત, આસામમાં પણ એક વિશાળ ટેસ્ટિંગ ફેસિલિટી તૈયાર કરવામાં આવી રહી છે. આ ફેક્ટરીઓ અને પ્લાન્ટ્સ મોબાઈલ ફોન, ઈલેક્ટ્રિક વાહનો (EV) અને સંરક્ષણ (Defense) જેવા વિવિધ ઉદ્યોગોની સેમિકન્ડક્ટર જરૂરિયાતોને પૂરી કરશે. મીડિયા અહેવાલ મુજબ, આ પ્રોજેક્ટ્સમાં કરાયેલું કરોડો રૂપિયાનું રોકાણ હજારો યુવાનો માટે રોજગારીની તકો ઉભી કરશે.

વૈશ્વિક સપ્લાય ચેઈનમાં ભારતનો વધતો પ્રભાવ રોહ્મના બોર્ડ મેમ્બર કાઝુહિદ ઈનોએ આ ભાગીદારી અંગે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "આ જોડાણ દ્વારા અમે ભારતમાં બનેલી પ્રોડક્ટ્સનો વ્યાપ વધારીશું અને પ્રાદેશિક સપ્લાય ચેઈન નેટવર્કને મજબૂત કરીશું. અમને વિશ્વાસ છે કે ભારતીય ગ્રાહકોની માંગને પહોંચી વળવા માટે આ શ્રેષ્ઠ માધ્યમ સાબિત થશે." બીજી તરફ, ટાટા ઈલેક્ટ્રોનિક્સના સીઈઓ રણધીર ઠાકુરે જણાવ્યું હતું કે, "આ ભાગીદારી વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈનમાં વિશ્વાસ અને સ્થિતિસ્થાપકતા લાવશે. અમે ભારતમાં સફળ સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ બનાવવા માટે પ્રતિબદ્ધ છીએ."

# અરીઠા ગામના વતની સામાજિક અગ્રણી શ્રી હસમુખભાઈ સક્સેના બોલામણા પ્રસંગે સામાજિક સ્નેહમિલન યોજાયું

નિતીન ઠાકર ચાણસ્મા



પાટણ જિલ્લાના હારીજ તાલુકાના અરીઠા ગામના વતની,પાટણ જિલ્લા કોંગ્રેસ અનુસૂચિત જાતિ વિભાગના ચેરમેનશ્રી હસમુખભાઈ સક્સેના ને ઓપરેશન કરાવેલ હતું.જેના અનુસંધાને સામાજિક અ ગ્ર ણી ઓ , યુ વા મિત્રો,સ્નેહીજનો,પરિવારજનો ને તેમના માદરે વતન અરીઠા માદરે ખાતે બોલાવીને બોલામણા સાથે સામાજિક સ્નેહમિલન યોજ્યું હતું. જે પ્રસંગે તમામ સામાજિક અગ્રણીઓ,સામાજિક યુવા બંધુઓ,વડીલો,સ્નેહીજનો,હાજર રહ્યા હતાં.તમામ હાજર મહેમાનશ્રીઓ ને ચેરમેનશ્રી દ્વારા સન્માન કરી આવકાર્ય હતાં.

સામાજિક સ્નેહમિલન કાર્યક્રમ નું બોલામણા સાથે સુંદર આયોજન કરવા બદલ તમામ મહેમાનશ્રીઓ ચેરમેન ને તેમના દીર્ઘાયુ આયુષ્ય અને સ્વાસ્થ્ય તંદુરસ્ત રહે.તેવી શુભકામનાઓ પાઠવી હતી.સન્માનીય ચેરમેનશ્રી એ હાજર તમામ સ્નેહીજનો નો આભાર વ્યક્ત કર્યો હતો..

# રાજપીપલામાં પ્રસુતિથી પીડાથી પીડીત ગાયની પ્રસુતિ માટે મુસ્લિમ યુવકે મદદ કરી

ભરત શાહ : રાજપીપલા માં એક ગાય ને પ્રસુતિ થતી ન હતી અને પ્રસવ પીડાથી ગાય પીડાતી હતી ત્યારે ગાય ને પ્રસુતિ કરાવવા માટે એક મુસ્લિમ યુવાને મદદ કરી હોવાનો કિસ્સો બહાર આવવા પામ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ વર્તમાન માં હિન્દૂ મુસ્લિમ ની વાતો કરી મુસ્લિમ વિરુદ્ધ લાગણી



ભડકાવવા ના કિસ્સા કે અફવા સાંભળવા મળે છે પરંતુ મુસ્લિમ વિરોધી વાતો કરનારા ને લપડાક સમાન એક કિસ્સો સોનીવાડ રાજપીપલા માં જોવા મળ્યો છે જેમાં એક ગાય રસ્તા વચ્ચે પ્રસુતિ ની પીડા થી કણસતી હતી પણ પ્રસુતિ થતી નહતી . ત્યારે ત્યાં જીવદયા પ્રેમી ધવલ તડવી એ ગાય ને પીડામુક્ત કરવા પ્રયાસો કર્યા દરમ્યાન જીવદયા એ હિન્દૂ , મુસ્લિમ સર્વ ધર્મ નો સિદ્ધાંત છે એ ન્યાયે ત્યાં હાજર શાબાઝ મલેક નામનો યુવાન ધવલ તડવી ની મદદે આવ્યા બંને એ ગાય ના બચ્ચા ના પગ પકડી બચ્ચા ને બહાર ખેંચી ગાય ને પ્રસુતિ પીડા થી મુક્ત કરી, આમ મુસ્લિમ હોવા છતાં શાબાઝ મલેકે જીવદયા નું ઉત્તમ દ્રષ્ટાંત પૂરું પાડ્યું જેની સૌ પ્રશંશા કરી રહયા છે .

# દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં સ્ટાર્ટઅપ ટુ સ્કેલ અપ વિષયક નાબાર્ડ આરબીઆઈસી સેમિનારનું આયોજન કરાયું

માહિતી બ્યુરો, પાલનપુર

દાંતીવાડા સરદાર કૃષિનગર કૃષિ યુનિવર્સિટી ખાતે નાબાર્ડ રૂરલ બિઝનેસ ઈન્ક્યુબેશન સેન્ટર દ્વારા "સ્ટાર્ટઅપ ટુ સ્કેલ અપ : પી. એમ.એફ.એમ.ઈ યોજનાના લિવરેજિંગ" વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનો મુખ્ય હેતુ ગ્રામિણ તથા કૃષિ આધારિત સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવાનો અને કેન્દ્ર સરકારની પી.એમ.એફ.એમ.ઈ યોજના અંગે વિસ્તૃત માહિતી પ્રદાન કરવાનો હતો.આ સેમિનાર દરમિયાન નાબાર્ડ રૂરલ બિઝનેસ ઈન્ક્યુબેશન સેન્ટર સાથે સંકળાયેલા ન્યૂ વે બાયોટેક પ્રાઈવેટ લિમિટેડ અને દાવજ લાઈવ બિયોન્ડ એલએલપી ને કુલ રૂ. ૬ લાખના સીડ ફંડિંગના ચેક આપવામાં આવ્યા હતા. ગુજરાત



એગ્રો ઈન્ડસ્ટ્રીઝ અને બનાસકાંઠા જિલ્લા બાગાયત વિભાગના અધિકારીઓ દ્વારા પી.એમ.એફ. એમ.ઈ યોજના તેમજ બાગાયત વિભાગની વિવિધ યોજનાઓ અંગે ઉપસ્થિતોને વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ દરમિયાન દાંતીવાડા સરદાર કૃષિનગર કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો. એસ.ડી.સોલંકીએ બંને સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહિત કરી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના અધિકારીઓ, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓ, જિલ્લા બાગાયત વિભાગના અધિકારીઓ, યુનિવર્સિટીની વિવિધ કોલેજોના આચાર્યો, પ્રાધ્યાપકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ અંતર્ગત જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાની ૧૨ નગર પાલિકાઓ માટે પાણી પુરવઠા અંગેનો તાલીમ કાર્યક્રમ યોજાયો



નરેન્દ્ર દવે જૂનાગઢ

પ્રાદેશિક કમિશ્નર, નગરપાલિકાઓ શ્રી ધવલ પંડ્યાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાની ૧૨ નગરપાલિકાઓ માટે વોટર સપ્લાઈની તાલીમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં નગરપાલિકાઓના ચીફ ઓફિસર, મ્યુનિસિપલ ઈજનેર, (એ.એચ.એમ.), સ્વચ્છ ભારત મિશન (અર્બન)ના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના મેનેજરે ભાગ લીધો હતો. ગુજરાત સરકારે વર્ષ 2025ને શહેરી વિકાસ વર્ષ જાહેર કર્યું છે, રાજ્ય સ્તરે તમામ વિભાગોના વડાઓ, તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનો અને પ્રાદેશિક કમિશનર, નગરપાલિકાઓના ઝોન હેઠળની તમામ નગરપાલિકાઓમાં ઈવેન્ટ અને એક્ટીવીટી માટે શહેરી વિકાસ વર્ષની ઉજવણીનું કેલેન્ડર તૈયાર કરવામાં આવ્યું છે. જે અન્વયે ''એમ્પાવરીંગ મ્યુનિસિપલ સ્ટાફ, સ્ટ્રેન્ગ્ધનિંગ અર્બન ફ્યુચર્સ'' તથા ''ટ્રેઈનિંગ ટુડે ફોર સ્માર્ટર સીટીઝ ટુમોરો''ની ટેગ લાઈન હેઠળ પ્રાદેશિક કમિશનર, ભાવનગર ઝોનની કચેરી દ્વારા અધિક કલેક્ટરશ્રી ડી.એન.સતાણીના અધ્યક્ષસ્થાને જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાની નગરપાલિકાઓના અધિકારી અને કર્મચારીઓ માટે જૂનાગઢમાં મનોરંજન સર્કિટ હાઉસ, બિલખા રોડ ખાતે પાણી પુરવઠા અંગેની તાલીમ યોજવામાં આવી. તાલીમમાં કુલ ૫૯ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય પાણી પુરવઠા સંબંધિત કર્મચારીઓ અને અધિકારીઓને નવીન તકનીકો, જાળવણી પ્રક્રિયા, પાણીની ગુણવત્તા નિયંત્રણ તેમજ આપત્તિ સમયે ઝડપી પ્રતિસાદ માટે સુસજ્જ કરવાનો છે. તાલીમ કાર્યક્રમમાં પાણી શુદ્ધિકરણ, પાઈપલાઈનની જાળવણી, લીકેજ નિયંત્રણ, પાણી બચતના ઉપાયો, ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં પુરવઠા વ્યવસ્થાની કાર્યક્ષમતા વધારવા અંગે સમજૂતિ આપવામાં આવી. તેમજ ડિજિટલ મોનિટરિંગ સિસ્ટમ, ફરિયાદ નિવારણ પ્રક્રિયા અને જનજાગૃતિ કાર્યક્રમોની મહત્વતા ઉપર પણ પ્રકાશ પાડવામાં આવ્યો. પાણી પુરવઠા અંગેની તાલીમ રાજ્ય કક્ષાના માસ્ટર ટ્રેનર અને વિસાવદર નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી પી. જે. વઘાસીયા દ્વારા આપવામાં આવી હતી.

# સરસ્વતી વિધ્યાલય રાજપીપલા, સપ્તશક્તિ સંગમ તથા રાષ્ટ્ર સેવિકા સમિતિ દ્વારા સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો



ભરત શાહ, નર્મદા : તા. ૨૨ ગુજરાત પ્રદેશ સંલગ્ન શ્રી હરસિધ્ધિ વિધ્યા નિકેતન ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી વિધ્યાલય રાજપીપલા, સપ્તશક્તિ સંગમ તથા રાષ્ટ્ર સેવિકા સમિતિ દ્વારા રાજપીપલા ખાતે ભવ્ય મહિલા સ્નેહ મિલન સમારંભ યોજવામાં આવ્યો. જેમાં મોટી સંખ્યામાં માતૃશક્તિઓ તથા કિશોરીઓ હાજર રહી. મહિલા સંમેલનના સંયોજિકા દિપીકાબેન વ્યાસ દ્વારા આમંત્રિત અતિથિઓનો પરિચય આપવામાં આવ્યો. ચૈતન્યાબેન દ્વારા કાર્યક્રમની પ્રસ્તાવના રજૂ કરવામાં આવી. જેમાં મુખ્ય વક્તા ડોક્ટર નીલાબેન ડોંગરે, મહિલા સમન્વય વડોદરા વિભાગ સંયોજિકા અને પ્રાંત ટોળી ના સદસ્યભારતના વિકાસમાં મહીલાઓની ભૂમિકા અને સ્થિતિ વિશે સરસ માહિતી આપી. જયારે સ્નેહ મિલન કાર્યક્રમના અધ્યક્ષ ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખે મહિલા તથા કિશોરીઓને સ્પર્શતા વિષય પર જાણકારી આપી. વકીલ વંદનાબેન ભટ્ટે કાયદાકીય માહિતી અંગે ચર્ચા કરી.

# રક્ષા શક્તિ સ્કૂલ, જીરા (ગીર પૂર્વ), અમરેલી ખાતે ગ્રેનેડિયર રેજીમેન્ટના નિવૃત્ત આર્મીમેન શ્રી ભાવેશભાઈ મકવાણા સાથે નેશનલ પ્રેસ એસોસિયેશન સૌરાષ્ટ્ર ઝોન આઈ.ટી.સેલ.ના પ્રમુખ પત્રકાર હસમુખભાઈ શિયાળ દ્વારા મુલાકાત

કિશોર આર. સોલંકી |જાફરાબાદ

રક્ષા શક્તિ સ્કૂલ, જીરા (ગીર પૂર્વ), અમરેલી ખાતે આજે એક અત્યંત ગૌરવભર્યો, ભાવનાત્મક અને રાષ્ટ્રપ્રેમથી ઓતપ્રોત દિવસ ઉજવાયો. દેશસેવામાં જીવન અર્પણ કરનાર મકવાણા ભાવેશભાઈ, ગ્રેનેડિયર રેજીમેન્ટના નિવૃત્ત સિપાઈ, ખાસ કરીને રક્ષા શક્તિના વિદ્યાર્થીઓને મળવા માટે શાળામાં પધાર્યા હતા. તેમનું આગમન માત્ર એક મુલાકાત નહીં પરંતુ દેશભક્તિ, શિસ્ત અને બલિદાનના જીવંત પાઠ સમાન હતું.સૈનિક જીવન દરમિયાન કશ્મીર જેવા સંવેદનશીલ અને પડકારજનક વિસ્તારમાં અનેક જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવનાર ભાવેશભાઈનું જીવન સ્વયંમાં જ એક પ્રેરણાસ્રોત છે. સરહદ પર ઉભા રહી દેશની રક્ષા કરનાર આવા વીર જવાનને સામે જોઈને વિદ્યાર્થીઓના હૃદયમાં દેશપ્રેમની લાગણી વધુ મજબૂત બની.કાર્યક્રમની શરૂઆત પરંપરાગત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી. દીપ પ્રાગટ્યના ક્ષણે એવું લાગ્યું કે જાણે ભારતમાતાની સેવાના



સંકલ્પની જ્યોત સમગ્ર શાળા પરિસરમાં પ્રજ્વલિત થઈ ગઈ હોય. આ ક્ષણ વિદ્યાર્થીઓ માટે આસ્થાનો, સંસ્કારનો અને રાષ્ટ્રપ્રેમનો સંદેશ લઈને આવી.સવારની પ્રાર્થનામાં પણ ભાવેશભાઈએ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે હાજરી આપી. એક સૈનિક જ્યારે પ્રાર્થનામાં જોડાય છે ત્યારે શિસ્ત, સમર્પણ અને સંયમનો જીવંત દાખલો સૌ સામે આવે છે. આ પ્રાર્થના વિદ્યાર્થીઓના મનમાં લાંબા સમય સુધી અંકિત રહી જશે. શાળામાં અગાઉ યોજાયેલી ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાના પરિણામો માનનીય સાહેબના હસ્તે વિદ્યાર્થીઓને એનાયત કરવામાં આવ્યા. જ્યારે દેશસેવામાં જીવન પસાર કરનાર સૈનિકના હાથે પુરસ્કાર મળે ત્યારે તેની કિંમત અનેક ગણો વધી જાય છે. વિદ્યાર્થીઓના ચહેરા પર ગૌરવ અને આત્મવિશ્વાસની ઝલક સ્પષ્ટ દેખાતી હતી. ત્યારબાદ શાળાના આચાર્યશ્રી અને સ્ટાફ દ્વારા ગ્રેનેડિયર રેજીમેન્ટના નિવૃત્ત આર્મીમેન શ્રી ભાવેશભાઈ મકવાણા અને પત્રકાર અને નેશનલ પ્રેસ એસોસિયેશન સૌરાષ્ટ્ર ઝોન આઈ ટી સેલ પ્રમુખશ્રી હસમુખભાઈ શિયાળનું હાર્દિક સ્વાગત અને સન્માન કર્યું.

# નાગરિકોની રજૂઆતો-ફરિયાદોના ઓનલાઈન નિવારણનો ડિસેમ્બર મહિનાનો રાજ્ય સ્વાગત તા. 24મી ડિસેમ્બર, બુધવારે યોજાશે

ગાંધીનગર: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં દર મહિને યોજવામાં આવતાં રાજ્ય સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત ડિસેમ્બર-2025નો રાજ્ય સ્વાગત બુધવાર તા.24 ડિસેમ્બરે યોજવામાં આવશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ 2003થી શરૂ થયેલા સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરુવારે રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે. ડિસેમ્બર મહિનાના ચોથા ગુરુવાર તા. 25 ડિસેમ્બરે નાતાલની જાહેર રજાને અનુલક્ષીને ડિસેમ્બર-2025નો રાજ્ય સ્વાગત આ વખતે બુધવાર, તા. 24 ડિસેમ્બરે યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.નાગરિકો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો બુધવાર, તા. 24મી ડિસેમ્બરેના રોજ સવારે 8-00 થી 11-00 દરમિયાન મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-2, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે. મુખ્યમંત્રીશ્રી બુધવારે બપોર બાદ આ રાજ્ય સ્વાગતમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને નાગરિકોની આવેલી રજૂઆતો સાંભળશે.

# ગુણા ગામે સોલર લાઈટ અન્ય જગ્યાએ લગાવતા ગ્રામજનોમાં રોષ

દિપક રાવલ | દાહોદ

પ્રાપ્ત વિગતે મળતી માહિતી અનુસાર દેવગઢ બારીયા ના ગુણા ગ્રામ પંચાયત ખાતે યોજાયેલ મિટિંગમાં લોક માંગને લઈને જાહેર જનતાના હવાતાર્થે ફાળવેલ સોલર લાઈટ રાજકીય લાગવગ ધરાવતા વ્યકિના ઘરે લગાવતા ગ્રામ જનોમા એક છૂપો આક્રોસ જોવા મળ્યો હતો. ગ્રામ પંચાયત ના તલાટી સાહેબને ફોનેક જાણ કરતા જણાવાયું હતું કે આ લાઈટો તાલુકા કક્ષાની ગ્રાન્ટમાંથી ખરીદી છે અને તે સાર્વજનિક જગ્યાએ લગાવવાની હતી પરંતુ અહીં કંઈક અલગ જોવા મળ્યું હતું. ગ્રામ જનો જણાવી રહ્યા છે કે આ લાઈટો જાહેર જનતા ની જગ્યાએ નથી લાગી પણ રાજકીય લાગવગ ધરાવતા લોકોના ઘરે લગાવામાં આવી છે આ વાતને લઈને ગ્રામ જનોમા એક છૂપો આક્રોસ જોવા મળ્યો હતો. લોકોએ વધુમાં ઉમેર્યું હતું કે અમોને જણાવેલ જગ્યાએ લાઈટ નહીં લાગેતો આવનાર સમયે અમે ગાંધી ચિંધ્યા માર્ગે લડીશુ તેવી ચીમકી પણ ઉચ્ચરી હતી.

# નખત્રાણા દરજી યુવક મંડળની રચના કરાઈ



મહેશ એલ. સોની નખત્રાણા

નખત્રાણા નગર મધ્યે શ્રી દરજી યુવક મંડળની નવી કારોબારીની રચના કરવામાં આવી હતી જેની અંદર દરજી સમાજ સર્વે વડીલો ભાઈઓ તેમજ સમાજ આગેવાન હાજર રહ્યા હતા નવી કારોબારી મંડળની રચનામાં પ્રમુખ તરીકે કિશોર નારણભાઈ ગોહિલ,ઉપપ્રમુખ દ્રશ્ય નીતિનભાઈ મોઢ,ઉપપ્રમુખ હરેશભાઈ જેઠાલાલ મોઢ, મંત્રી ઉમંગ નરેન્દ્રભાઈ મોઢ સહમંત્રી દિપુલ અરવિંદભાઈ સોલંકી ખજાનચી મનીષભાઈ વા લ જી ભા ઈ પરમાર,સહખજાનચી જીગર દિનેશભાઈ સોલંકી તેમજ ભવ્ય નીતિનભાઈ મોઢ,આશિષ ભરતભાઈ મોઢ,નીરવ ચંદુલાલ ગોહિલ,હર્ષદ દાયાલાલ સોલંકી જેવો ને કારોબારી સભ્યો તરીકે સર્વાનુમતે નિમણુક કરવા આવ્યા હતા નવી કારોબારીની રચનાની સૌ એ હર્ષ ઉલ્લાસ ની લાગણી વ્યક્ત કરાઈ હતી તેમજ સર્વે મંડળના હોદ્દેદારોને શુભેચ્છાઓ અપાઈ હતી તેવુ પ્રમુખશ્રી કિશોર નારણભાઈ ગોહિલ એ હર્ષની લાગણી વ્યક્ત કરતા જણાવ્યુ હતુ.

# ભવન્સકૉલેજડાકોરમાંભવાઈની પ્રસ્તુતિ અંગેનો કાર્યક્રમ યોજાયો



અશેષ વ્યાસ | ખેડા

ભારતીય વિદ્યાભવન, ડાકોર કેન્દ્ર દ્વારા સંચાલિત ભારતીય વિદ્યાભવન્સ શ્રી ઈશ્વરલાલ એલ. પી.આર્ટસ - સાયન્સ એન્ડ જે.શાહ કોમર્સ કૉલેજ, ડાકોરના સ્નાતક અને અનુસ્નાતક ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે. 'ભવાઈ 'પ્રસ્તુતિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સમૂહમાં પ્રાર્થના બાદ,કુમકુમ અને અક્ષતથી તિલક અને ફૂલથી કલાકારો અને મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું.સ્વાગત બાદ ગાંધીનગર પાસેના રૂપાલ ગામના ભવૈયાઓ રંગમંચના કલાકારો દ્વારા ભવાઈની સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી હતી. એમના મુખ્ય નાયક સતીશભાઈ દૂધરેજિયાએ ભવાઈનું સ્વરુપ, વેશ,લોકગીત,માતાજીનો ગરબો સગડીઓ,ભૂંગળ વગેરે વિશે સચોટ સમજૂતી પોતાના વક્તવ્યમાં રજૂ કરી.ત્યારબાદ 'મહિયરની ચુંદડી નામના નાટક ને ભવાઈમાં પ્રસ્તુત કર્યું.ભવાઈ આજના સમયમાં વિસરાઈ જતું સાહિત્ય સ્વરૂપ છે, જેને જાળવી રાખવાનો પ્રયાસ સતીશભાઈ દૂધરેજિયા અને તેમના સાથી રંગમંચ કલાકારો કરી રહ્યા છે. આ કાર્યક્રમમાં કૉલેજના માનદમંત્રીશ્રી નિકિતાબેન ગાંધી, કા.આચાર્ય શ્રી ટી.આર. ત્રિવેદી,IQAC ના સંયોજક ડૉ.સહજભાઈ ગાંધી, આર્ટ્સ વિભાગના કો - ઓર્ડીનેટર ડૉ.એ.કે. ચૌધરી,અધ્યાપકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં.આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન સ્નાતક ગુજરાતી વિભાગના અધ્યક્ષા ડૉ.શીતલબેન માછીએ અને આભારવિધિ અનુસ્નાતક ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રા. રશ્મિકા સોલંકીએ કરી હતી. સહ સંયોજક તરીકે ગુજરાતી વિષયના અધ્યાપિકા પ્રા.આરતીબેન ઉપાધ્યાય અને ડૉ.રાજેશ્વરીકુમારી ઠાકોરે કામગીરી કરી હતી.

## ગુજરાતના મત્સ્યોદ્યોગના વિકાસની સંભાવના અંગે રાષ્ટ્રીય કક્ષાનો સેમિનાર

કિશોર આર. સોલંકી | જાફરાબાદ : ભારતીય અર્થતંત્રમાં મત્સ્યોદ્યોગ મહત્વનો ભાગ છે. આ ક્ષેત્રનો વિકાસ કઈ રીતે કરીને દેશની જીડીપીમાં તેનો હિસ્સો વધારી શકાય તેનું મનોમંથન કરવા સોમનાથના સાગરદર્શન અતિથિગૃહમાં યોજાયેલા સેમિનારમાં ગુજરાતના મત્સ્યોદ્યોગ ક્ષેત્રની સંપૂર્ણ સંભાવનાના ઉપયોગ બાબતે રાજયના કૃષિમંત્રી ની ઉપસ્થિતિમાં ગહન ચિંતન થયું હતું.જુદાં જુદાં વક્તાઓએ એક્વાકલ્ચર ક્ષેત્રે ટેકનોલોજી, તાલીમ અને માર્કેટ બાબતે મંથન કર્યું. મત્સ્યોદ્યોગ મંત્રીએ સેમિનારમાં, જણાવ્યું હતું કે આપણી પાસે ઉતમ પ્રકારની માછલીઓ અને ઝીંગા છે. મત્સ્ય ઉત્પાદનમાં જૂની પરંપરામાંથી બહાર નીકળી મૂલ્યવર્ધન સાથે આગળ વધવું જોઈએ. ગુજરાત રાજય ઈન્સ્ટિટયુશન ફોર ટ્રાન્ફોર્મેશનના સીઈઓએ જણાવ્યું હતું કે માછીમારી પધ્ધતિઓ, મૂલ્યવર્ધન, કોલ્ડ ચેઈન વ્યવસ્થા, પ્રોસેસિંગ અને નિકાસની બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી બન્યું છે. જેવી રીતે ડેરી કલ્ચર, હોર્ટીકલ્ચરક્ષેત્રે વિકાસ થયો એવી જ રીતે એકવાકલ્ચરમાં અનેક સંભાવનાઓ પડેલી છે. મત્સ્યોદ્યોગ સચિવ ટેકનોલોજી, તાલીમ અને બજારનું યોગ્ય જોડાણનો સમન્વય કરવાથી માછીમાર સમુદાયની આવકમાં નોંધપાત્ર આવક થઈ શકે.

# રાજકીય ઈચ્છા શક્તિ

વર્તમાન સમયમાં રાજકારણીઓ માટે બાંગ્લાદેશ અને પાકિસ્તાન નો મુદ્દો "રાજકારણ" માં ચેસ ની રમત ના પ્યાદા કેમ બન્યા? વિચારવા જેવું છે. પશ્ચિમ બંગાળ ની ચૂંટણી નજીક આવતા "અમી બાંગલા" ના ગુંજ ન્યૂઝ ચેનલો પર સંભળાવવા ના શરૂ થઈ ગયા છે. ભારત ની આઝાદી પહેલા હાર્ટ ગણાતા પશ્ચિમ બંગાળ ની દુર્દશા જોતા લાગે છે કે જે સ્ટેટ માં સુભાષ ચંદ્ર બોઝ,રવિન્દ્ર નાથ ટાગોર વગેરે જેવા મહાનુભાવ નું અવતરણ થયું છે એ ભૂમિ ને લેફ્ટ અને ટીએમસી ની રાજનીતિ એ ગુલામ બનાવી દીધી છે.જનતાની કરુણતા તો જુવો શાસક ના ગુંડા તત્વો ના ભય ને લીધે મીડિયા રિપોર્ટર ને પોતાનો ઓપિનીયન આપતા પણ લોકો ડરે છે. ચૂંટણી સમયે બે સિગારેટ,રૂપિયા,દારૂ ની કોથળી અને માછલી મળતા પશ્ચિમ બંગાળ નો વોટર ખરીદાય જાય છે. જ્યાં વોટર ને એના ભવિષ્ય ની ન પડી હોય એ સ્ટેટ માં રહેતા લોકોની સ્થિતિ દયનીય હોય એના માટે રાજનેતા કરતા વધારે જનતા જવાબદાર છે. ૧૯૫૦ પહેલા ના સમય ના દાયકા માં જે પશ્ચિમ બંગાળ ની પૃષ્ઠ ભૂમિ ની હતી એ આજે પણ એવી ને એવી છે.ત્યાં નાનકડો સરખો પણ વિકાસ ૨૦૨૫ ની સાલ માં પણ થયો નથી. ઉદ્યોગ ધંધા ને વિકસવા દીધા નથી એટલે લોકો પાસે રોજગારી નથી. ભણેલા ગણેલા લોકો માટે વતન માં રહેવું શક્ય નથી એટલે બીજા સ્ટેટ કે દેશ માં સ્થળાંતર કરી ને સ્થાયી થયા છે. જે સ્ટેટ માં લોકો ની સામૂહિક ઈચ્છા બદલાવ લાવવા ની ના હોય એ સ્ટેટ નો વિકાસ થવો અશક્ય છે. આઝાદી બાદ ભારત એ પાકિસ્તાન ને લાખો રૂપિયા દાન કર્યા બાદ ભારત એ આર્થિક રીતે ખૂબ જ નબળો દેશ બની ગયો હતો. પાકિસ્તાન થી આવેલ શરણાર્થીઓ ની સંખ્યા વધારે હતી એટલે એને સ્થાયી કરવા માટે એ વખત ની સરકાર "ભારત ના સર્વાંગી વિકાસ" શબ્દ માટે મજબૂર હશે પરંતુ આ બાદ રાજકારણીઓ નું રાજનીતિ નું મુખ્ય હથિયાર "ગરીબી" બની ગયો હતો."ગરીબી દૂર કરો" ના નારા તો દસકાઓ સુધી ખૂબ ગૂંજ્યા પણ વોટ બેંક ની રાજનીતિ એ ગરીબો ની માનસિકતા ગરીબ બનાવી દીધી છે.વરસો ના વરસ એક ની એક પાર્ટી ના શાસન એ "ગરીબો" ને વધારે ને વધારે ગરીબ બનાવવા માટે સતા ના અધિકાર નો પૂરેપૂરો ઉપયોગ કર્યો હતો, કેવી રીતે? "ટ્રાફિક સિગ્નલ" મૂવી જોશો તો સમજાય જશે. ભારત ના ઈતિહાસ માં શ્રીમતિ ઈન્દિરા ગાંધી એ એવા વડાપ્રધાન હતા કે જેમણે આર્થિક સ્થિતિ સુધરવા ના સફળ પ્રયત્ન કર્યો હતા.વિદેશ થી આયાત અનાજ પર નિર્ભર દેશ ને ઈન્દિરા ગાંધી એ "હરિયાળી ક્રાંતિ" અંતર્ગત જમીનદાર પ્રથા નાબૂદ કરીને ભારત ને નિકાસ કરતો દેશ બનાવ્યો હતો.મોટાભાગ ની ડેરી પ્રોડક્ટ માટે ભારત એ વિદેશ પર આધારિત હતું પરંતુ શ્વેત ક્રાંતિ લાવી ને ડેરી ઉદ્યોગ ને પ્રોત્સાહન આપ્યું જેથી ભારત ડેરી પ્રોડક્ટ ના મામલે સ્વલંબી બને.શ્રીમતી ઈન્દિરા ગાંધી એ સતા પર રહીને "ભારત ગરીબ દેશ" ની છાપ હાસ્યા પરથી ભૂંસવા નો ખૂબ પ્રયત્ન કર્યો હતો. ભારત ના રાજકારણ માં શ્રીમતિ ઈન્દિરા ગાંધી કદાચ એજ જ એવા નેતા છે કે જેને ચૂંટણી લડવા માટે હિન્દુ મુસ્લિમ કે રાજકારણી નુસ્ખા અપનાવવા પડ્યા નથી. ભારત ની જનતા એ જ્યાં સુધી એ જીવ્યા ત્યાં સુધી એને ફૂલ બહુમતી થી જીતાડ્યા હતા.હરિયાળી ક્રાંતિ અને શ્વેત ક્રાંતિ બાદ એનો અન્ન સુરક્ષા નો કાર્યક્રમ એ સફળ બન્યો હતો.કોંગ્રેસ પાર્ટી માં ઈન્દિરા ગાંધીની જેવા બુદ્ધિશાળી વિચારસરણી ધરાવતા નેતા ની મોટી ખોટ પડી ગઈ છે એના જેવી નકલ કરવામાં અને લાગવા બન્ને વચ્ચે જમીન આસમાન નો ફર્ક છે.

ઉની ઉની લુ ની મહી નાતા તા વા વા વંટોળિયા,

અમે ગાડા માં બેસી ને જાતા તા વા વા વંટોળિયા..૧૯૪૭ થી લઈને ૧૯૯૦ સુધી ના સમય ગાળા દરમિયાન ગુજરાત ના રોડ રસ્તા થી લઈને પબ્લિક ફેસિલિટી વિશે અભ્યાસ કરશો તો સમજાશે કે કવિ શ્રી જગદીપ વિરાણી એ "વા વા વંટોળિયા.." કાવ્ય ખુદ અનુભવ્યું હશે ત્યારે તો લખ્યું હશે. આ સમય ના ગામડાઓ ની દશા એવી હતી કે મોટાભાગ ના ગામડાઓ ના રસ્તા કાચા હતા



- રુપાલી દવે

એટલે ચોમાસા ની ઋતુ માં રસ્તા પાણી માં ગરકાવ થઈ જતા હતા.૧૯૫૦ પહેલાના સમયગાળા થી લઈને ૧૯૯૦ ના દાયકાઓ દરમિયાન ગામડા ના કાચા રસ્તા એટલે કે ગાડા રસ્તા હતા જેના પર બળદ જ ચાલી શકે વાહન માટે સડસડાટ દોડવું ભાગવું અઘરું હતું. સાચી તો વાત છે આમપણ શહેરની સુખ સમૃદ્ધિ એ ગામડાઓ પર નિર્ભર છે.જો આધુનિક ટેક્નોલોજી અને ટ્રાન્સપોર્ટેશનની સુવિધાઓ ગામડાઓ ને પૂરેપૂરી મળે રહેતી હોય તો ગામડાઓ સો ટકા સમૃદ્ધ બને છે. ૨૦૧૪ મા ભારત ના વડાપ્રધાન પદ પર મો દી જી આવ્યા ત્યાર થી એના ધ્યેય "સમૃધ્ધ ગામડાઓને" રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે વિભાગ સાંભળતા મંત્રી નીતિન ગડકરીજીની મહેનત અને અથાગ પ્રયાસ એ ભરપુર સહકાર આપ્યો છે.



મોસાળ માં જમણ ને માં પીરસનાર આ કહેવત નું અર્થઘટન કરો ને તો એટલું સમજાશે કે મામા ના ઘરે આમપણ ભાણા ને મજાની મજા જ હોય છે પણ મામા ના ઘરે મા ભોજન પીરસતી હોય સમજો આનંદ.. આનંદ.આ કહેવત "ગુજરાત" ને માટે મોદીજી ના લીધે બંધ બેસે છે. મહારાષ્ટ્ર અને ગુજરાત એક હતા ત્યારે પણ ગુજરાત સાથે ખાસ પ્રોજેક્ટ જે ખાસ જરૂરી હતો એ સાવકું વલણ રાખવા માં આવતું હતું એટલે પછાત હતું. ગુજરાત સાથે જે તે સમય ના રાજકારણ ના ઓરમાયા વર્તન ને લીધે ગાંધી અને સરદાર નું મૂળ વતન ગણતા ગુજરાત નો વિકાસ અન્ય સ્ટેટ કરતા ઘણો પાછળ હતો. ગુજરાત ની કમાન મોદીજી એ મુખ્ય મંત્રી પદ પર રહીને સંભાળી એ બાદ ગુજરાત નો સર્વાંગી વિકાસ થયો છે.ગામડાઓ થી લઈને શહેર અને દરિયાઈ પટ્ટી થી લઈને એર પોર્ટ બધેય આધુનિક ગુજરાત ની ઝલક અચૂક દેખાશે. મુખ્ય મંત્રી પદ છોડીને મોદીજી દેશના વડાપ્રધાન બન્યા ત્યારે અમુક પણ પૂર ગતિ થી દોડવા લાગ્યા છે. ટ્રાન્સપોર્ટેશન એ વ્યાપારીકરણ એ ગામડા ની સમૃદ્ધિ નો મજબુત પાયો છે ગુજરાતનો ખેડૂત એ ખેત ઉત્પાદન ના મામલે તો યુગો થી જ આગળ છે એટલે તો પ્રાચીન સમય ગાળામાં દેશ વિદેશ થી વેપારીઓ સુરત બંદરે આવતા હતા. સમયની થપાટો અને નબળાં રાજકારણ ની ઈચ્છા શક્તિ માં ખેડૂતો ના મૂલ્ય નું અવમૂલ્યન થતા નિરાશા થવી સામાન્ય છે. મોદીજી એ સતા ની કમાન સંભળાતા જ ધૂળિયું અને અગવડતા થી ભરપુર ગુજરાત ની સકલ સુરત બદલી નાખી છે ઘરે ઘરે "ગાડા" અને હળ ની જગ્યા એ ખેતી ની આધુનિક ટેકનીક અને ટ્રેકટરો આવી ગયા. રોડ રસ્તા નું કામ તો એવું બન્યું ને કે નાના નાના ગામડાઓ ના પાદર સુધી પાકા રસ્તા પહોંચી ગયા છે.અત્યારે વિકાસ ની ગતિ માં પછાત રહી ગયેલ સ્ટેટ માટે રાત દિવસ મહેનત કરી રહ્યા છે,કેમ? વડા પ્રધાન મોદીજી નું મુખ્ય લક્ષ્ય વિકાસશીલ ભારત ને વિશ્વ પટલ પર અગ્રેસર લાવવાનું છે.

કોઈપણ રાજ્ય કે દેશ ને પ્રગતિશીલ બનાવવું હશે તો રાજકીય ઈચ્છા શક્તિ પ્રબળ હોવી જરૂરી છે.એવું નથી કે ભારત ના બધા સ્ટેટ માં બીજેપી ની સરકાર છે ને બીજેપી ની સરકાર જે સ્ટેટ માં છે એણે જ પ્રગતિ કરી છે.સાઉથ ના એકપણ સ્ટેટ માં બીજેપી ની સરકાર નથી છતાંય આર્થિક દૃષ્ટિ એ સમૃદ્ધ અને પ્રગતિશીલ શહેરો ની રેસમાં હૈદરાબાદ,બેંગલુરુ અને ચેન્નાઈ ટોપ માં સ્થાન ધરાવે છે.



# નિધિ અગ્રવાલ બાદ સામંથા રૂથ પ્રભુ સાથે પણ ટોળાનું ગેરવર્તન

## સાડી ખેંચાઈ, ચોતરફથી ફેન્સની ટીકા

દક્ષિણ ભારત અને હિન્દી ફિલ્મોની જાણીતી અભિનેત્રી સામંથા રૂથ પ્રભુ તાજેતરમાં એક ઈવેન્ટમાં ધક્કામુક્કીનો ભોગ બની હતી. હૈદરાબાદમાં એક શોરૂમના ઉદ્ઘાટન પ્રસંગે ઉમટેલી બેકાબૂ ભીડે સામંથાને ઘેરી લેતા અભિનેત્રીની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. થોડા દિવસો પહેલા અભિનેત્રી નિધિ અગ્રવાલ સાથે પણ આવી જ ઘટના બની હતી, જેના કારણે હવે ફેન્સના વર્તનની ચોતરફી ટીકા થઈ રહી છે. અહેવાલો અનુસાર, રવિવારે (21મી ડિસેમ્બર) સામંથા રૂથ પ્રભુ હૈદરાબાદમાં એક સાડી શોરૂમના લોન્ચિંગ ઈવેન્ટમાં પહોંચી હતી. સામંથાની એક ઝલક મેળવવા માટે તેના હજારો ફેન્સ ઉમટી પડ્યા હતા. જ્યારે સામંથા શોરૂમની બહાર નીકળી, ત્યારે ભીડે તમામ મર્યાદાઓ ઓળંગી દીધી હતી. ભીડમાં ફસાયેલી સામંથા સુરક્ષિત રીતે કાર સુધી પહોંચવા માટે સંઘર્ષ કરતી જોવા મળી હતી. આ ખેંચતાણમાં તેની સાડી પણ ખેંચાઈ હતી અને તે ઘણી વખત લથડી પડી હતી. અભિનેત્રીના બોડીગાર્ડ્સે માનવ સાંકળ બનાવીને જેમ-તેમ કરીને સામંથાને કારમાં બેસાડી હતી. આ ઘટનાના વીડિયો સોશિલ મીડિયા પર વાઈરલ થતા જ યુઝર્સ આકરા પ્રહાર કરી રહ્યા છે.



## કહ્યું- નશામાં ધૂત વ્યક્તિએ ટક્કર મારી

# ‘જીવિત છું...’, અકસ્માત બાદ નોરા ફતેહીએ વર્ણવી આપવીતી

બોલિવૂડની ફેમસ એક્ટ્રેસ અને ડાન્સર નોરા ફતેહી વિશે એક માઠા સમાચાર મળી રહ્યા છે. 20 ડિસેમ્બરના રોજ નોરા એક ભયાનક માર્ગ અકસ્માતનો ભોગ બની હતી. એક શખ્સે નશાની હાલતમાં પૂરઝડપે પોતાની કાર ચલાવી નોરાની કારને જોરદાર ટક્કર મારતા આ દુર્ઘટના સર્જાઈ હતી.

અકસ્માત બાદ નોરાને તાત્કાલિક તેની ટીમ દ્વારા હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. સદનસીબે એક્ટ્રેસને કોઈ મોટી જાનહાનિ થઈ નથી, પરંતુ તેને માથાના ભાગે અને શરીરે ઈજાઓ પહોંચી છે. નોરાએ પોતે સોશિયલ મીડિયા પર આ ભયાનક અનુભવ શેર કરતા જણાવ્યું કે, ‘ટક્કર એટલી જોરદાર હતી કે હું કારમાં ફંગોળાઈ ગઈ હતી અને મારું માથું બારીના કાચ સાથે અથડાયું હતું. મને સોજો અને સામાન્ય ઈજાઓ થઈ છે, પરંતુ હું જીવતી છું અને હવે ખતરાની બહાર છું.’

નોરાએ આશ્ચર્ય વ્યક્ત કરતા કહ્યું કે, ‘,મને વિશ્વાસ નથી આવતો કે 2025માં પણ લોકો બપોરે 3 વાગ્યે દારૂ પીને ગાડી ચલાવે છે અને બીજાનો જીવ જોખમમાં મૂકે છે. પોલીસના જણાવ્યા અનુસાર, ટક્કર મારનાર શખ્સ નશાની હાલતમાં હતો અને તેની વિરુદ્ધ કાયદેસરનો ગુનો દાખલ કરી દેવામાં આવ્યો છે.

**ભયાનક હતી ટક્કર, માથું કાચ સાથે અથડાયું**

### એક્ટ્રેસે ફેન્સને કરી ખાસ અપીલ

પોતાની હેલ્થ અપડેટ આપતા નોરાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેણે કહ્યું કે, ‘હું દારૂ કે ડ્રગ્સ જેવી વસ્તુઓથી હંમેશા દૂર રહું છું અને તેને ક્યારેય પ્રોત્સાહન આપતી નથી. મહેરબાની કરીને ડ્રિંક એન્ડ ડ્રાઈવ ન કરો. આ અકસ્માત ઘણો ગંભીર બની શક્યો હોત, પરંતુ ભગવાનની દયાથી હું બચી ગઈ છું.’

નોરા ફતેહીના આ સમાચાર સાંભળીને તેના ચાહકો આઘાતમાં છે. સોશિયલ મીડિયા પર ફેન્સ તેના ઝડપી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી રહ્યા છે. હાલમાં એક્ટ્રેસ રિકવરી મોડ પર છે અને ખતરાની બહાર હોવાનું જણાવાયું છે.





# બોક્સ ઓફિસ કલેક્શનમાં ‘ધુરંધર’ ટોપ 10 ભારતીય ફિલ્મોમાં સામેલ, ‘એનિમલ’ યાદીમાંથી બહાર

આદિત્ય ધરની ‘ધુરંધર’ ફિલ્મે રવિવારે એક નવો રેકોર્ડ બનાવ્યો છે. રિલીઝના 17 દિવસે આ ફિલ્મ સૌથી વધુ કમાણી કરનારી ભારતની ટોપ 10 ફિલ્મોના લિસ્ટમાં સામેલ થઈ ગઈ છે. આ સાથે જ સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ ‘એનિમલ’ને 10મા સ્થાન પરથી બહાર ધકેલી દીધી છે. બોક્સ ઓફિસ ટ્રેકર સેકનિલ્કના જણાવ્યા પ્રમાણે ‘ધુરંધર’એ રવિવારની કમાણી સાથે 555.5 કરોડનું નેટ કલેક્શન કર્યું છે. જ્યારે ‘એનિમલ’નું ભારતમાં લાઈફટાઈમ કલેક્શન 553 કરોડ હતું. આ સાથે જ ‘ધુરંધર’ ફિલ્મે ‘એનિમલ’ને પાછળ છોડી દીધી છે.

બોક્સ ઓફિસ પર ટોપ-10 ઓલ ટાઈમ ભારતીય ફિલ્મોની યાદીમાં પુષ્પા: ધ રૂલ પાર્ટ 2 (2024) 1234.1 કરોડના કલેક્શન સાથે પ્રથમ સ્થાન પર છે. બાહુબલી 2: ધ કન્ક્લુઝન (2017) 1030.42 કરોડના કલેક્શન સાથે બીજા સ્થાન પર છે. KGF: ચેપ્ટર 2 (2022) 859.7 કરોડના કલેક્શન સાથે ત્રીજા સ્થાન પર છે. RRR (2022) 782.2 કરોડની કમાણી સાથે ચોથા સ્થાન પર છે. કલ્કી 2898એડી (2024) 646.31 કરોડના કલેક્શન સાથે પાંચમા સ્થાન પર છે. જવાન (2023) 640.25 કરોડના કલેક્શન સાથે છઠ્ઠા સ્થાન પર છે. કાંતારા: અ લેજેન્ડ ચેપ્ટર-1 (2025) 622.42 કરોડની કમાણી સાથે સાતમા સ્થાન પર છે. છાવા (૨૦૨૫) 601.54 કરોડના કલેક્શન સાથે આઠમા સ્થાન પર છે. સ્ત્રી-2 (2024) 597.99 કરોડના કલેક્શન સાથે નવમા સ્થાન પર છે. ધુરંધર (2025)એ 555.7 કરોડના કલેક્શન સાથે દસમા નંબર પર એન્ટ્રી કરી છે. આ ઉપરાંત 2025ની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મોની વાત કરીએ તો 17 દિવસમાં ‘ધુરંધર’એ ટોપ-3માં એન્ટ્રી મારી લીધી છે. કાંતારા: ચેપ્ટર 1નું લાઈફટાઈમ કલેક્શન 622 કરોડ છે.

## પેટના ભાગે ગંભીર સર્જરી બાદ કલાકારની જીજીવિષા

# ઈમરાન હાશમી શૂટિંગમાં ઘાયલ થતા બોલિવૂડમાં ચિંતા પ્રસરી



મુંબઈ: ભારતીય ફિલ્મ જગતના લોકપ્રિય અભિનેતા ઈમરાન હાશમી સાથે એક ગંભીર દુર્ઘટના ઘટી હોવાના સમાચાર સામે આવ્યા છે. પોતાની આગામી ફિલ્મ ‘આવારાપન ટુ’ના શૂટિંગ દરમિયાન એક અત્યંત જોખમી એક્શન દ્રશ્ય ભજવતી વખતે ઈમરાન હાશમી શૂટિંગમાં ઘાયલ થયો હતો. આ અકસ્માત એટલો ગંભીર હતો કે અભિનેતાને તત્કાળ તબીબી સહાય લેવાની ફરજ પડી હતી. સેટ પર હાજર રહેલા ક્રૂ મેમ્બર્સ અને સાથી કલાકારો આ અચાનક બનેલી ઘટનાથી સ્તબ્ધ થઈ ગયા હતા અને શૂટિંગ અટકાવી દેવામાં આવ્યું હતું. ખતરનાક સ્ટન્ટ પડ્યો ભારે, જાણો સમગ્ર ઘટનાક્રમ પ્રાપ્ત વિગતો અનુસાર, ફિલ્મની પટકથા મુજબ એક હાઈ-વોલ્ટેજ એક્શન સીનનું ફિલ્માંકન ચાલી રહ્યું હતું. આ દરમિયાન કોઈ ટેકનિકલ ખામી અથવા સંતુલન બગડવાને કારણે ઈમરાનને સીધી અસર થઈ હતી. આ અકસ્માતમાં તેને પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાની ગંભીરતા જોતા તેને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબોએ તપાસ બાદ જણાવ્યું કે તેને આંતરિક રીતે નુકસાન પહોંચ્યું છે. પરિણામે, પેટના ભાગે ગંભીર સર્જરી કરવી અનિવાર્ય બની હતી. નાની પણ અત્યંત મહત્વની એવી આ સર્જરી બાદ ઈમરાનને થોડા દિવસ આરામ કરવાની સલાહ આપવામાં આવી હતી.

કામ પ્રત્યેનું ઝનૂન: સર્જરી બાદ તુરંત સેટ પર વાપસી સામાન્ય રીતે આવી ગંભીર ઈજા અને સર્જરી બાદ કોઈ પણ વ્યક્તિ લાંબા સમય સુધી આરામ કરવાનું પસંદ કરે છે, પરંતુ ઈમરાન હાશમીએ પોતાની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાનો ઉત્તમ નમૂનો રજૂ કર્યો છે. ઓપરેશન બાદ વધુ સમય વેડફ્યા વગર તે હિંમતભેર ફરીથી આવારાપન ટુ શૂટિંગ સેટ પર હાજર થઈ ગયો છે. જોકે, તેની શારીરિક સ્થિતિને ધ્યાનમાં રાખીને પ્રોડક્શન ટીમ અને દિગ્દર્શકે અત્યંત સાવચેતીભર્યાં પગલાં લીધા છે. તેની તબિયત ફરી ન બગડે તે માટે સેટ પર મેડિકલ ટીમ તૈનાત રાખવામાં આવી છે. શૂટિંગ શિડ્યુલ અને એક્શન દ્રશ્યોમાં મોટા ફેરફારો ઈમરાનની હાલત અને ભવિષ્યમાં થનારા જોખમોને ટાળવા માટે નિર્માતાઓએ ફિલ્મના શિડ્યુલમાં ધરખમ ફેરફાર કર્યા છે. મીડિયા અહેવાલ મુજબ, હવે ઈમરાનના ભાગે આવતા જોખમી એક્શન દ્રશ્યોની સંખ્યામાં ઘટાડો કરવામાં આવ્યો છે. એક્શન કોરિયોગ્રાફરને સૂચના આપવામાં આવી છે કે દ્રશ્યો એવી રીતે ગોઠવવામાં આવે જેથી અભિનેતાના પેટના ભાગે કોઈ દબાણ ન આવે.

## સંદિપ રેડ્ડી વાંગા રણવીરના વખાણ કરી યુગલ સાથે સંબંધ સુધારશે



મુંબઈ: બોલિવૂડ અને સાઉથ ફિલ્મ ઉદ્યોગના જાણીતા અને ઘણીવાર વિવાદોમાં રહેતા નિર્દેશક સંદિપ રેડ્ડી વાંગા ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે. આ વખતે વિષય કોઈ વિવાદ નથી, પરંતુ રણવીર સિંહની અભિનય ક્ષમતા પર કરવામાં આવેલી તેમની ટિપ્પણી છે. તાજેતરમાં સોશિયલ મીડિયા પર સંદિપ રેડ્ડી વાંગા રણવીરના વખાણ કરતા જોવા મળ્યા હતા, આ પ્રશંસા એટલા માટે મહત્વની માનવામાં આવે છે કારણ કે થોડા સમય પહેલા જ વાંગા અને રણવીરની પત્ની દીપિકા પાદુકોણ વચ્ચેના વ્યાવસાયિક સંબંધોમાં મોટી તિરાડ પડી હતી. સોશિયલ મીડિયા પોસ્ટ રણવીર સિંહની આગામી ફિલ્મ ‘ધુરંધર’ વિશે વાત કરતા, સંદિપ રેડ્ડી વાંગાએ આ ફિલ્મના જોરદાર વખાણ કરતી એક પોસ્ટ શેર કરી છે. જોકે, તેમણે આ પોસ્ટમાં ફિલ્મની સફળતાનો મોટો શ્રેય નિર્દેશક આદિત્ય ધરને આપ્યો હતો, પરંતુ સાથે જ અક્ષય ખન્ના અને રણવીર સિંહના પાવરફુલ પરફોર્મન્સને પણ બિરદાવ્યું હતું.

# ધર્મેન્દ્ર સાથે ટીવી શોમાં દેખાવા 20 લાખ વસૂલ્યાની મુમતાઝની કબૂલાત



મુંબઈ | પીઢ અભિનેત્રી મુમતાઝે સ્વીકાર્યું છે કે તેણે ધર્મેન્દ્ર સાથે એક રિયાલિટી શોમાં હાજરી આપવાના બદલામાં ૨૦ લાખ રુપિયાની ફી વસૂલી હતી. મુમતાઝને તે ટીવી શોમાં કેમ બહુ દેખાતી નથી તેવો સવાલ પૂછવામાં આવ્યો હતો. તેના જવાબમાં તેણે કહ્યું હતું કે તેને ૨૦૨૩માં એક રિયાલિટી શોમાં ધર્મેન્દ્ર સાથે હાજર રહેવા જણાવાયું હતું અને તે માટે પોતે ૨૦ લાખ રુપિયા વસૂલ્યા હતા. આ શોમાં તેણે ધર્મેન્દ્ર સાથે ડાન્સ પણ કર્યો હતો. મુમતાઝના જણાવ્યા અનુસાર તે પછી તેને અનેક શોમાં હાજરી માટે કહેણ આવે છે. પરંતુ, એ લોકો એક શોમાં હાજરી માટે ચાર-પાંચ લાખ રુપિયા જ ઓફર કરે છે અને કહે છે કે મોટાભાગના સેલિબ્રિટીઓ આટલી રકમમાં તો હાજરી આપવા તૈયાર થઈ જાય છે. આ ઈન્ટરવ્યૂમાં તેણે કહ્યું હતું કે તેણે ‘સીતા ઔર ગીતા’ ફિલ્મની ઓફર પણ આ જ કારણોસર ફગાવી દીધી હતી. તેને ફક્ત બે લાખ રુપિયા ઓફર કરાયા હતા અને તે પોતાની વેલ્યૂ ડાઉન કરવા માગતી ન હતી.



# 35 વર્ષીય અભિનેત્રી કૃષ્ણ ભક્ત બની, નવું નામ મળતાં કહ્યું - જ્યારથી ભારત આવી છું...

બોલિવૂડની ગ્લેમરસ દુનિયામાં પોતાની ઓળખ બનાવનાર 35 વર્ષીય અભિનેત્રી એલી અવરામ હાલમાં પોતાની આધ્યાત્મિક સફરને લઈને ચર્ચામાં છે. એલી હવે સંપૂર્ણપણે કૃષ્ણ ભક્તિમાં લીન થઈ ગઈ છે અને ઈસ્કોન મંદિર તેના માટે શાંતિનું ધામ બની ગયું છે. એલીએ તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યૂમાં ખુલાસો કર્યો હતો કે તેનો ભગવાન કૃષ્ણ સાથેનો સંબંધ ઘણો ઊંડો અને અંગત છે. તેણે જણાવ્યું કે, ‘જ્યારથી હું ભારત આવી છું ત્યારથી હું આધ્યાત્મિકતા વિશે ઘણું શીખી રહી છું. મારા અંકલે મને ‘કૃષ્ણા’ નામ આપ્યું છે અને ત્યાંથી જ મારી આ સુંદર સફરની શરૂઆત થઈ છે.’ એલી માટે મંદિર જવું એ માત્ર દર્શન પૂરતું મર્યાદિત નથી, પરંતુ એક આત્મિક અનુભવ છે. તે કલાકો સુધી ઈસ્કોન મંદિરમાં બેસીને ભગવાનની ભક્તિમાં મગ્ન રહે છે. તે કહે છે કે તેને ત્યાંના શાંત વાતાવરણમાં જે એનર્જી મળે છે, તે તેને પ્રોફેશનલ લાઈફના તણાવમાંથી મુક્તિ અપાવે છે. એલીના મતે, ‘કૃષ્ણ કોન્શિયસનેસ’માં તેને અતૂટ શ્રદ્ધા છે. મૂળ સ્વીડનની એલી અવરામે 2013માં ફિલ્મ ‘મિક્કી વાયરસ’થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. ત્યારબાદ તે ‘બિગ બોસ’ અને ઘણી ફિલ્મોમાં જોવા મળી છે.

# માધુરી દિક્ષિતે જુહુનો પોતાનો એપાર્ટમેન્ટ 3.90 કરોડમાં વેચ્યો





મુંબઈ : માધુરી દીક્ષિતે જુહુમા આવેલો પોતાનો એપાર્ટમેન્ટ રૂપિયા ૩.૯૦ કરોડમાં વેંચ્યો છે. આ ફ્લેટ તેણે ૨૦૧૨માં ૧.૯૬ કરોડમાં ખરીદ્યો હતો. આ ફ્લેટના સોદાનું રજિસ્ટ્રેશન ૧૫ ડિસેમ્બરના રોજ કરવામાં આવ્યું હતું. આ ફ્લેટ બિલ્ડિંગના ચોથા મજલે આવેલો છે.

અભિનેત્રીનો આ ફ્લેટ ૭૮૦.૧૩ સ્કે.ફૂટમાં ફેલાયેલો છે. આ ફ્લેટ ખરીદનાર એક મહિલા હોવાથી તેને સ્ટેમ્પ ડ્યુટીમાં એક ટકાનો ફાયદો થયો હતો. માધુરી દીક્ષિત અને ડો. નેનેએ આ જુહુનો ફ્લેટ જુન ૨૦૧૨માં ૧.૯૬ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. ૧૩ વરસ પછી પ્રોપર્ટીની વેલ્યુ ૧૦૦ ટકાની આસપાસ પહોંચી ગઈ છે.



# બોલિવૂડ છોડી દેવાની અફવાઓ પર ‘હાઈએસ્ટ પેડ’ એક્ટ્રેસે મૌન તોડ્યું, કહ્યું - લોકોને લાગ્યું કે...

૭૦ના દાયકાની ફેમસ એક્ટ્રેસ ઉર્મિલા માતોંડકર છેલ્લા પાંચ વર્ષથી કોઈ ફિલ્મમાં નથી દેખાઈ, જેના કારણે સતત અફવાઓ ફેલાઈ રહી છે કે તેણે બોલિવૂડ છોડી દીધું છે. પરંતુ હવે આ મુદ્દે ઉર્મિલાએ મૌન તોડ્યું છે અને આ તમામ અફવાઓનો અંત લાવી દીધો છે. એક્ટ્રેસે કહ્યું કે, ‘મેં ક્યારેય એક્ટિંગ નથી છોડી, પરંતુ હું એવી ભૂમિકાની રાહ જોઈ રહી હતી જે મારા ટેલેન્ટ સાથે ન્યાય કરી શકે.’

### ઉર્મિલા માતોંડકર ટૂંક સમયમાં OTT પ્લેટફોર્મ પર કરશે ડેબ્યૂ

ઉર્મિલાએ જણાવ્યું કે, ‘મને હવે ફરીથી સારી અને રોમાંચક ઓફરો મળી રહી છે. હું ટૂંક સમયમાં OTT પ્લેટફોર્મ પર પણ ડેબ્યૂ કરવા જઈ રહી છું. હવે ફરીથી સેટ પર પાછા ફરવાનો અને જોરદાર વાપસી કરવાનો સમય આવી ગયો છે.’

### મેં ક્યારેય એક્ટિંગ નથી છોડી

હવે ઉર્મિલાએ ખુલાસો કર્યો કે શું તેણે ખરેખર બોલિવૂડ છોડી દીધું હતું? “બ્લેકમેલ” પછી ઉર્મિલા 2022માં DID સુપર મોમ્સ સીઝન 3માં જજ તરીકે દેખાઈ હતી, પરંતુ તે કોઈ ફુલ-ફ્લેઝ્ડ પ્રોજેક્ટ નહોતો. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે, લોકોનું એવું કહેવું છે કે, તમે હવે કામ કરવા માંગતી નથી માગતા. ત્યારે ઉર્મિલાએ સ્પષ્ટ કહ્યું કે, હું હંમેશા મારા કામ માટે સિલેક્ટિવ રહી છું. જો લોકોને લાગે છે કે હું ફિલ્મો નથી કરી રહી, તો હું તેમને દોષ નથી આપી શકતી. પરંતુ સત્ય એ છે કે, મેં ક્યારેય એક્ટિંગ નથી છોડી.

### OTTએ એક્ટર્સ માટે એક નવી દુનિયા ખોલી દીધી છે

ઉર્મિલાએ આગળ કહ્યું કે, હું OTT પ્લેટફોર્મને લઈને ખૂબ જ ઉત્સાહિત છું કારણ કે અહીં નવા પ્રકારના પાત્રો અને જોનર એક્સપ્લોર કરવાની તક મળે છે. OTTએ એક્ટર્સ માટે એક નવી દુનિયા ખોલી દીધી છે. એવા ઈમોસન્સ અને કેરેક્ટર છે જેને પહેલાં એક્સપ્લોર કરવામાં ન આવ્યા. હું એક OTT શોનું શૂટિંગ પૂર્ણ કરી ચૂકી છું, જે આવતા વર્ષે રિલીઝ થવાની શક્યતા છે.

અંડર-19 એશિયા કપ ફાઈનલ મેચમાં હંગામો

# વૈભવ સૂર્યવંશી પાકિસ્તાની બોલર પર ગુસ્સે થતા મેદાનમાં ગરમી



દુબઈ | ભારત અને પાકિસ્તાન વચ્ચેની ક્રિકેટ મેચ હોય અને મેદાન પર ખેલાડીઓ વચ્ચે ગરમાગરમી ન થાય તેવું ભાગ્યે જ બને છે. રવિવારે દુબઈના મેદાન પર રમાયેલી અંડર-19 એશિયા કપ ફાઈનલ દરમિયાન પણ કંઈક આવું જ જોવા મળ્યું હતું. આ મેચમાં ભારતનો ઉભરતો સ્ટાર બેટ્સમેન વૈભવ સૂર્યવંશી પાકિસ્તાની બોલર પર ગુસ્સે થતા રમતગમત જગતમાં મોટો વિવાદ સર્જાયો છે. આક્રમક બેટિંગ કરી રહેલા વૈભવ અને પાકિસ્તાની બોલર અલી રેજા વચ્ચે થયેલી તુ-તુ મેં-મેંએ સ્ટેડિયમમાં હાજર પ્રેક્ષકો અને સોશિયલ મીડિયા પર જોનારા લાખો ચાહકોનું ધ્યાન ખેંચ્યું છે. ધમાકેદાર શરૂઆત અને અચાનક વિકેટનું પતન પાકિસ્તાને આપેલા ૩૪૭ રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમને વૈભવ સૂર્યવંશીએ તોફાની શરૂઆત અપાવી હતી. માત્ર ૧૦ બોલમાં ૨૬ રન ફટકારીને તેણે પાકિસ્તાની બોલરોને દબાણમાં લાવી દીધા હતા. જોકે, અલી રેજાની ઓવરમાં વિકેટકીપર હમજા જહુરે શાનદાર કેચ પકડતા વૈભવની આક્રમક ઈનિંગનો અંત આવ્યો હતો.

# ગિલની સાથે સૂર્યકુમાર યાદવનું પણ પત્તું કાપવાની તૈયારી હતી! આ એક કારણથી મળ્યું જીવનદાન



ભારતીય T20 ક્રિકેટ ટીમની જાહેરાત કરતી વખતે શુભમન ગિલનું પત્તુ કપાતા અને સૂર્યકુમાર યાદવને ટીમમાં સમાવાતા ક્રિકેટ ચાહકોને આશ્ચર્ય થયું છે. જોકે તમામ લોકો જાણે છે કે, વર્લ્ડકપ ટૂર્નામેન્ટ પહેલા કોઈપણ કેપ્ટનને ટીમમાં બહાર કાઢવામાં આવતો નથી, પછી ભલે તેનું ફોર્મ ખરાબ હોય. આ જ કારણે સૂર્યને T20 વર્લ્ડકપ-2026માં સામેલ કરાયો છે. પસંદગીકારોએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે હવે ટીમમાં સ્થાન મેળવવા માટે માત્ર નામ નહીં, પણ રન બનાવવા અનિવાર્ય છે. શુભમન ગિલ (Shubman Gill)ને T20 ટીમમાં તેના સરેરાશ પ્રદર્શનને કારણે પડતો મૂકવામાં આવ્યો છે. ગિલે 15 ઈનિંગ્સમાં 137ના સ્ટ્રાઈક રેટથી 291 રન બનાવ્યા હતા, જે T20 ફોર્મેટ મુજબ પૂરતા મનાતા નથી. કેપ્ટન સૂર્યકુમાર યાદવ (Suryakumar Yadav)નું પ્રદર્શન આ વર્ષે અત્યંત નબળું રહ્યું છે. તેણે 19 ઈનિંગ્સમાં માત્ર 218 રન બનાવ્યા છે અને તેનો સ્ટ્રાઈક રેટ પણ ઘટીને 123.2 થઈ ગયો છે. આમ છતાં, વર્લ્ડ કપ જેવી મોટી ટૂર્નામેન્ટ પહેલા કેપ્ટનને બદલવો યોગ્ય ન જણાતા સૂર્યકુમારને ટીમમાં યથાવત રાખવામાં આવ્યો છે.

# સુખમન સિંહે ગોલ્ફ ટાઈટલ જીત્યું અને ઈતિહાસ રચ્યો

### એશિયન ટૂર ક્વોલિફાઈંગ સ્કૂલમાં ભારતીયોનો દબદબો

કોલકાતા | ભારતીય રમત-જગત માટે રવિવારનો દિવસ સુવર્ણ અક્ષરે લખાશે, કારણ કે દેશના યુવા ખેલાડીઓએ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે ગોલ્ફના મેદાનમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. નોઈડાના પ્રતિભાશાળી ગોલ્ફર સુખમન સિંહે ગોલ્ફ ટાઈટલ જીત્યું છે, જેણે આઈજીયુ અમેચ્યોર ગોલ્ફ ચેમ્પિયનશિપમાં પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું. કોલકાતાના ઐતિહાસિક ટોલીગંજ ક્લબ ખાતે રમાયેલી આ સ્પર્ધામાં સુખમને હરિયાણાના હરમન સચદેવાને ૩૬-હોલની ફાઈનલમાં પરાજય આપીને પ્રતિષ્ઠિત ટ્રોફી પોતાના નામે કરી હતી. આ વિજય સાથે સુખમને તેના પરિવાર અને ખાસ કરીને તેના પિતા સિમરજીત સિંહના વારસાને આગળ ધપાવ્યો છે.



મેચનો રોમાંચ અને સુખમનનું શાનદાર પ્રદર્શન ફાઈનલ મુકાબલામાં સુખમન સિંહ શરૂઆતથી જ આક્રમક મૂડમાં જોવા મળ્યો હતો. પ્રથમ છ હોલ સુધી બંને ખેલાડીઓ સમાન સ્તરે હતા, પરંતુ ત્યારબાદ સુખમને પોતાની પકડ મજબૂત કરી હતી. ૨૯ હોલના અંતે ૭-અપની

નેક્સ્ટ જનરેશન એટીપી ફાઈનલ્સમાં વિજય

# લર્નર ટિએને ટેનિસ ટાઈટલ જીત્યું અને વિશ્વને ચોંકાવ્યું



(એજન્સી) રિયાધ | તા. 22

ટેનિસ જગતના ઉભરતા સિતારા અને અમેરિકાના તેજસ્વી ખેલાડી લર્નર ટિએને ફરી એકવાર પોતાની પ્રતિભાનો લોખંડ મનાવ્યો છે. સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં રમાયેલી પ્રતિષ્ઠિત 'નેક્સ્ટ જનરેશન એટીપી ફાઈનલ્સ'માં લર્નર ટિએને ટેનિસ ટાઈટલ જીત્યું છે. ૨૦ વર્ષ કે તેથી ઓછી વયના વિશ્વના ટોચના આઠ ખેલાડીઓ વચ્ચે રમાયેલી આ પ્રદર્શન ટુર્નામેન્ટમાં ટિએને ફાઈનલ મેચમાં બેલ્જિયમના એલેક્ઝાન્ડર બ્લોક્સને હરાવીને વર્ષનો શાનદાર અંત કર્યો છે. આ જીત સાથે ટિએને સાબિત કરી દીધું છે કે તે આગામી સમયમાં ટેનિસની દુનિયા પર રાજ કરવા માટે તૈયાર છે. ફાઈનલનો રોમાંચ અને ટિએનનો દબદબો રવિવારે રમાયેલી ફાઈનલ મેચમાં લર્નર ટિએને એક કલાકથી પણ ઓછા સમયમાં બ્લોક્સને ૪-૩, ૪-૨, ૪-૧ થી હરાવ્યો હતો. સાઉદી અરેબિયા ટેનિસ ટુર્નામેન્ટમાં અપનાવવામાં આવેલા સુધારેલા ફોર્મેટમાં દરેક સેટ જીતવા માટે ચાર ગેમની જરૂર હોય છે. લર્નર ટિએને મેચ દરમિયાન અત્યંત સંયમ જાળવ્યો હતો અને માત્ર ૧૨ ભૂલો કરી હતી, જ્યારે તેના પ્રતિસ્પર્ધી બ્લોક્સ દ્વારા ૨૩ ભૂલો કરવામાં આવી હતી. ગયા મહિને મોસેલ ઓપનમાં પોતાની પ્રથમ એટીપી ટ્રોફી જીતનાર ટિએન માટે આ વર્ષ અત્યંત સફળ રહ્યું છે. બ્લોક્સની લાચારી અને ટિએનનું કૌશલ્ય મેચ બાદ ટ્રોફી વિતરણ સમારોહમાં રનર્સ-અપ બ્લોક્સે કબૂલાત કરી હતી કે મેદાન પર તે ટિએન સામે લાચાર અનુભવી રહ્યો હતો. બ્લોક્સે સાત એસ ફટકારીને શરૂઆતમાં દબાણ બનાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ટિએનના પાવરફુલ ફોરહેન્ડ અને સચોટ શોટ્સ સામે તેની એક પણ વ્યૂહરચના કામ કરી શકી નહોતી. મીડિયા અહેવાલ મુજબ, બ્લોક્સે ટિએનના વખાણ કરતા કહ્યું કે, "તમારા માટે આ વર્ષ અદભૂત રહ્યું છે, આજે તમે મેદાન પર મારી ક્ષમતા બહારનું રમી રહ્યા હતા."

વિશ્વના ટોચના ખેલાડીઓને પછાડ્યા લર્નર ટિએન માટે ૨૦૨૫નું વર્ષ રેકોર્ડબ્રેક સાબિત થયું છે. વિશ્વના ૨૮માં ક્રમના આ ખેલાડીએ આ વર્ષે ટેનિસના ટોચના ૧૦ ખેલાડીઓ સામે પાંચ જીત મેળવી છે. જેમાં ફેબ્રુઆરીમાં વિશ્વના બીજા ક્રમના ખેલાડી એલેક્ઝાન્ડર ઝવેરેવ સામે સીધા સેટમાં મેળવેલી જીત સૌથી યાદગાર છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ગયા વર્ષે ફાઈનલમાં પરાજય પામનાર ટિએને આ વખતે કોઈ ભૂલ કરી ન હતી અને શરૂઆતથી જ પોતાની આક્રમક રમત જાળવી રાખી હતી.

એસઆઈટી તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો

# લિયોનેલ મેસી ભારત પ્રવાસ અધવચ્ચે છોડવાનું કારણ ખુલ્યું

(એજન્સી) કોલકાતા | તા. 22

વિશ્વના દિગ્ગજ ફૂટબોલ ખેલાડી લિયોનેલ મેસીના ભારત આગમનને લઈને ચાહકોમાં ભારે ઉત્સાહ હતો, પરંતુ આ પ્રવાસ વિવાદો અને અફરાતફરીમાં ફેરવાઈ ગયો છે. મેસીના 'ગોટ ઈન્ડિયા ટૂર' દરમિયાન કોલકાતાના સોલ્ટ લેક સ્ટેડિયમમાં સર્જાયેલી હિંસક ઘટનાઓ અને તોડફોડ બાદ હવે કાયદાકીય તપાસનો ગાળિયો કસાયો છે. પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા રચવામાં આવેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) એ આ મામલે મુખ્ય આયોજક સતાદ્રુ દત્તાની ધરપકડ કરી છે. આ ધરપકડ બાદ થયેલી પૂછપરછમાં લિયોનેલ મેસી ભારત પ્રવાસ પાછળ થયેલા આંધણ અને મેસીની અધવચ્ચેથી વિદાય લેવા પાછળના ગંભીર કારણો પરથી પડદો ઊંચકાયો છે.

### મેસીની ફી અને કરોડોનું આંધણ

જાણો સમગ્ર ઘટનાક્રમ એસઆઈટી સમક્ષ કરવામાં આવેલી કબૂલાત મુજબ, લિયોનેલ મેસી ભારત પ્રવાસ પાછળ કુલ ૧૦૦ કરોડ રૂપિયાનો જંગી ખર્ચ કરવામાં આવ્યો હતો.



આ રકમમાંથી ૮૯ કરોડ રૂપિયા સીધા મેસીને ફી તરીકે ચૂકવવામાં આવ્યા હતા, જ્યારે ૧૧ કરોડ રૂપિયા ભારત સરકારને ટેક્સ પેટે ભરવામાં આવ્યા હતા. આ મસમોટા બજેટ માટે ૩૦ ટકા રકમ સ્પોન્સર્સ પાસેથી અને ૩૦ ટકા ટિકિટ વેચાણ દ્વારા એકઠી કરવામાં આવી હતી. જોકે, તપાસ અધિકારીઓને આયોજકના ફ્રીઝ કરાયેલા બેંક ખાતામાંથી વધારાના ૨૦ કરોડ રૂપિયા મળી આવ્યા છે, જે આર્થિક ગેરરીતિ તરફ ઈશારો કરે છે. શા માટે મેસી નારાજ થઈને અધવચ્ચેથી જતો રહ્યો? દરેક ફૂટબોલ પ્રેમીના મનમાં પ્રશ્ન હતો કે મેસી કાર્યક્રમ પૂરો કર્યા વિના કેમ ચાલ્યો ગયો? તપાસમાં બહાર આવ્યું છે કે સોલ્ટ લેક સ્ટેડિયમ અફરાતફરી અને ચાહકોનું અયોગ્ય વર્તન આ માટે જવાબદાર હતું. આયોજકની કબૂલાત મુજબ, પ્રોટોકોલ તોડીને અજાણ્યા લોકો મેસીની અતિ નજીક પહોંચી ગયા હતા. કેટલાક લોકોએ તેની પીઠ અને ખભા પર હાથ મૂક્યો હતો, તો કોઈ તસવીરો માટે તેને ભેટી પડ્યા હતા. મેસીની સુરક્ષા ટીમે અગાઉથી જ સ્પર્શ ન કરવા અંગે કડક સૂચના આપી હતી. ભીડ બેકાબૂ બનતા અને પોતાની અંગત સુરક્ષા જોખમાતી જોઈ મેસીએ તુરંત જ સ્ટેડિયમ છોડવાનો નિર્ણય લીધો હતો. સ્ટેડિયમમાં તોડફોડ અને સુરક્ષામાં ગંભીર ચૂક હજારો ચાહકોએ મેસીને નિહાળવા માટે મોંઘી ટિકિટો ખરીદી હતી, પરંતુ ગેરવહીવટને કારણે ગેલેરીમાંથી મેસી દેખાતો ન હતો. જ્યારે મેસી મેદાન પર આવ્યો ત્યારે લોકો બેરિકેડ્સ તોડીને મેદાનમાં ઉતરી આવ્યા હતા. મેસીના અચાનક વિદાય લેવાથી રોષે ભરાયેલા ચાહકોએ સ્ટેડિયમની મિલકતને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, આ ઘટનાને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની રમતગમતની છબી ખરડાઈ છે. સોલ્ટ લેક સ્ટેડિયમ અફરાતફરી એ વ્યવસ્થાપનની નિષ્ફળતાનો મોટો પુરાવો બની ગઈ છે.

સરકારની કડક કાર્યવાહી અને આગામી તપાસ પશ્ચિમ બંગાળ સરકારે આ સમગ્ર મામલાને અત્યંત ગંભીરતાથી લીધો છે.

વનડે વર્લ્ડ કપ ફાઈનલ હાર બાદની વેદના, ટી૨૦ વર્લ્ડ કપ ઐતિહાસિક વિજયની અજાણી કહાની

# રોહિત શર્માં સંન્યાસ અંગે મૌન તોડ્યું અને દર્દ છલકાયું



(એજન્સી) મુંબઈ | તા. 22

ભારતીય ક્રિકેટ ટીમના સૌથી સફળ અને લોકપ્રિય સુકાનીઓમાંના એક એવા રોહિત શર્માએ તાજેતરમાં પોતાના જીવનના સૌથી મુશ્કેલ તબક્કા વિશે ચોંકાવનારા ખુલાસા કર્યા છે. વર્ષ ૨૦૨૩નો વનડે વર્લ્ડ કપ ભારતીય ચાહકો અને ખેલાડીઓ માટે આશા અને નિરાશાનો સમન્વય રહ્યો હતો. આખી ટુર્નામેન્ટમાં અજેય રહ્યા બાદ ફાઈનલમાં મળેલી હાર કેટલી પીડાદાયક હતી, તે વિશે રોહિત શર્મા સંન્યાસ અંગે મૌન તોડ્યું છે. હારના તે ગમગીન માહોલમાં રોહિતે ક્રિકેટને અલવિદા કહેવાનું મન બનાવી લીધું હતું, તેવી સંવેદનશીલ વિગતો હવે સામે આવી રહી છે.

જાણો સમગ્ર ઘટનાક્રમ વર્ષ ૨૦૨૩ ના વનડે વર્લ્ડ કપમાં રોહિત શર્માએ ૧૧ મેચોમાં ૫૯૭ રન ફટકારીને ટીમને ફાઈનલ સુધી પહોંચાડી હતી. આખું ભારત વિશ્વ વિજેતા બનવાની રાહ જોઈ રહ્યું હતું, પરંતુ ફાઈનલમાં ટ્રેવિસ હેડની સદીએ ૧૪૦ કરોડ ભારતીયોના દિલ તોડી નાખ્યા હતા. આ હાર વિશે વાત કરતા રોહિતે જણાવ્યું કે, તે સમયે તે માનસિક રીતે સંપૂર્ણપણે પડી ભાંગ્યો હતો. તેના માટે એ સ્વીકારવું અશક્ય હતું કે આટલી મહેનત છતાં અંતિમ ક્ષણે નસીબ તેની સાથે ન રહ્યું. રોહિતના શબ્દોમાં કહીએ તો, "હું અંદરથી એટલો તૂટી ગયો હતો કે મારા શરીરમાં કોઈ ઊર્જા બાકી નહોતી રહી."

સંન્યાસનો વિચાર અને આંતરિક સંઘર્ષ નિરાશાના તે વાદળો એટલા ઘેરા હતા કે રોહિતને લાગ્યું કે હવે તેની પાસે રમતને આપવા માટે કંઈ જ બાકી નથી. મીડિયા અહેવાલ મુજબ, રોહિત શર્મા સંન્યાસ અંગે મૌન તોડ્યું ત્યારે તેણે સ્વીકાર્યું કે તે સમયે તેણે નિવૃત્તિ લેવાનું ગંભીરતાથી વિચારી લીધું હતું. ૨૦૨૨ માં જ્યારે તેણે કેપ્ટનશીપ સંભાળી ત્યારથી તેનું એકમાત્ર લક્ષ્ય વર્લ્ડ કપ જીતવાનું હતું. જ્યારે તે લક્ષ્ય હાથવેંતમાંથી સરકી ગયું, ત્યારે તેને લાગ્યું કે તેની વર્ષોની મહેનત પાણીમાં ગઈ છે. આ આઘાતમાંથી બહાર આવતા તેને મહિનાઓનો સમય લાગ્યો હતો.

હારમાંથી શીખીને મેળવી સફળતા જીવન ક્યારેય અટકતું નથી અને રોહિતે આ વાત સાબિત કરી બતાવી. વનડે વર્લ્ડ કપ ફાઈનલ હારના દુઃખને તેણે પોતાની તાકાત બનાવી. રોહિતે પોતાનું ધ્યાન જૂન ૨૦૨૪ માં રમાનારા ટી૨૦ વર્લ્ડ કપ પર કેન્દ્રિત કર્યું. તેને ખબર હતી કે કુદરત તેને બીજી તક આપશે. જૂન ૨૦૨૪ માં વેસ્ટ ઈન્ડિઝની ધરતી પર રોહિતે પોતાની ટીમને એવી રીતે દોરી કે આખી દુનિયા જોતી રહી ગઈ. ટી૨૦ વર્લ્ડ કપ ઐતિહાસિક વિજય મેળવીને રોહિતે સાબિત કર્યું કે સાચો ચેમ્પિયન એ જ છે જે પડીને ફરી ઉભો થાય છે.

ટી૨૦ માંથી નિવૃત્તિ અને ભવિષ્યની યોજનાઓ વિશ્વ વિજેતા બન્યા બાદ રોહિતે ટી૨૦ ફોર્મેટમાંથી સન્માનજનક નિવૃત્તિ જાહેર કરી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, રોહિત અત્યારે ટેસ્ટ અને વનડે ક્રિકેટ પર વધુ ધ્યાન આપી રહ્યો છે.



# જેમીમા રોડ્રિગ્સની વિજયી અડધી સદીથી ભારતની શ્રીલંકા સામે શાનદાર જીત

(એજન્સી) વિશાખાપટ્ટનમ | તા. 22

ભારતીય મહિલા ક્રિકેટ ટીમ અત્યારે વિજયી રથ પર સવાર છે. વન-ડે વર્લ્ડ કપની ભવ્ય સફળતા બાદ હવે ટી૨૦ ફોર્મેટમાં પણ ભારતીય સિંહણોએ પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. રવિવારે વિશાખાપટ્ટનમના એસીએ-વીડીસીએ સ્ટેડિયમ ખાતે રમાયેલી શ્રેણીની પ્રથમ મેચમાં જેમીમા રોડ્રિગ્સની વિજયી અડધી સદીની મદદથી ભારતે શ્રીલંકાને ૮ વિકેટે હરાવીને શ્રેણીમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે. શ્રીલંકાનો ધબડકો અને ભારતીય બોલરોનો સંયમ ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી શ્રીલંકાની ટીમ શરૂઆતથી જ દબાણમાં જોવા મળી હતી. શ્રીલંકાની આશા તેના દિગ્ગજ ખેલાડી ચમારી અટાપટ્ટુ પર ટકેલી હતી, પરંતુ ૨૨ વર્ષીય ક્રાંતિ ગૌડે તેને પેવેલિયન ભેગી કરીને શ્રીલંકાની કમર તોડી નાખી હતી. નવોદિત વૈષ્ણવી શર્માએ પણ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કરીને શાનદાર લાઈન અને લેન્થ સાથે બોલિંગ કરી હતી. શ્રીલંકાની ટીમ નિર્ધારિત ઓવરોમાં માંડ ૧૨૧ રન બનાવી શકી હતી. હર્ષિતા સમરવિક્રમાએ થોડો સંઘર્ષ કર્યો હતો, પરંતુ ભારતીય બોલરોએ રનગતિ પર અંકુશ રાખીને શ્રીલંકાને મોટો સ્કોર કરતા અટકાવ્યું હતું. જેમીમાનો જાદુ અને બેટિંગમાં આક્રમકતા ૧૨૨ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત મધ્યમ રહી હતી. શેફાલી વર્મા સસ્તી આઉટ થઈ ગઈ હતી, પરંતુ ત્યારબાદ જેમીમા રોડ્રિગ્સની વિજયી અડધી સદીએ મેચનું પાસું પલટી નાખ્યું હતું. જેમીમાએ અણનમ ૬૯ રનની શાનદાર ઈનિંગ રમી હતી, જેમાં તેણે મેદાનની ચારેબાજુ આકર્ષક શોટ્સ ફટકાર્યા હતા.

# મોહસિન નકવીની ફરી ફજેતી! ભારતની જુનિયર ટીમે રનર-અપ ટ્રોફી અને મેડલ ACC ચીફના હાથે ના લીધા

(એજન્સી) દુબઈ | તા. 22

દુબઈમાં U19 એશિયા કપ 2025 ફાઈનલ મેચ બાદ હાઈ-વોલ્ટેજ ડ્રામા થયો હતો. ભારતીય ટીમે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના ચેરમેન અને એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC)ના ચીફ મોહસીન નકવીને રીતસરના અવગણી દીધા હતા. એશિયા કપમાં સિનિયર ટીમ ઈન્ડિયા બાદ U19ની ટીમે પણ નકવી પાસેથી મેડલ સ્વીકારવાની ચોખ્ખી ના કહી દીધી હતી.





મહત્વનું છે કે પાકિસ્તાને ભારતને હરાવીને U19 એશિયા કપ 2025નું ટાઈટલ પોતાને નામ કર્યું હતું. જે બાદ વિનર અને રનર અપ ટીમને મેડલ માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. જ્યાં મોહસીન નકવીએ પાકિસ્તાન ટીમને ટ્રોફી અર્પણ કરી અને ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફ સાથે ઉજવણીના ફોટોગ્રાફ્સ પડાવ્યા હતા તો બીજી તરફ ભારતીય ખેલાડીઓએ નકવી સાથે સ્ટેજ શેર કરવા મનાઈ ફરમાવી હતી. જેથી મુખ્ય મંચથી અલગ જઈને અધિકારીઓએ ટીમ ભારતને રનર અપ ટ્રોફી અને મેડલ આપ્યા હતા, જ્યાં નકવી હાજર ન હતા.

ઓપરેશન સિંદૂર બાદ યોજાયેલા એશિયા કપમાં મોહસીન નકવી સતત ચર્ચાનું કેન્દ્ર બન્યા હતા. પહેલા સિનિયર ટીમ ઈન્ડિયાએ નકવીના હાથેથી ટ્રોફી લીધી ન હતી. એશિયા કપની ટ્રોફી નકવી પોતાની સાથે લઈ ગયા હતા. આજે U19 ટીમે મેડલ ન લેવાની હામ ભરતા ફરી ACC પ્રમુખ નકવીની ઈન્ટરનેશનલ ફજેતી થઈ છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે આજે ACC અંડર 19 એશિયા કપની ફાઈનલ મેચ રમાઈ હતી. જેમાં ભારતીય ટીમનો કારમો પરાજય થયો છે. ફાઈનલ મેચમાં આવીને ભારતીય ટીમ ટ્રોફી જીતી શકી નહીં. પાકિસ્તાને વિશાળ સ્કોર બનાવ્યા બાદ ભારતીય ટીમના ખેલાડીઓ બેટિંગમાં ફ્લોપ સાબિત થયા. પાકિસ્તાને પહેલા બેટિંગ કરી ભારતીય ટીમને 348 રનનો ટાર્ગેટ આપ્યો. જેનો પીછો કરતાં ટીમ ઈન્ડિયા 156માં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતના ડી દિપેશે સૌથી વધુ ત્રણ વિકેટ ખેરવી હતી.

મેચમાં ટોસ જીતીને ભારતે પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પાકિસ્તાને 50 ઓવરમાં 347 રન ફટકાર્યા. જેમાં સૌથી વધુ સમીર મિનહાસે 172 રન ફટકાર્યા. જ્યારે અહેમદ હુસૈને 56 રનની ઈનિંગ રમી. ઉસ્માન ખાને 35 રન બનાવ્યા. ભારતની બોલિંગમાં સૌથી વધુ ડી દિપેશે ત્રણ વિકેટ ખેરવી. જ્યારે ખિલન પટેલ અને હેનિલ પટેલે બે બે બેટર્સને પવેલિયનભેગા કર્યા. જોકે પાકિસ્તાનના સમીરને આઉટ કરવામાં ભારતીય બોલર્સ નબળા સાબિત થયા જેના કારણે પાકિસ્તાન 347 રનોનો પહાડ ઊભો કરી નાંખ્યો.

# એન સે-યંગે બેડમિન્ટન ટાઈટલ જીત્યું અને ઈતિહાસ રચી દીધો

(એજન્સી) હાંગઝૂ | તા. 22

વિશ્વની નંબર વન બેડમિન્ટન ખેલાડી એન સે-યંગે રમત જગતમાં એક નવો અધ્યાય લખ્યો છે. રવિવારે રમાયેલી પ્રતિષ્ઠિત 'બીડબલ્યુએફ વર્લ્ડ ટૂર ફાઈનલ્સ ૨૦૨૫' ની રોમાંચક ફાઈનલમાં ચીનની વાંગ ઝી ઈને પરાજય આપીને એન સે-યંગે બેડમિન્ટન ટાઈટલ જીત્યું છે. આ જીત સાથે જ તે એક જ સિઝનમાં ૧૦ લાખ અમેરિકી ડોલરથી વધુની ઈનામી રકમ જીતનારી વિશ્વની પ્રથમ બેડમિન્ટન ખેલાડી બની ગઈ છે. દક્ષિણ કોરિયાની આ સ્ટાર ખેલાડીએ અત્યારે બેડમિન્ટન કોર્ટ પર પોતાની એવી ધાક જમાવી છે કે મોટા-મોટા દિગ્ગજો પણ તેની સામે ફિક્કા પડી રહ્યા છે.



૧૧ ટાઈટલ અને જાપાની દિગ્ગજ મોમોટાની બરાબરી એન સે-યંગ માટે ૨૦૨૫નું વર્ષ સપના સમાન રહ્યું છે. આ વિજય તેનું સિઝનનું ૧૧મું સિંગલ્સ ટાઈટલ છે. આ સાથે તેણે જાપાનના દિગ્ગજ ખેલાડી કેન્ટો મોમોટાના એક જ સિઝનમાં સૌથી વધુ ૧૧ ટાઈટલ જીતવાના વિશ્વ રેકોર્ડની બરાબરી કરી લીધી છે. મીડિયા અહેવાલ મુજબ, આ ટુર્નામેન્ટ જીતતા પહેલા તેણે અંદાજે ૭.૬૩ લાખ ડોલરની કમાણી કરી હતી, પરંતુ ફાઈનલ જીત્યા બાદ મળેલા ૨.૪૦ લાખ ડોલરના ચેક સાથે તેની કુલ ઈનામી રકમ ૧૦ લાખ ડોલરના આંકડાને પાર કરી ગઈ છે. હારનો બદલો અને શાનદાર વાપસી હાંગઝૂમાં રમાયેલી આ ફાઈનલ મેચ અત્યંત રસાકસીભરી રહી હતી. એન સે-યંગે પ્રથમ ગેમ ૨૧-૧૩ થી જીતીને મજબૂત શરૂઆત કરી હતી, પરંતુ બીજી ગેમમાં વાંગ ઝી ઈએ ૧૮-૨૧ થી જીત મેળવીને જોરદાર લડત આપી હતી. ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે આ જ ટુર્નામેન્ટની સેમીફાઈનલમાં સે-યંગ વાંગ ઝી ઈ સામે હારી ગઈ હતી.

### બાંગ્લાદેશમાં હિન્દુઓ પર હિંસા વધતા ભારતે વિઝા સેન્ટર બંધ કર્યું

# દીપુ ચંદ્ર દાસની હત્યા બાદ સમગ્ર વિશ્વમાં રોષ

(એજન્સી) ઢાકા | તા. 22

પાડોશી દેશ બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુ સમુદાય વિરુદ્ધ અત્યાચારોની ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી. તાજેતરમાં બાંગ્લાદેશમાં હિન્દુઓ પર હિંસાની એક કમકમાટીભરી ઘટના સામે આવી છે, જેમાં એક નિર્દોષ યુવકની નિર્મમ હત્યા કરવામાં આવી છે. આ ગંભીર પરિસ્થિતિ અને ભારતીય કર્મચારીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ભારત સરકારે બાંગ્લાદેશના ચટ્ટોગ્રામમાં સ્થિત પોતાનું વિઝા એપ્લિકેશન સેન્ટર અનિશ્ચિતકાળ માટે બંધ કરવાનો નિર્ણય લીધો છે. રાજદ્વારી સ્તરે આ એક મોટું પગલું માનવામાં આવે છે, જે બાંગ્લાદેશની વર્તમાન કાયદો અને વ્યવસ્થાની કથળતી સ્થિતિનો ચિતાર આપે છે.

નિર્દોષ યુવકની જાહેરમાં હત્યા: જાણો સમગ્ર ઘટનાક્રમ બાંગ્લાદેશમાં ૨૫ વર્ષીય દીપુ ચંદ્ર દાસ નામનો યુવક ગાર્મેન્ટ ફેક્ટરીમાં મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. ગત ગુરુવારે બાલુકા વિસ્તારમાં કટ્ટરવાદીઓના એક ઉશ્કેરાયેલા ટોળાએ તેને બાનમાં લીધો હતો. દીપુ પર ઈશનિંદાનો પાયાવિહોણો આરોપ લગાવીને તેને જાહેરમાં ઢોર માર મારવામાં આવ્યો હતો. આટલેથી ન અટકતા, નરાધમોએ તેના મૃતદેહને જાહેરમાં લટકાવીને સળગાવી દીધો હતો. દીપુ ચંદ્ર દાસની હત્યા બાદ બાંગ્લાદેશ પોલીસે કબૂલાત કરી છે કે દીપુ નિર્દોષ હતો અને તેણે કોઈ જ વાંધાજનક પોસ્ટ કરી નહોતી. આ ઘટનાએ સમગ્ર માનવતાને શરમાવી દીધી છે.

ભારતનું કડક વલણ અને વિઝા સેવાઓ પર અસર ચટ્ટોગ્રામ વિઝા સેન્ટર બંધ કરવાની જાહેરાત ઈન્ડિયન વિઝા એપ્લિકેશન સેન્ટર દ્વારા સત્તાવાર રીતે કરવામાં આવી છે. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે વર્તમાન અસ્થિરતા અને સુરક્ષાના જોખમોને કારણે આ સેવાઓ સસ્પેન્ડ કરવામાં આવી છે. બાંગ્લાદેશમાં ભારતના કુલ પાંચ વિઝા સેન્ટરો છે, જેમાંથી ઢાકા, ખુલના, રાજશાહી અને સીલહેટની ઓફિસો હાલમાં રાબેતા મુજબ કાર્યરત



રહેશે. ચટ્ટોગ્રામમાં વિઝા સેવા ક્યારે પુનઃ શરૂ થશે તે ભવિષ્યની સુરક્ષા સ્થિતિ પર નિર્ભર રહેશે. ભારતના આ નિર્ણયથી બાંગ્લાદેશી નાગરિકોની અવરજવર પર મોટી અસર પડવાની સંભાવના છે.

કટ્ટરવાદી સરકારની કામગીરી અને ધરપકડનો દોર જ્યારે આ ઘટનાએ આંતરરાષ્ટ્રીય સ્તરે હોબાળો મચાવ્યો, ત્યારે મોહમ્મદ યુનુસની આગેવાની હેઠળની કાર્યવાહક સરકાર સફાળી જાગી છે. ૧૫૦ થી વધુ આરોપીઓ સામે ગુનો નોંધાયા બાદ અત્યાર સુધીમાં માત્ર ૧૨ લોકોની ધરપકડ કરવામાં આવી છે. મીડિયા અહેવાલ મુજબ, બાંગ્લાદેશમાં હિન્દુઓ પર હિંસા કરનારા તત્વો ખુલ્લેઆમ ફરી રહ્યા છે, જેના કારણે હિન્દુ પરિવારોમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે. ધરપકડ કરાયેલા આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ વિશ્વભરના માનવાધિકાર સંગઠનો કરી રહ્યા છે.

બાંગ્લાદેશના જુઠાણાનો ભારતે આપ્યો જવાબ દરમિયાન, બાંગ્લાદેશે એવો દાવો કર્યો હતો કે નવી દિલ્હીમાં સ્થિત તેની એમ્બેસીની બહાર લોકો દ્વારા મોટા પાયે વિરોધ પ્રદર્શનો અને ધરણા કરવામાં આવ્યા હતા. જોકે, ભારત સરકારે આ દાવાને સખત શબ્દોમાં નકારી કાઢ્યો છે. કેન્દ્રીય મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે બાંગ્લાદેશ આ મુદ્દે પાયાવિહોણું જુઠાણું ફેલાવી રહ્યું છે અને દિલ્હીમાં આવી કોઈ ઘટના બની નથી.

### સ્વચ્છ હવા વિરુદ્ધ દિલ્હીનું ઝેરી પ્રદૂષણ

## 200 કિ.મી. દૂરથી માઉન્ટ ફૂજી દેખાયાનો દાવો કરતો વીડિયો વાયરલ

(એજન્સી) ટોક્યો/નવી દિલ્હી | તા. 22

જ્યારે ભારતની રાજધાની દિલ્હી અને તેની આસપાસના વિસ્તારો ઝેરી ધુમ્મસ (સ્મોગ)ની ચાદર નીચે ઢંકાયેલા છે, ત્યારે સોશિયલ મીડિયા પર જાપાનનો એક વીડિયો ભારતીયોને આશ્ચર્યમાં મૂકી રહ્યો છે. જાપાનમાં રહેતા એક ભારતીય દ્વારા કરવામાં આવેલ 200 કિ.મી. દૂરથી માઉન્ટ ફૂજી દેખાયાનો દાવો અત્યારે ઈન્ટરનેટ પર ચર્ચાનો વિષય બન્યો છે. આ વીડિયોએ માત્ર કુદરતની સુંદરતા જ નહીં, પરંતુ વાયુ પ્રદૂષણ સામે લડવામાં પર્યાવરણની સ્વચ્છતા કેટલી મહત્વની છે તે પાસું પણ ઉજાગર કર્યું છે.

સ્વચ્છ આકાશ અને અદભૂત નજારો: જાણો સમગ્ર ઘટનાક્રમ સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા આ વીડિયોને જાપાનમાં વસતા ભારતીય અઝીમ મંસૂરીએ શેર કર્યો છે. વીડિયોમાં અઝીમ એક ખુલ્લી જગ્યાએ ઉભો છે અને તે કેમેરો ફેરવીને દાવો કરે છે કે તેની પાછળ દેખાતો વિશાળ પર્વત માઉન્ટ ફૂજી છે, જે તેના લોકેશનથી અંદાજે ૨૦૦ કિલોમીટર દૂર સ્થિત છે. વીડિયોમાં આકાશ એકદમ વાદળી અને હવા એટલી પારદર્શક દેખાય છે કે પર્વતની ટોચ પરની બરફની છાદર પણ સ્પષ્ટ જોઈ શકાય છે. કોઈ ધુમ્મસ કે પ્રદૂષણ વગરનો આ નજારો દિલ્હી જેવા શહેરોના રહેવાસીઓ માટે એક સપના સમાન છે.

દિલ્હી વિરુદ્ધ જાપાન: સોશિયલ મીડિયા પર જંગ આ વીડિયો સામે આવતાની સાથે જ યુઝર્સે ભારત અને જાપાનની હવાની ગુણવત્તા (AQI) વચ્ચે તુલના શરૂ કરી દીધી છે. દિલ્હીમાં વિઝિબિલિટી એટલી ઘટી ગઈ છે કે રસ્તા પર ૧૦ મીટર દૂરનું દ્રશ્ય જોવું પણ મુશ્કેલ છે. મીડિયા અહેવાલ મુજબ, એક યુઝરે કટાક્ષમાં લખ્યું કે, "અહીં દિલ્હીમાં હવા મારા ભવિષ્ય કરતા પણ વધુ ધૂંધળી છે," જ્યારે અન્ય એક યુઝરે વિનંતી કરી કે, "થોડી હવા અહીં પણ પાર્સલ કરી દો." લોકોની આ નારાજગી ભારતના મેટ્રો શહેરોમાં વધતા જતા વાયુ પ્રદૂષણ પ્રત્યેનો આક્રોશ દર્શાવે છે.

## ન્યૂઝ બ્રીફ

### રશિયામાં કારમાં પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ, પુતિનના લેફ્ટનન્ટ જનરલનું કરુણ મોત



રશિયા | રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધની સ્થિતિ લાંબા સમયથી જોવા મળી રહી છે ત્યારે રશિયાથી એક ચોંકાવનારા અહેવાલ સામે આવ્યા છે. અહીં રાજધાની મોસ્કોમાં 22 ડિસેમ્બરે એક કારમાં પ્રચંડ બોમ્બ બ્લાસ્ટની ઘટના બની હતી જેમાં એક રશિયન લેફ્ટનન્ટ જનરલનું મૃત્યુ થયું છે. અહેવાલ અનુસાર રશિયાની તપાસમાં જાણકારી સામે આવી કે રશિયન જનરલ સ્ટાફના આર્મી ઓપરેશનલ ટ્રેનિંગ ડિરેક્ટોરેટના પ્રમુખ લેફ્ટનન્ટ જનરલ ફેનિલ સરવરોવની હત્યા કરી દેવામાં આવી છે. સમિતિએ કહ્યું કે અમે એવા એંગલની તપાસ કરી રહ્યા છીએ કે ક્યાંક આ બોમ્બ યુક્રેનની ગુપ્તચર એજન્સી દ્વારા તો ફીટ નહોતો કરાયો?

### એપસ્ટિન ફાઈલમાંથી ટ્રમ્પની તસવીરો હટાવવા 1000 લોકોને કામે લગાડાયા હતા

વોશિંગ્ટન | અમેરિકન ન્યાય વિભાગે શુક્રવારે કુખ્યાત ગુનેગાર જેફરી એપસ્ટિન સંબંધિત લાખો ફાઈલો જાહેર કરી હતી અને શનિવારે કેટલીક ફાઈલો ગાયબ થઈ ગઈ છે ત્યારે ડેમોક્રેટિક સેનેટર ડિક ડર્બિને આક્ષેપ કર્યો હતો કે એપસ્ટિન ફાઈલોમાંથી પ્રમુખ ટ્રમ્પની તસવીરો ગાયબ કરવા માટે સરકારે 1000 લોકોને 24 કલાક કામે લગાવાયા હતા. જોકે, ડેમોક્રેટ સાંસદો અને અમેરિકનોની અપેક્ષા કરતા ઘણા ઓછા દસ્તાવેજો જાહેર કરવામાં આવ્યા હોવાનો દાવો કરાયો હતો. ઈલિનોઈસના ડેમોક્રેટ સાંસદ ડિક ડર્બિને કહ્યું કે, ટ્રમ્પના એટર્ની જનરલ પામ બોન્ડીએ ૧૯ ડિસેમ્બરે એપસ્ટિનની ફાઈલો જાહેર થાય તે પહેલાં લાખો દસ્તાવેજોની સમીક્ષા માટે 1000 લોકોને 24 કલાક કામે લગાડવા એફબીઆઈ પર દબાણ કર્યું હતું.

### 3 દિવસમાં 12 લાશો, ક્યાંક બ્રિજ પર લટકાવી તો ક્યાંક જંગલોમાં માર્યા



અમેરિકા | મધ્ય અમેરિકામાં એક એવો દેશ આવેલો છે જે કાયદાથી પોતાની સમૃદ્ધ માયા સંસ્કૃતિ, જ્વાળામુખીઓ, લીલાછમ જંગલો અને પ્રાચીન ખંડેર માટે જાણીતો હોવો જોઈએ. પરંતુ વૈશ્વિક સ્તરે તેની ઓળખ એક એવા દેશ તરીકે છે જ્યાં ગેંગવૉરે તબાહી મચાવી રાખી છે, જ્યાં હત્યાનો દર વૈશ્વિક સરેરાશ કરતા બમણો છે. અમે વાત કરી રહ્યા છીએ ગ્વાટેમાલાની. એક અહેવાલ પ્રમાણે ગ્વાટેમાલા સિટીની બહાર એક જંગલી વિસ્તારમાં ત્રણ દિવસમાં 12 લાશો મળી આવી છે. અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું કે, આ મૃતદેહો ગેંગ હિંસા સાથે જોડાયેલા છે. આ એવો દેશ જ્યાં ગેંગવૉર થાય તો અમેરિકા પણ ડરી જાય છે.

### બહિષ્કાર : હાઈ કમિશનમાં ઘૂસણખોરી અંગેની કાર્યવાહી; ભારતીય ઉત્પાદનોનો બહિષ્કાર

# રશિયાનો યુક્રેન પર ભીષણ હુમલો થતા ચારેબાજુ તબાહીના દ્રશ્યો, વોલોદીમિર ઝેલેન્સ્કીનો દાવો અને આંકડા

(એજન્સી) કિવ | તા. 22

પૂર્વ યુરોપમાં ચાલી રહેલું રશિયા-યુક્રેન યુદ્ધ હવે અત્યંત વિનાશક તબક્કામાં પ્રવેશી ચૂક્યું છે. છેલ્લા એક સપ્તાહમાં રશિયન સૈન્યએ આક્રમકતાની તમામ હદો વટાવી દીધી છે. રશિયાનો યુક્રેન પર ભીષણ હુમલો અત્યાર સુધીનો સૌથી ઘાતક સાબિત થઈ રહ્યો છે, જેમાં હજારો ડ્રોન અને બોમ્બનો ઉપયોગ કરવામાં આવ્યો છે. યુક્રેનના પ્રમુખ વોલોદીમિર ઝેલેન્સ્કીએ આ વિનાશકારી હુમલાની વિગતો જાહેર કરતા આંતરરાષ્ટ્રીય સમુદાયને યુક્રેનની પડખે ઉભા રહેવા હાકલ કરી છે. યુદ્ધના મેદાનમાં લોહીની નદીઓ વહી રહી છે ત્યારે બીજી તરફ પડદા પાછળ શાંતિના પ્રયાસો પણ તેજ બન્યા હોવાના સંકેતો મળી રહ્યા છે.

સાત દિવસમાં ભયાનક તબાહી: જાણો સમગ્ર ઘટનાક્રમ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદીમિર ઝેલેન્સ્કીનો દાવો છે કે છેલ્લા માત્ર સાત દિવસમાં રશિયાએ યુક્રેન પર ૧૩૦૦ આત્મઘાતી ડ્રોન, ૧૨૦૦ ગાઈડેડ એરિયલ બોમ્બ અને ૯ શક્તિશાળી મિસાઈલો ઝીંકી છે. આ આંકડા રશિયાની અત્યાર સુધીની સૌથી મોટી સૈન્ય કાર્યવાહી તરફ ઈશારો કરે છે. ખાસ કરીને ઓડેસા ક્ષેત્ર અને દક્ષિણના વિસ્તારો આ હુમલાનું મુખ્ય નિશાન બન્યા છે. શુક્રવારની રાત્રે થયેલા બોમ્બમારામાં ૮ નાગરિકોના કરુણ મોત નીપજ્યા છે, જ્યારે ૨૭ થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. છેલ્લા નવ દિવસથી ઓડેસા પર સતત હુમલા થવાને કારણે શહેરનો વીજ પુરવઠો સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે અને હજારો લોકો અંધારપટમાં જીવવા મજબૂર બન્યા છે.

આંતરરાષ્ટ્રીય આર્થિક મદદ અને નવા સંરક્ષણ કરારો જ્યારે રશિયા હુમલાઓ તેજ કરી રહ્યું છે, ત્યારે યુક્રેનને પશ્ચિમી દેશો તરફથી મોટું આર્થિક અને લશ્કરી પીઠબળ મળી રહ્યું છે. ઝેલેન્સ્કીએ ખુલાસો કર્યો છે કે યુરોપિયન કાઉન્સિલે ૨૦૨૬-૨૦૨૭ ના સમયગાળા માટે અંદાજે ૯૦ બિલિયન યુરો એટલે કે ૧૦૬ બિલિયન ડોલરનું વિશાળ નાણાકીય પેકેજ મંજૂર કર્યું છે. આ ઉપરાંત નોર્વે અને જાપાન તરફથી પણ સહાયના વચનો મળ્યા છે. સંરક્ષણ ક્ષેત્રે યુક્રેને પોર્ટુગલ સાથે દરિયાઈ ડ્રોનના સંયુક્ત ઉત્પાદન માટે મહત્વપૂર્ણ કરાર કર્યા



છે, જે રશિયન નૌકાદળને જવાબ આપવા માટે સક્ષમ બનાવશે.

રશિયા અમેરિકા ગુપ્ત વાટાઘાટો: શાંતિની નવી આશા? યુદ્ધના મેદાનમાં ચાલી રહેલી હિંસા વચ્ચે મિયામીમાં ચાલી રહેલી એક ઉચ્ચ સ્તરીય બેઠકે સૌનું ધ્યાન ખેંચ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, રશિયા અમેરિકા ગુપ્ત વાટાઘાટો અત્યંત સંવેદનશીલ સ્તરે ચાલી રહી છે. આ બેઠકમાં અમેરિકા તરફથી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વિશ્વાસુ સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનર હાજર છે, જ્યારે રશિયા તરફથી વિશેષ દૂત કિરિલ દિમિત્રીવ પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.

રશિયન દૂતે આ વાતચીતને "રચનાત્મક" ગણાવી છે. ઝેલેન્સ્કીએ પણ આશા વ્યક્ત કરી છે કે અમેરિકાની મધ્યસ્થીથી એક "સન્માનજનક શાંતિ" સ્થાપિત થઈ શકે છે જે યુક્રેનની અખંડિતતા જાળવી રાખે.

માનવીય સંકટ અને પુનઃસ્થાપન કામગીરી હુમલાથી પ્રભાવિત વિસ્તારોમાં માનવીય સંકટ ઘેરું બન્યું છે. ઝેલેન્સ્કીએ સોશિયલ મીડિયા પર શેર કરેલા વિડીયોમાં કાટમાળ નીચે દબાયેલા મકાનો અને રડતા લોકોની વેદના સ્પષ્ટ દેખાય છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, યુક્રેનિયન સેના અને બચાવ ટુકડીઓ યુદ્ધના ધોરણે વીજળી અને પાણી જેવી પાયાની સુવિધાઓ પુનઃસ્થાપિત કરવા માટે મથામણ કરી રહી છે. રશિયાનો યુક્રેન પર ભીષણ હુમલો એ વાતની સાબિતી છે કે યુદ્ધ હવે નિર્ણાયક વળાંક પર છે. હવે જોવાનું એ રહેશે કે મિયામીમાં ચાલી રહેલી વાટાઘાટો રવિવાર સુધીમાં કોઈ ઠોસ પરિણામ લાવે છે કે પછી યુરોપની ધરતી પર વિનાશનું આ તાંડવ હજુ વધુ સમય ચાલુ રહેશે.

### એપસ્ટિનનું 'ડાર્ક સિક્રેટ':

## ટ્રમ્પની 'ગાયબ તસવીર' ફરી અપલોડ થઈ, મેલાનિયા પણ દેખાઈ



(એજન્સી) વોશિંગ્ટન | તા. 22

જેફરી એપ્સટિન સંબંધિત તાજેતરમાં જાહેર કરાયેલા દસ્તાવેજોમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો એપ્સ્ટિન સાથેનો ફોટો સામે આવતાં ખળભળાટ મચી ગયો છે. અમેરિકાના 'ન્યાય વિભાગ' (DoJ - ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ) દ્વારા જાહેર કરાયેલો આ ફોટો અગાઉ પીડિતોની સુરક્ષાના કારણોસર દૂર કરવામાં આવ્યો હતો. ન્યાય વિભાગે જણાવ્યું છે કે, ન્યૂ યોર્કના સધર્ન ડિસ્ટ્રિક્ટે સંભવિત સમીક્ષા માટે આ ફોટોને ચિહ્નિત કર્યા પછી સાવચેતી ખાતર તેને દૂર કરાયો હતો. જોકે, પુનઃસમીક્ષા પછી જણાયું હતું કે, આ ફોટામાં કોઈ એપ્સટિન પીડિત દર્શાવાયેલ નથી, અને તેથી તેને કોઈ ફેરફાર વિના પાછો મૂકવામાં આવ્યો છે.

ટ્રમ્પ-મેલાનિયા અને એપ્સટિન-મેક્સવેલનો ગૃપ ફોટો એપ્સટિન સંબંધિત દસ્તાવેજમાં ટ્રમ્પના બે ફોટોગ્રાફનો સમાવેશ થાય છે. એક ફોટામાં ટ્રમ્પ રિપબ્લિકન મહિલાઓના જૂથ સાથે દેખાય છે. બીજા ફોટામાં ટ્રમ્પ, તેમનાં પત્ની મેલાનિયા, જેફરી એપ્સટિન અને એપ્સટિનની જેલવાસ ભોગવી રહેલી સાથી ઘિસ્લેન મેક્સવેલ દેખાય છે. અન્ય દસ્તાવેજોમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન અને પોપ જ્હોન પોલ બીજા સહિત ઘણા હાઈ-પ્રોફાઈલ લોકોના ફોટા છે.

ન્યાય વિભાગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટ દ્વારા આ પગલાને વિગતવાર સમજાવતાં જણાવ્યું હતું કે, 'સધર્ન ડિસ્ટ્રિક્ટ ઓફ ન્યૂ યોર્કે પીડિતોને સુરક્ષિત રાખવા માટે રાષ્ટ્રપતિ ટ્રમ્પના ફોટા તરફ ઈશારો કર્યો હતો. ખૂબ સાવધાની રાખીને ન્યાય વિભાગે અસ્થાયી રૂપે એ ફોટાને દૂર કરી દીધો હતો. નવી સમીક્ષા પછી એવું નક્કી કરવામાં આવ્યું કે ફોટોગ્રાફમાં કોઈ એપ્સટિન પીડિતો દર્શાવવામાં ન આવ્યા હોવાથી તેને કોઈપણ પ્રકારના ફેરફાર કે સંપાદન વિના ફરીથી પોસ્ટ કરવામાં આવે.'

## 'તમે નબળા માણસ છો...' ઓસ્ટ્રેલિયાના પીએમ સાથે ધક્કામુક્કી

(એજન્સી) સિડની | તા. 22

સિડનીના બોન્ડી બીચ પર થયેલા ભીષણ આતંકવાદી હુમલા બાદ સ્થિતિ વણસી રહી છે. આ હુમલાના પીડિતોને શ્રદ્ધાંજલિ આપવા પહોંચેલા ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બાનીઝને જનતાના ભારે રોષનો સામનો કરવો પડ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, શ્રદ્ધાંજલિ કાર્યક્રમ દરમિયાન લોકોએ વડાપ્રધાન વિરુદ્ધ જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા અને પરિસ્થિતિ એટલી તંગ બની ગઈ હતી કે તેમને ધક્કામુક્કીનો પણ સામનો કરવો પડ્યો હતો. સુરક્ષાના કારણોસર વડાપ્રધાનને અંધારામાં ત્યાંથી બહાર કાઢવા પડ્યા હતા. લોકોએ તેમને 'નબળા અને ખતરનાક' ગણાવીને પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો.

નોંધનીય છે કે, 14 ડિસેમ્બર, 2025ના રોજ એક યહૂદી તહેવાર દરમિયાન બે બંદૂકધારીઓએ



કરેલા અંધાધૂંધ ગોળીબારમાં 15 લોકોના મોત થયા હતા. ઓસ્ટ્રેલિયા સરકારે તેને આતંકવાદી હુમલો જાહેર કર્યો છે. જોકે, સ્થાનિક યહૂદી સમુદાય અને નાગરિકોનો આરોપ છે કે સરકાર દેશમાં વધી રહેલી યહૂદી વિરોધી ભાવનાઓને રોકવામાં નિષ્ફળ રહી છે. લોકોમાં એવી પણ ચર્ચા છે કે વડાપ્રધાને ઈઝરાયલને સમર્થન આપવાને બદલે પેલેસ્ટાઈનનો પક્ષ લીધો અને પેલેસ્ટાઈન રાજ્યને માન્યતા આપવાના તેમના નિર્ણયને કારણે સુરક્ષા વ્યવસ્થા નબળી પડી છે.

### જર્મન એન્જિનિયર માઈકેલા બેન્થૌસ અવકાશમાં જનાર પ્રથમ અપંગ મહિલા બન્યા

ટેક્સાસ | જર્મન એન્જિનિયર માઈકેલા બેન્થૌસ અવકાશમાં મુસાફરી કરનારી વિશ્વની પ્રથમ અપંગ વ્યક્તિ બની હતી. તેણીએ બ્લુ ઓરિજિન રોકેટમાં 10 મિનિટ માટે અવકાશમાં ઉડાન ભરી હતી. સાત વર્ષ પહેલાં માઉન્ટેન બાઈક અકસ્માતમાં તેણીને કરોડરજ્જુની ગંભીર ઈજા થઈ હતી અને ત્યારથી તે વ્હીલચેર સુધી મર્યાદિત છે. માઈકેલા બેન્થૌસ, હંસ કોએનિગ્સમેન અને અન્ય ચાર લોકો ટેક્સાસથી ન્યૂ શેફર્ડ રોકેટમાં સવાર થયા હતા. રોકેટ તેમને પૃથ્વીની સપાટીથી લગભગ 100 કિમી ઉપર, કર્મન લાઈન પર લઈ ગયું હતુ. માઈકેલા યુરોપિયન સ્પેસ એજન્સીમાં કામ કરે છે. તેણીએ સમજાવ્યું કે આ અકસ્માતથી તેણીને ખ્યાલ આવ્યો કે અપંગ લોકો માટે દુનિયા કેટલી મુશ્કેલ છે. સ્પેસ કેપ્સ્યુલમાં પ્રવેશ કરતી વખતે, તેણીએ કેપ્સ્યુલ પર સ્થાપિત ખાસ બેન્ચનો ઉપયોગ કરીને વ્હીલચેરમાં પોતાને એક જગ્યાએથી બીજી જગ્યાએ ખસેડી.

## રશિયાનો સ્ટારલિંક સેટેલાઈટને ખતરો: નાટોનો સનસનીખેજ ખુલાસો

### નાટો ગુપ્તચર એજન્સીનો દાવો અને રશિયાની નવી રણનીતિ

(એજન્સી) બ્રસેલ્સ/મોસ્કો | તા. 22

અંતરિક્ષ હવે નવું યુદ્ધ મેદાન બનવા જઈ રહ્યું હોય તેવા સંકેતો મળી રહ્યા છે. નાટો દેશોની ગુપ્તચર એજન્સીઓએ એક ચોંકાવનારો દાવો કર્યો છે કે રશિયાનો સ્ટારલિંક સેટેલાઈટને ખતરો વધી ગયો છે. અહેવાલો મુજબ, રશિયા એક એવું અત્યાધુનિક હથિયાર વિકસાવી રહ્યું છે જે પૃથ્વીની નીચલી કક્ષામાં (Low Earth Orbit) કાર્યરત એલન મસ્કની સ્ટારલિંક સેટેલાઈટ સિસ્ટમને પળવારમાં નષ્ટ કરી શકે છે. આ હથિયારના ઉપયોગથી પશ્ચિમી દેશો અને ખાસ કરીને યુક્રેનની સંરક્ષણ પ્રણાલી પર ગંભીર અસર પડી શકે છે, જેના કારણે યુરોપિયન દેશોમાં ભારે ચિંતા જોવા મળી રહી છે. 'ઝોન-ઈફેક્ટ' હથિયાર: વિનાશની નવી પદ્ધતિ નાટોના બે સભ્ય દેશોની ગુપ્તચર એજન્સીઓના જણાવ્યા અનુસાર, રશિયા જે હથિયાર બનાવી રહ્યું છે તેને 'ઝોન-ઈફેક્ટ' વેપન તરીકે ઓળખવામાં આવે છે. આ હથિયાર સેટેલાઈટ પર હજારો નાના છરા છોડવામાં સક્ષમ છે. જ્યારે આ છરા અવકાશમાં ફેલાશે, ત્યારે તે સ્ટારલિંકના હજારો નાના સેટેલાઈટ્સ સાથે અથડાશે અને તેને કામ કરતા બંધ કરી દેશે.

યુક્રેન માટે કેમ મહત્વનું છે સ્ટારલિંક? યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં એલન મસ્કની સ્ટારલિંક સેવા જીવનરેખા સમાન સાબિત થઈ છે. જ્યારે રશિયાએ યુક્રેનના ગ્રાઉન્ડ ઈન્ટરનેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને તોડી નાખ્યું હતું, ત્યારે સ્ટારલિંકના હાઈ-સ્પીડ ઈન્ટરનેટે યુક્રેનિયન સેનાને બેટલફિલ્ડમાં સંચાર કરવા, ડ્રોન ઓપરેટ કરવા અને મિસાઈલ ટાર્ગેટ કરવામાં મદદ કરી હતી.

**બોમ્બ** ઓસ્ટ્રેલિયાના બોન્ડી બીચના હુમલાખોરમાં પોલીસે કહ્યું- 'પહેલા બોમ્બ ફેંક્યા'

# નવીદ અને સાજિદને લઈને ચોંકાવનારો ખુલાસો

(એજન્સી) સિડની | તા. 22

સિડનીના બોન્ડી બીચ પર થયેલા ભયાનક આતંકી હુમલાના કેસમાં પોલીસ તપાસમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. આ હુમલાના મુખ્ય આરોપીઓ નવીદ અકરમ અને તેના પિતા સાજીદ અકરમે 14 ડિસેમ્બરે એક યહૂદી કાર્યક્રમને નિશાન બનાવ્યો હતો, જેમાં 15 લોકોના કરુણ મોત નીપજ્યા હતા. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે આ આખું કાવતરું અત્યંત વ્યવસ્થિત રીતે ઘડવામાં આવ્યું હતું અને ઈસ્લામિક સ્ટેટની વિચારધારાથી પ્રેરિત હતો. હુમલા પહેલા બંને આરોપીઓએ હથિયારો ચલાવવાની સઘન ટ્રેનિંગ લીધી હતી અને હુમલાના બે દિવસ અગાઉ 'ડ્રાય રન' એટલે કે રિહર્સલ પણ કર્યું હતું.

### મોટી જાનહાનિનું ભયાનક કાવતરું

પોલીસને તપાસમાં એવા વીડિયો ફૂટેજ મળ્યા છે જેમાં ઑક્ટોબર 2025 દરમિયાન નવીદ અને સાજીદ શોટગન ચલાવતા અને વ્યૂહાત્મક રીતે આગળ વધવાની




પ્રેક્ટિસ કરતા જોવા મળે છે. અન્ય એક વીડિયોમાં તેઓ ISના ઝંડા સાથે ઝાયોનિસ્ટોની નિંદા કરતા અને કુરાનની આયતો પઢતા જોવા મળ્યા હતા. હુમલાના દિવસે આરોપીઓએ તેમના વાહન પર પણ ISના ઝંડા લગાવ્યા હતા. તપાસકર્તાઓના જણાવ્યા અનુસાર, ભીડમાં ચાર આત્મઘાતી બોમ્બ(IED) ફેંકવામાં આવ્યા હતા, પરંતુ સદનસીબે તે ફાટ્યા નહોતા, નહીંતર જાનહાનિનો આંકડો ઘણો મોટો હોઈ શકત.

### પિતા ઠાર, પુત્ર પોલીસ સકંજામાં

પોલીસે સ્થળ પર જ સાજીદ અકરમને ગોળી મારીને ઢેર કર્યો હતો, જ્યારે તેના પુત્ર નવીદ અકરમની ધરપકડ કરવામાં આવી છે. 24 વર્ષીય નવીદ પર હાલમાં 15 હત્યાઓ, 40 હત્યાના પ્રયાસો અને આતંકવાદ સંબંધિત કલમો સહિત કુલ 59 ગંભીર કેસ નોંધવામાં આવ્યા છે. સિડની પોલીસ અને સુરક્ષા એજન્સીઓ આ મામલે વધુ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

## મોરબીનો યુવક રશિયા-યુક્રેન યુદ્ધમાં મને બળજબરીપૂર્વક ધકેલાયો

(એજન્સી) નવી દિલ્હી | તા. 22

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધમાં હવે ગુજરાતનો વધુ એક યુવક ફસાયો છે. મોરબીના રહેવાસી સાહિલ મોહમ્મદ હુસૈન નામના યુવકે યુક્રેન સરહદેથી એક વીડિયો શેર કરી પોતાની આપવીતી જણાવી છે. સાહિલનો આરોપ છે કે તેને રશિયામાં ખોટા ડ્રગ્સ કેસમાં ફસાવી, બ્લેકમેલ કરીને બળજબરીપૂર્વક રશિયન સેનામાં ભરતી કરવામાં આવ્યો હતો.

અહેવાલો અનુસાર, સાહિલ ઉચ્ચ અભ્યાસ માટે રશિયા ગયો હતો. ત્યાં તે પોતાનો ખર્ચ કાઢવા માટે એક કુરિયર કંપનીમાં પાર્ટ-ટાઈમ નોકરી કરતો હતો. એક દિવસ રશિયાની પોલીસે તેને પકડી લીધો અને તેના પર ડ્રગ્સ સ્મગલિંગનો ખોટો આરોપ લગાવ્યો. તેને ધમકી આપવામાં આવી કે જો તે રશિયન સેનામાં જોડાવાના કરાર પર સહી નહીં કરે, તો તેને લાંબી જેલની સજા થશે. જીવ બચાવવા અને જેલથી બચવા માટે મજબૂરીમાં સાહિલે કરાર સ્વીકાર્યો અને માત્ર 15 દિવસની તાલીમ બાદ તેને યુક્રેન બોર્ડર પર લડવા મોકલી દેવાયો.

સરહદ પર પહોંચતા જ સાહિલે રશિયા તરફથી લડવાને બદલે યુક્રેનની સેના સામે આત્મસમર્પણ કરી દીધું હતું. હાલ તે યુક્રેનિયન સેનાના કબજામાં છે. યુક્રેનની સેનાએ જ સાહિલને આ વીડિયો બનાવવાની મંજૂરી આપી છે, જેથી તે ભારત સરકાર અને પોતાના પરિવાર સુધી સંદેશ પહોંચાડી શકે.

સાહિલે વીડિયોના માધ્યમથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે વતન પરત લાવવા મદદ માગી છે. સાથે જ તેણે ભારતીય યુવાનોને ચેતવણી આપતા કહ્યું છે કે, 'કોઈપણ ભારતીય રશિયન સેનાના પ્રલોભન કે દબાણમાં આવીને આર્મી જોઈન ન કરે.

## મોબાઈલ ચાર્જ કરવા માટે 2 કલાકની પદયાત્રા

# જ્યાં દેશનો પ્રથમ હાઈડ્રો પ્રોજેક્ટ 117 વર્ષ પહેલા સ્થાપિત કરાયો ત્યાં હજુ વીજળી નથી પહોંચી

(એજન્સી) નવી દિલ્હી | તા 22



એક તરફ ભારત ડિજિટલ ક્રાંતિ અને ચંદ્ર-મંગળ સુધી પહોંચવાની વાતો કરે છે, તો બીજી તરફ આઝાદીના સાત દાયકા બાદ પણ દેશમાં એક એવું ગામ છે જ્યાં હજુ સુધી વીજળીનો પહેલો બલ્બ પણ નથી ટિમટિમ્યો. હિમાચલ પ્રદેશનો ચંબા જિલ્લો, જેણે 117 વર્ષ પહેલાં એટલે કે 1908માં ભારતને પોતાનો પ્રથમ હાઈડ્રો પાવર પ્રોજેક્ટ આપીને ઈતિહાસ રચ્યો હતો, તે જ જિલ્લાનું 'તિલંગ' ગામ આજે પણ ઘોર અંધકારમાં જીવવા મજબૂર છે. કુદરતી સૌંદર્યથી ભરપૂર આ ગામમાં રહેતા પરિવારો માટે પાયાની સુવિધાઓ આજે પણ એક સપનું બનીને રહી ગઈ છે. કુદરતી સૌંદર્યથી ભરપૂર આ ગામમાં માત્ર 7-8 પરિવારો વસે છે, પરંતુ વીજળી જેવી પાયાની સુવિધાના અભાવે તેમનું જીવન અત્યંત દુષ્કર બની ગયું છે.ગામની ખરાબ સ્થિતિનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે ગ્રામજનોએ પોતાનો મોબાઈલ ચાર્જ કરવા માટે પણ આશરે બે કિલોમીટર પગપાળા ચાલીને પડોશી ગામે જવું પડે છે, જેમાં બે કલાક જેટલો સમય વેડફાય છે. વીજળીના અભાવે બાળકોનો અભ્યાસ અને રોજિંદા કામો ખોરવાય છે, જેના કારણે કંટાળીને અનેક લોકોએ ગામ છોડવાનું શરૂ કરી દીધું છે. એટલું જ નહીં, ગામમાં રોડ-રસ્તાની સુવિધા પણ ન હોવાથી કોઈ બીમાર પડે ત્યારે દર્દીને એમ્બ્યુલન્સ સુધી પહોંચાડવા માટે 8-10 લોકોએ ખભા પર ઊંચકીને પહાડી રસ્તાઓ કાપવા પડે છે. લગ્ન જેવા પ્રસંગોમાં માંડ-માંડ જનરેટરની વ્યવસ્થા કરવી પડે છે, જે આર્થિક રીતે પણ ઘણું મોંઘું પડે છે.એશિયાનો પહેલો પાવર પ્રોજેક્ટ આપનાર જિલ્લાની શરમજનક સ્થિતિ સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે કારણ કે તેમના ગામથી માત્ર 200-300 મીટર દૂર આવેલા અન્ય ગામોમાં વીજળી પહોંચી ગઈ છે, છતાં તિલંગ ગામની અવગણના થઈ રહી છે. ગ્રામજનોએ અનેકવાર લોકપ્રતિનિધિઓને રજૂઆત કરી હોવા છતાં અત્યાર સુધી કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી.

ગામના યુવાનોનું કહેવું છે કે જ્યારે દુનિયા મંગળ પર જીવન શોધી રહી છે, ત્યારે તેઓ હજુ અંધારામાં જીવે છે. જો આ વિસ્તારમાં વીજળી અને રસ્તા પહોંચે તો આ અજાણ્યું સ્થળ એક સુંદર પર્યટન કેન્દ્ર બની શકે છે, જે સ્થાનિકોને રોજગારી પણ પૂરી પાડી શકે છે. 1908માં એશિયાનો બીજો સૌથી મોટો પાવર પ્રોજેક્ટ બનાવનાર આ જિલ્લામાં સરકારની આવી નિષ્ફળતા ખરેખર શરમજનક છે.

### બાંગ્લાદેશમાં વધી રહેલા અત્યાચારો સામે હિન્દુઓએ એક થવું જ પડશે : ભાગવત

કોલકાતા: બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચાર વધ્યો છે ત્યારે ત્યાંના હિન્દુઓએ એક થવું પડશે. ઉપરાંત માત્ર ભારત જ નહીં આખી દુનિયાના હિન્દુઓએ બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓની મદદ કરવા આગળ આવવું પડશે તેમ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતે જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, પશ્ચિમ બંગાળમાં મુસ્લિમોની ઘૂસણખોરી ચિંતાજનક બાબત છે. વધુમાં તેમણે કહ્યું કે, ભાજપના દૃષ્ટિકોણથી આરએસએસને સમજવો એ મોટી ભૂલ છે. સંઘની સ્થાપના ભારતને વિશ્વ ગુરુ બનાવવા માટે થઈ છે.બાંગ્લાદેશમાં શેખ હસીનાની સરકારના પતન પછી ત્યાં કટ્ટરવાદીઓનું પ્રભુત્વ અને હિન્દુઓ પર અત્યાચાર વધ્યા છે. બીજીબાજુ પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી પહેલાં બાબરી મસ્જિદની સ્થાપનાનો વિવાદ વકર્યો છે. આવા સમયે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવત પશ્ચિમ બંગાળના ચાર દિવસના પ્રવાસે છે. તેમણે રવિવારે કોલકાતામાં એક કાર્યક્રમને સંબોધન કરતા કહ્યું કે, બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચારો અત્યંત ચિંતાજનક બાબત છે. પડોશી દેશમાં લઘુમતી હિન્દુઓની સ્થિતિ અત્યંત મુશ્કેલ છે. એવામાં તેમણે પોતાની સુરક્ષા માટે એક થવું પડશે. તેમણે ઉમેર્યું કે, માત્ર બાંગ્લાદેશ જ નહીં સમગ્ર દુનિયાના હિન્દુઓએ પોતાની મર્યાદામાં રહીને તેમને શક્ય એટલી તમામ મદદ કરવી જોઈએ. ભારત હિન્દુઓ માટે એકમાત્ર દેશ છે, તેથી ભારત સરકારે આ મુદ્દે ધ્યાન આપવું જોઈએ.

## News Brief

### દિલ્હી, પંજાબ અને હરિયાણા હજુ પણ ધુમ્મસના સકંજામાં, ઉત્તર પ્રદેશમાં 9 લોકોના મોત



જમ્મુ-કાશ્મીરમાં રવિવારે પર્વતીય વિસ્તારોમાં હિમવર્ષા અને મેદાની પ્રદેશોમાં વરસાદના કારણે ઠંડીનો પ્રકોપ વધ્યો હતો. બીજીબાજુ દિલ્હી, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશને રવિવારે ગાઢ ધૂમ્મસથી કોઈ છુટકારો મળ્યો નહોતો અને ગાઢ ધુમ્મસથી વિઝિબિલિટી અત્યંત ઘટી ગઈ હતી. રાજ્યમાં વિવિધ અકસ્માતોમાં કુલ નવ લોકોનાં મોત નીપજ્યાં હતા. બીજીબાજુ દિલ્હીમાં ધુમ્મસના કારણે રવિવારે એરપોર્ટ ઓથોરિટીને 105થી વધુ ફ્લાઈટ્સ રદ કરવાની ફરજ પડી હતી અને 450થી વધુ ફ્લાઈટના કાર્યક્રમો ખોરવાયા હતા.ઉત્તર પ્રદેશમાં રવિવારે પાછોતરી હવાઓના કારણે ભયાનક ઠંડી પડી હતી. શીતલહેર અને ગાઢ ધુમ્મસના કારણે લોકોની મુશ્કેલીઓ વધી ગઈ હતી. આગરા, અલિગઢ, બારાબંકીમાં વિઝિબિલિટી શૂન્ય રહી હતી. રવિવારે સુલતાનપુર 4.7 ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. આ સિવાય શીત લહેર અને ગાઢ ધુમ્મસના કારણે સર્જાયેલા અકસ્માતોમાં કાનપુરમાં ચાર, બરેલીમાં બે, બાંદામાં બે અને વારાણસીમાં એકનાં મોત નીપજ્યાં હતા.

હવામાન વિભાગે જમ્મુ, કાશ્મીર, લદ્દાખ અને હિમાચલ પ્રદેશના ઉત્તર-પૂર્વના પર્વતીય વિસ્તારોમાં સોમવાર સુધી હિમપ્રપાત સાથે હિમવર્ષા અને મેદાની વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદને આગાહી કરી છે. ઊંચાણવાળા વિસ્તારોમાં હિમવર્ષાના કારણે જમ્મુને કાશ્મીર સાથે જોડવાની વૈકલ્પિક સુવિધા પૂરી પાડતા મુઘલ અને સિનથાન ટોપ માર્ગો પર ટ્રાફિક સસ્પેન્ડ કરી દેવાયો હતો. જોકે, જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર વરસાદ છતાં ટ્રાફિક વ્યવહાર ચાલુ રહ્યો હતો. જોકે, પીર કી ગલી વિસ્તારમાં ફસાયેલા ત્રણ લોકોને બચાવાયા હતા. જમ્મુ-કાશ્મીરમાં હાડ ગાળતી ઠંડીનો 40 દિવસનો ચિલ્લાઈ કલાન શરૂ થયો છે ત્યારે શ્રીનગરમાં લઘુત્તમ તાપમાન 4 ડિગ્રી સે. નોંધાયું હતું.

### જમ્મુ NIA હેડક્વાર્ટર પાસે ચીની ટેલિસ્કોપ મળ્યું: આતંકી ષડયંત્રની આશંકાએ હાઈ એલર્ટ



શ્રીનગર/જમ્મુ: જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા સ્થિતિને લઈને ફરી એકવાર ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. જમ્મુના સિદરા વિસ્તારમાં સ્થિત નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) ના હેડક્વાર્ટર જેવી ઉચ્ચ સુરક્ષાવાળી જગ્યા પાસે રવિવારે એક શંકાસ્પદ રાયફલ ટેલિસ્કોપ મળી આવતા ખળભળાટ મચી ગયો છે. જમ્મુ-કાશ્મીર પોલીસના જણાવ્યા મુજબ, આ ટેલિસ્કોપ ચીની બનાવટનું છે, જેના કારણે સુરક્ષા એજન્સીઓ વધુ સતર્ક બની છે. આ ઘટના બાદ સમગ્ર જમ્મુ વિસ્તારમાં હાઈ એલર્ટ જારી કરી દેવામાં આવ્યું છે.નિયમિત ચેકિંગ દરમિયાન પકડાયું શંકાસ્પદ ઉપકરણ પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, સિદરા વિસ્તારમાં NIA હેડક્વાર્ટર નજીક પોલીસ દ્વારા નિયમિત સુરક્ષા ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન સુરક્ષા દળોને એક અસોલ્ટ રાયફલમાં ઉપયોગમાં લેવાતું આધુનિક ટેલિસ્કોપ મળી આવ્યું હતું. આ ટેલિસ્કોપ ચીનની એક કંપની દ્વારા ઉત્પાદિત હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. આ પ્રકારના ટેલિસ્કોપનો ઉપયોગ સામાન્ય રીતે સ્નાઈપર્સ અથવા આતંકવાદીઓ લાંબા અંતરના લક્ષ્યને સચોટ રીતે નિશાન બનાવવા માટે કરતા હોય છે.ષડયંત્રની આશંકા અને સર્ચ ઓપરેશન ઘટનાની ગંભીરતાને જોતા જમ્મુ-કાશ્મીર પોલીસના વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. NIA હેડક્વાર્ટર પાસે આ પ્રકારનું ઉપકરણ મળવું એ કોઈ મોટા આતંકવાદી હુમલાના પ્રયાસ તરફ ઈશારો કરે છે. સુરક્ષા દળોએ સાવચેતીના પગલે સમગ્ર સિદરા વિસ્તારને કોર્ડન કરી લીધો છે અને આસપાસના જંગલો તેમજ રહેણાંક વિસ્તારોમાં સઘન સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. આસપાસના સીસીટીવી ફૂટેજ પણ તપાસવામાં આવી રહ્યા છે જેથી જાણી શકાય કે આ ટેલિસ્કોપ ત્યાં કોણ છોડી ગયું હતું.ચીની હથિયારોનો વધતો ઉપયોગ ચિંતાનો વિષય છેલ્લા કેટલાક સમયથી જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ પાસેથી ચીની બનાવટના હથિયારો, ગ્રેનેડ અને હવે આ પ્રકારના આધુનિક ટેલિસ્કોપ મળી આવવાની ઘટનાઓ વધી છે. આ ઘટના સાબિત કરે છે.

## પીએફઆઇ પાડોશી દેશોમાંથી હથિયારો ખરીદવાનું હતું : એનઆઇએ

(એજન્સી) નવી દિલ્હી | તા 22





પ્રતિબંધિત સંગઠન પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા પીએફઆઈ પાડોશી દેશો (પાકિસ્તાન, ચીન) પાસેથી હથિયારો ખરીદવાનો પ્રયાસ કરી રહ્યું હતું, આ ખુલાસો નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી એનઆઈએ દ્વારા કોર્ટમાં કરવામાં આવ્યો છે. દિલ્હીમાં એનઆઈએના વિશેષ જજ પ્રશાંત શર્મા દ્વારા પીએફઆઈના ૨૦ આરોપી સભ્યો સામેની કાર્યવાહીની સુનાવણી દરમિયાન આ ખુલાસો કરાયો હતો. કોર્ટ બહાર મીડિયા સાથે વાતચીત દરમિયાન એનઆઈએના વકીલે કહ્યું હતું કે પીએફઆઈ પોતાના સભ્યોને હથિયારની તાલીમ આપી રહ્યું હતું, તે પાડોશી દેશો પાસેથી હથિયારો ખરીદવાની ફિરાકમાં હતું. એટલુ જ નહીં પોતાના કેડરને સીરિયામાં આઈએસમાં ભરતી કરવા માટે પણ મોકલતા હતા. જ્યાં તેઓને તાલિમ આપવામાં આવતી જેનો બાદમાં ભારતમાં ઉપયોગ કરવાનો હતો. એજન્સીના વકીલે કહ્યું હતું કે પીએફઆઈની રચનાનો મૂળ હેતુ યુવાઓને કટ્ટરવાદી બનાવવાનો હતો.

## એર ઈન્ડિયાના વિમાને ઉડાન ભરતાં જ જમણું એન્જિન બંધ, દિલ્હીમાં ઈમરજન્સી લેન્ડિંગ

(એજન્સી) નવી દિલ્હી | તા 22



એર ઈન્ડિયાના વિમાનમાં ફરી એકવાર ગંભીર ટેક્નિકલ ખામી સર્જાતા મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા. સોમવારે સવારે દિલ્હીના IGI એરપોર્ટ પરથી મુંબઈ માટે ઉડાન ભર્યાના થોડા સમય બાદ જ વિમાનનું એક એન્જિન હવામાં બંધ પડી ગયું હતું, જેના પગલે વિમાનનું દિલ્હીમાં જ ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. સદનસીબે, વિમાન સુરક્ષિત રીતે લેન્ડ થયું હતું અને તમામ મુસાફરો સુરક્ષિત છે.આ ઘટના એર ઈન્ડિયાની ફ્લાઈટ AI 887 સાથે બની હતી, જેણે આજે સવારે 6:40 વાગ્યે દિલ્હીથી મુંબઈ માટે ઉડાન ભરી હતી. ઉડાન ભર્યાના થોડીવારમાં જ પાઈલટને વિમાનમાં ખામી હોવાનું જણાયું હતું. સૂત્રોના હવાલાથી જાણવા મળ્યું છે કે વિમાનનું જમણું એન્જિન હવામાં જ બંધ થઈ ગયું હતું. આ ગંભીર પરિસ્થિતિને પગલે, દિલ્હી એરપોર્ટ પર તાત્કાલિક 'ફુલ ઈમરજન્સી' જાહેર કરવામાં આવી હતી અને પ્રોટોકોલ મુજબ તમામ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.એર ઈન્ડિયાના પ્રવક્તાએ એક નિવેદન જારી કરીને જણાવ્યું કે, "ફ્લાઈટ AI887માં ટેકનિકલ સમસ્યાને કારણે SOP (સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર) મુજબ તેને દિલ્હી પરત લાવવામાં આવી હતી. વિમાને દિલ્હીમાં સુરક્ષિત લેન્ડિંગ કર્યું અને તમામ મુસાફરો અને ક્રૂને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવાયા છે."તાજેતરના સમયમાં એર ઈન્ડિયાના વિમાનોમાં તકનીકી ખામીની આ કોઈ પહેલી ઘટના નથી. ઉલ્લેખનીય છે કે, આ જ વર્ષે અમદાવાદમાં લંડન માટે ઉડાન ભરતા જ એક વિમાન ક્રેશ થયું હતું, જેમાં વિમાનમાં સવાર એક મુસાફરને બાદ કરતાં અન્ય તમામ લગભગ 250 લોકોના કરૂણ મોત થયા હતા.

### MNSની સતત હારનો સિલસિલો યથાવત

## રાજ ઠાકરેનું તો ખાતુ ન ખુલ્યું, ઉદ્ધવ-શરદની પાર્ટી સિંગલ ડિજિટમાં સમેટાઈ, મહારાષ્ટ્રમાં ભાજપ ચમક્યો

(એજન્સી) મહારાષ્ટ્ર | તા 22

મહારાષ્ટ્રમાં તાજેતરમાં યોજાયેલી નગરપાલિકા અને નગર પંચાયતની ચૂંટણીઓમાં સત્તાધારી મહાયુતિ ગઠબંધને ક્લીન સ્વીપ કર્યું છે, જ્યારે વિપક્ષી મહા વિકાસ અઘાડી (MVA)ને મોટો ઝટકો લાગ્યો છે. જોકે, આ ચૂંટણી પરિણામોમાં સૌથી વધુ નિરાશાજનક પ્રદર્શન રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS)નું રહ્યું છે, જેનું ખાતું પણ ખુલી શક્યું નથી.રાજ્ય ચૂંટણી પંચ દ્વારા 21 ડિસેમ્બરે જાહેર કરાયેલા પરિણામો મુજબ, ભાજપની આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધને કુલ 207 નગર અધ્યક્ષ પદો પર ભવ્ય જીત મેળવી છે. આમાં, ભાજપ 117 બેઠકો સાથે સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો છે, જ્યારે એકનાથ શિંદે જૂથની શિવસેનાને 53 અને અજિત પવાર જૂથની NCPને 37 પદ મળ્યા છે. બીજી તરફ, વિપક્ષી મહા વિકાસ અઘાડી (MVA) માત્ર 44 નગર અધ્યક્ષ પદો પર જ સમેટાઈ ગયું હતું. MVAમાં કોંગ્રેસે 28, ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેનાએ 9 અને શરદ પવાર જૂથની NCPએ 7 પદ જીત્યા છે.આ ચૂંટણીઓમાં રાજ ઠાકરેની MNSનું શરમજનક પ્રદર્શન ચર્ચાનો વિષય બન્યું છે. પાર્ટીનું ખાતું પણ ન ખુલતા તેની જમીની પકડ પર ગંભીર સવાલો ઉભા થયા છે. આ પહેલીવાર નથી જ્યારે MNSને આવી હારનો સામનો કરવો પડ્યો હોય. ઓગસ્ટ 2025માં મુંબઈ BEST કર્મચારી કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીની ચૂંટણીમાં પણ MNS અને શિવસેના (UBT)ની સંયુક્ત પેનલ એક પણ સીટ જીતી શકી ન હતી. આ પહેલા, નવેમ્બર 2024ની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં પણ MNS 135 બેઠકો પર લડી હતી, પરંતુ એક પણ બેઠક જીતવામાં નિષ્ફળ રહી હતી.આ સતત હાર બાદ હવે સૌની નજર 15 જાન્યુઆરી, 2026ના રોજ યોજાનારી બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (BMC) સહિત 29 નગર નિગમોની ચૂંટણીઓ પર છે. આ ચૂંટણીના પરિણામો 16 જાન્યુઆરીએ જાહેર થશે.

## રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ જી રામ જી બિલને મંજૂરી આપી



નવી દિલ્હી: રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજિવિકા મિશન (ગ્રામીણ) (વીબી-જી રામ જી) બિલને મંજૂરી આપી છે. આ સાથે જ મનરેગાનું સ્થાન હવે 'જી રામ જી' કાયદાએ લઈ લીધુ છે. ગ્રામીણ પરિવારો માટે હવે દરેક વર્ષે મજૂરી રોજગાર ગેરંટીને ૧૨૫ દિવસ સુધી વધારી દેવામાં આવી છે. સંસદમાં ગુરુવારે વિપક્ષના વિરોધ વચ્ચે જી રામ જી એક્ટ પસાર કરવામાં આવ્યો હતો.ગ્રામીણ વિકાસ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે કોંગ્રેસે ગાંધીજીના આદર્શોની હત્યા કરી છે. જ્યારે મોદી સરકારે આ આદર્શોને જીવિત રાખ્યા છે. ચૌહાણે મનરેગા યોજનાની જગ્યાએ નવો કાયદો લાવવા અને તેમાંથી મહાત્મા ગાંધીનું નામ દૂર કરવાના વિપક્ષના આરોપોને ફગાવી દીધા હતાં. શિવરાજ સિંહ ચૌહાણે આરોપ મૂક્યો હતો કે કોંગ્રેસ નેતૃત્ત્વવાળી સરકારે મનરેગા સંપૂણ તાકાતથી અમલમાં મૂક્યો ન હતો અને વડાપ્રધાન મોદીએ આ યોજનાને યોગ્ય રીતે અમલમાં મૂકી છે. તેમણે યુપીએ અને એનડીએ સરકારના સમયમાં આ યોજનના અમલની સરખામણી કરતા જણાવ્યું હતું કે કોંગ્રેસના સમયમાં ૧૬૬૦ કરોડ શ્રમ દિવસનું સર્જન કરવામાં આવ્યું હતું. જ્યારે મોદી સરકારમાં ૩૨૧૦ કરોડ શ્રમ દિવસનું સર્જન કરવામાં આવ્યું હતું. મોદી સરકાર અગાઉ આ યોજનામાં મહિલાઓની ભાગીદી ૪૮ ટકા હતી. જે આ સરકારના સમયમાં વધીને ૫૬.૭૩ ટકા થઇ ગઇ છે. કેન્દ્રીય પ્રધાને જણાવ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીએ તો ગાંધીનાં નામની ચોરી કરવાનો પાપ કર્યુ છે. જી રામ જી કાયદો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારત ૨૦૪૭ વિઝિયનની સાથે જોડાયેલ છે. જેનો ઉદ્દેશ ગ્રામીણ વિસ્તારોમાં રોજગાર, આજિવિકા અને કૃષિ ઉત્પાદકતાને મજબૂત કરવાનો છે.

### મહારાષ્ટ્રમાં ગજબ ખેલ

## ભાજપે એક જ પરિવારના 6 ઉમેદવાર ચૂંટણી મેદાનમાં ઉતાર્યા, 6 એ 6 હાર્યા!

(એજન્સી) નવી દિલ્હી | તા 22

મહારાષ્ટ્રના સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ એકતરફી પ્રભુત્વ જમાવ્યું હોવા છતાં, નાંદેડ જિલ્લાની લોહા નગરપાલિકામાં પક્ષને કારમો પરાજય સહન કરવો પડ્યો છે. ભાજપે અહીં પરિવારવાદનો દાવ ખેલતા એક જ પરિવારના છ સભ્યોને ટિકિટ આપી હતી, પરંતુ અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ(NCP) આ તમામ છ ઉમેદવારોને હરાવીને ભાજપના ગઢમાં મોટું ગાબડું પાડ્યું છે. ખાસ વાત એ છે કે અજિત પવાર પોતે દેવેન્દ્ર ફડણવીસ સરકારમાં નાયબ મુખ્યમંત્રી છે અને મહાયુતિ ગઠબંધનનો હિસ્સો છે, તેમ છતાં લોહામાં બંને પક્ષો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી.

લોહા નગરપાલિકામાં મેયર પદ માટે ભાજપે પ્રભાવશાળી નેતા ગજાનન સૂર્યવંશી પર પસંદગી ઉતારી હતી, પરંતુ એનસીપીના શરદ પવારે તેમને પરાજય આપ્યો હતો. ગજાનન સૂર્યવંશી ઉપરાંત તેમના પત્ની ગોદાવરી, ભાઈ સચિન, ભાભી સુપ્રિયા, બનેવી યુવરાજ વાઘમારે અને ભત્રીજાની પત્ની રીના વ્યવહારે એમ પરિવારના તમામ છ સભ્યો ચૂંટણી હારી ગયા છે. લોહા નગર પરિષદમાં એનસીપીનું વર્ચસ્વ જોવા મળ્યું હતું, જ્યાં પ્રમુખ પદ સહિત કુલ 17 બેઠકો પર એનસીપીનો વિજય થયો છે, જ્યારે ભાજપ, શિવસેના(UBT) અને કોંગ્રેસના ફાળે માત્ર એક-એક બેઠક આવી છે.

ચૂંટણી પહેલા એક જ પરિવારના છ સભ્યોને મેદાનમાં ઉતારવાના ભાજપના નિર્ણયની ભારે ટીકા થઈ હતી. વિપક્ષી ગઠબંધન મહાવિકાસ અઘાડીએ(MVA) ભાજપ પર 'વંશવાદી રાજનીતિ'નો આરોપ લગાવીને કટાક્ષ પણ કર્યો હતો. અજિત પવાર જૂથના નેતા પ્રતાપરાવ ગોવિંદરાવ ચીખલીકરે પણ આક્ષેપ કર્યો હતો કે ભાજપને સ્થાનિક સ્તરે યોગ્ય ઉમેદવારો ન મળતા તેમણે એક જ પરિવાર પર નિર્ભર રહેવું પડ્યું હતું. નાંદેડ જિલ્લામાં અશોક ચવ્હાણ જેવા દિગ્ગજ નેતા ભાજપમાં જોડાયા હોવા છતાં લોહામાં પક્ષની આ હાર ચર્ચાનો વિષય બની છે. સમગ્ર જિલ્લાની વાત કરીએ તો એનસીપીએ લોહા, કંધાર, દેગલૂર અને ઉમરીમાં જીત મેળવી છે, જ્યારે ભાજપે કુંડલવાડી, મુધખેડ અને ભોકર નગર પરિષદો પર કબજો જમાવ્યો છે.

### 294 બેઠકો પર ચૂંટણી લડવાની શક્યતા

## બાબરી મસ્જિદ બનાવવાનું એલાન કરનારા હુમાયુએ બનાવી નવી પાર્ટી, TMCએ કર્યા હતા સસ્પેન્ડ

(એજન્સી) બંગાળ | તા 22



પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી પહેલા રાજકારણ ગરમાયું છે. મુર્શિદાબાદમાં અયોધ્યાની બાબરી મસ્જિદ જેવી જ નવી મસ્જિદનો શિલાન્યાસ કરીને વિવાદોમાં આવેલા તૃણમૂલ કોંગ્રેસના સસ્પેન્ડેડ ધારાસભ્ય હુમાયુ કબીરે પોતાની નવી પાર્ટીનું એલાન કર્યું છે. કબીરે પોતાની પાર્ટીનું નામ જનતા ઉન્નયન પાર્ટી રાખ્યું છે. પાર્ટીના ચૂંટણી ચિહ્ન માટે હુમાયુ કબીરે કહ્યું કે, મારી પહેલી પસંદ 'ટેબલ' છે. બીજી પસંદગી ટ્વિન રોઝિઝ છે.

હુમાયુ કબીરે જણાવ્યું છે કે, જો જરૂર પડશે તો હું તમામ 294 બેઠકો પર ઉમેદવારો ઉતારીશ. જોકે આજે બપોરે તેઓ જિલ્લાના રેજીનગરમાં આયોજિત સભામાં પાર્ટીના નામની ઔપચારિક જાહેરાત કરશે. સભા માટે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

હુમાયુએ મીડિયાને જણાવ્યું કે, મારી પાર્ટી માત્ર સામાન્ય લોકોના વિકાસની વાત કરશે. આ જ આધાર પર 'જનતા ઉન્નયન પાર્ટી' નામ રાખવામાં આવ્યું છે. ઉન્નયનનો અર્થ વિકાસ થાય છે. કબીરે તૃણમૂલ અને ભાજપના વિરોધીઓને એક થવા અને બંગાળમાં મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસ સરકારને હટાવવા માટે આવતા વર્ષે ગઠબંધનમાં વિધાનસભા ચૂંટણી લડવા અપીલ કરી.ઉલ્લેખનીય છે કે, હુમાયુ કબીરે 6 ડિસેમ્બરના રોજ મુર્શિદાબાદ જિલ્લાના ભરતપુર વિસ્તારમાં બાબરી મસ્જિદ જેવી મસ્જિદનો શિલાન્યાસ કર્યો હતો. આ કાર્યક્રમમાં તેમણે વિવાદાસ્પદ નિવેદન આપતા કહ્યું હતું કે, 'જો અયોધ્યામાં બાબરી મસ્જિદ તોડી શકાય છે, તો અમે મુર્શિદાબાદની ધરતી પર ફરીથી બાબરી મસ્જિદ બનાવી શકીએ છીએ.' આ શિલાન્યાસ બાદ રાજકારણમાં ભારે વિવાદ સર્જાયો હતો. આ ધાર્મિક વિવાદ બાદ હુમાયુ કબીરે હવે રાજકીય નવી શરૂઆત કરવાનો નિર્ણય લીધો છે.

સિટી એક્સપ્રેસ
TUESDAY 23 DECEMBER-2025
AHMEDABAD

## તંત્રની બેદરકારીએ પંજાબની યુવતીનો જીવ લીધો

અમદાવાદ : સ્માર્ટ સિટી અમદાવાદના રસ્તા પરના જીવલેણ ખાડાઓ હવે નિર્દોષ લોકોનો ભોગ લઈ રહ્યા છે. શહેરના નરોડા રોડ પર આવેલી અરવિંદ મિલના ગેટ સામે એક અકસ્માત સર્જાયો હતો. જેમાં પંજાબથી દર્શનાર્થે આવેલી 28 વર્ષીય યુવતીનું આયસર ટ્રકની અડફેટે આવતા કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. મળતી માહિતી મુજબ, મૃતક યુવતીની ઓળખ સોનાલી રાજેન્દ્ર આસેરી (ઉં.વ. 28) તરીકે થઈ છે. તે પંજાબથી અમદાવાદના સુપ્રસિદ્ધ ભદ્રકાળી માતાના મંદિરના દર્શન કરવા માટે આવી હતી.

## પાર્કિંગ બાબતે મહિલા વકીલને શખસે લાફા મારી દીધા

અમદાવાદના ઘી કાંટા વિસ્તારમાં આવેલી જૂની કલેક્ટર કચેરીના કોર્ટ કમ્પાઉન્ડમાં કાયદાના રક્ષકો જ આમને-સામને આવી ગયા હોવાની ઘટના સામે આવી હતી. અહીં માત્ર પાર્કિંગ જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા એક મહિલા વકીલ પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં મહિલા વકીલ ઈજાગ્રસ્ત થયા હતા અને ઝપાઝપી દરમિયાન તેમની સોનાની ચેન પણ ગુમ થઈ હોવાનું સામે આવ્યું હતું. આ ઘટનામાં ભોગ બનનાર ફરિયાદી મહેશ્વરીબેન સુતરિયા છે. જેઓ શહેરના ચાંદખેડા વિસ્તારમાં રહે છે.



### ક્રાઇમ બ્રાંચ-SOGએ વટવા, રામોલ અને જમાલપુરથી ચાર ડ્રગ્સ પેડલર્સની 8.35 લાખ રૂપિયાના ડ્રગ્સ સાથે ધરપકડ કરી

# અમદાવાદમાં 31st અગાઉ મોટી માત્રામાં ડ્રગ્સ અને ગાંજો ઝડપાયો

(એજન્સી) અમદાવાદ | તા. 22

31st નજીક આવી રહી છે ત્યારે અમદાવાદ ક્રાઈમ બ્રાંચે વટવાથી એમડી ડ્રગ્સ અને જમાલપુરથી ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો છે, જ્યારે SOGની ટીમે રામોલમાંથી એમડી ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો છે. ક્રાઈમ બ્રાંચ અને એસઓજીએ ચાર ડ્રગ્સ પેડલર્સની 8.35 લાખ રૂપિયાના ડ્રગ્સ સાથે ધરપકડ કરી છે.

સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી)ની ટીમને બાતમી મળી હતી કે મોહમ્મદ હફિઝ ઉર્ફે બાબા પઠાણ નામના યુવક પાસે એમડી ડ્રગ્સનો જથ્થો છે અને તે હાલ રામોલ આરટીઓ રોડ નસીમ ફ્લેટની ડાબી બાજુના બ્લોકની નીચે વેચાણ કરી રહ્યો છે. બાતમીના આધારે એસઓજીની ટીમ તરત જ રામોલ પહોચી ગઈ હતી અને શંકાસ્પદ યુવકની અટકાયત કરી લીધી હતી.

હફિઝની અંગ ઝડતી કરતા તેની પાસેથી સફેદ પાઉડર મળ્યો હતો જે એમડી ડ્રગ્સ હતું. એસઓજીએ હફિઝની અટકાયત કરી પૂછપરછ કરતા જાણવા મળ્યું કે રામોલ વિસ્તારમાં આવેલા નસીમ પાર્કમાં રહેતા અને મૂળ રાજસ્થાનના અસ્લાસખાન પઠાણ પાસેથી ડ્રગ્સ વેચાણ કરવા માટે લાવ્યો હતો. ડ્રગ્સનું વેચાણ થાય તેમા અલમાસ હફિઝને કમીશન મળતુ હતું. એસઓજીએ હફિઝ પાસેથી 3.82 લાખ રૂપિયાનું એમડી ડ્રગ્સ જપ્ત કર્યુ છે જ્યારે વાહન અને મોબાઈલ થઈને કુલ 5.32 લાખનો મુદ્દામલ જપ્ત કર્યો છે.




### ક્રાઈમ બ્રાંચે બન્ને ડ્રગ્સ માફિયા પાસેથી 2.60 લાખ રૂપિયાનું એમડી ડ્રગ્સ જપ્ત કર્યું

ક્રાઈમ બ્રાંચની ટીમે પણ વટવા વિસ્તારમાં આવેલા રમઝાન પાર્ક પાસે કાચા છાપરામાંથી ડ્રગ્સનો ધંધો કરતા મોહમદ જુબેર ઉર્ફે કાલીયા અંસારી અને શાદાબ ઉર્ફે શબ્બુ પઠાણની ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાંચની ટીમને બાતમી મળી હતી કે મોહમદ જુબેર અને શાદાબ તેમના વિસ્તારમાં એમડી ડ્રગ્સ વેચી રહ્યા છે. બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચની ટીમ ઘટનાસ્થળે પહોચી ગઈ હતી જ્યાંથી જુબેર અને શાદાબને સફેદ પાઉડર સાથે ઝડપી લીધા હતા. ક્રાઈમ બ્રાંચે બન્ને ડ્રગ્સ માફિયા પાસેથી 2.60 લાખ રૂપિયાનું એમડી ડ્રગ્સ જપ્ત કર્યુ છે.

### જામીન પર છૂટીને આવેલા ડ્રગ્સ પેડલર્સ પર એજન્સીઓ વોચ રાખશે

31st નજીક આવી રહી છે ત્યારે શહેરમાં નબીરાઓ ડ્રગ્સ પાર્ટી કરે તેવી શક્યતાઓ નકારી શકાતી નથી. નબીરાઓ સુધી ડ્રગ્સ પહોચે નહીં તે માટે પોલીસ પેડલર્સને શોધી શોધીને જેલના હવાલે કરી રહી છે. ડ્રગ્સના નેટવર્કને તોડવા માટે પોલીસ તેમજ એજન્સીઓ કમર કસી રહી છે ત્યારે સેન્ટ્રલ જેલ તેમજ અન્ય જેલમાંથી જામીન પર છૂટીને આવેલા ડ્રગ્સ પેડલર્સ પર પણ એજન્સીઓ વોચ રાખશે.

### બન્ને પેડલર્સ વજન કાંટો પણ રાખતા

ક્રાઈમ બ્રાંચે બંનેની પૂછપરછ કરતા જણાવ્યું હતું કે બહારગામથી તે ડ્રગ્સનો જથ્થો લાવ્યા હતા.આ ઘટનામાં ચોંકવનારી વાત એ છે કે એમડી ડ્રગ્સની સાથે બન્ને પેડલર્સ વજન કાંટો પણ રાખતા હતા.લોકોની જરૂરીયાત પ્રમાણે તે એમડી ડ્રગ્સ વજન કરીને આપતા હતા.

ક્રાઈમ બ્રાંચે બન્ને વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે અને તપાસ શરૂ કરી છે. એમડી ડ્રગ્સ બાદ ક્રાઈમ બ્રાંચે ગાંજાનો જથ્થો પણ ઝડપી પાડ્યો છે. ક્રાઈમ બ્રાંચની ટીમને માહિતી હતી કે જમાલપુર બ્રિજની નીચે ટ્રાન્સપોર્ટ હાઉસના ગેટ નંબર 1ની સામે મુકીમ અહેમદ જમીલ શેખ નામનો યુવક ટુ-વ્હીલર પર ગાંજાનો જથ્થો લઈને પસાર થવાનો છે. માહિતી મળતાની સાથે જ ક્રાઈમ બ્રાંચ જમાલપુર પહોચી ગઈ હતી અને મુકીમ શેખની ધરપકડ કરી હતી. મુકીમ શેખ પાસેથી 1.95 લાખ રૂપિયાથી વધુનો ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો.

## ન્યુઝ બ્રિફ

### રાંધેજા પાસે રિક્ષા પલટી જતાં યુવતીનું મોત નિપજ્યું

ગાંધીનગર | ગાંધીનગરના રાંધેજા પાસે રિક્ષા ચાલકની બેદરકારીએ એક હસતા-રમતા પરિવારનો માળો વિખેરી નાખ્યો છે. ગઈકાલે(21 ડિસેમ્બર) રાંધેજા ખાતે માતાજીના દર્શન કરી પરત ફરી રહેલા કલોલના પરિવારની રિક્ષા પલટી જતાં 22 વર્ષીય આરતી નામની યુવતીનું ગંભીર ઈજાઓને કારણે મોત નીપજ્યું છે,

જ્યારે માતા સહિત અન્ય પાંચ મુસાફરોને નાની મોટી ઈજાઓ થઈ છે. આ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કલોલ તાલુકાના કલ્યાણપુર,સોમનાથ સોસાયટી-1 ખાતે રહેતા આશારામ ઘનપત પટવા મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. જેમના છ સંતાનો પૈકી એક 22 વર્ષીય દીકરી આરતી હતી.

ગઈકાલે રવિવારે તેમની પત્ની ઉષાબેન, દીકરી આરતી તેમજ કલોલના ઈમ્તિયાજ અંસારી, જાસ્મિન અન્સારી ,અંજલીબેન ત્રિવેદી તથા અવતાડે પદમોબન મધુકર રિક્ષા નંબર (GJ-18-BU-7741)માં રાંધેજા ખાતે માતાજીના દર્શન કરવા ગયા હતા.

### શાહીબાગમાં યુવકે પ્રેમજાળમાં ફસાવી સગીરા પર દુષ્કર્મ આચર્યું

અમદાવાદ | અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં રહેતી એક સગીરા સાથે એક યુવકે સોશીયલ મીડિયાથી સંપર્ક કરીને પ્રેમજાળમાં ફસાવીને તેના અંગત ફોટો વાઈરલ કરવાની ધમકી આપીને નાણાં માંગ્યા હતા. ગભરાઈ ગયેલી સગીરાએ ડરીને તેના દાદાના બેન્ક એકાઉન્ટમાંથી યુવકને બેન્ક એકાઉન્ટમાં નાણાં ટ્રાન્સફર કરતા સમગ્ર ભાંડો ફુટ્યો હતો. આ અંગે શાહીબાગ પોલીસે યુવક સામે દુષ્કર્મ અને બ્લેકમેઈલ ધમકી આપતી ફરિયાદ નોંધીને કાર્યવાહી કરી છે. આ સમગ્ર બનાવની વિગતો એવી છે કે શાહીબાગમાં આવેલી એક સોસાયટીમાં 17 વર્ષની સગીરા તેના દાદાના ઘરે રહે છે. બે વર્ષ પહેલા સાહિલ સથવારા સાથે નામના યુવક સાથે સોશિયલ મીડિયા દ્વારા ઓળખાણ થઈ હતી. સાહિલે તેને પ્રેમમાં ફસાવીને શારિરીક સંબધ બાંધ્યા હતા. કોઈ કારણસર સગીરાએ સાહિલ સાથે સંબધ તોડ્યા હતા. જો કે, સાહિલે તેની સાથે લગ્નની ખાતરી આપીને વિશ્વાસ કેળવીને તેની સાથે સંબધ બાંધીને તેના ફોટો પાડ્યા હતા.

### વૃદ્ધો 'ડિજિટલ એરેસ્ટ' હતા...મેનેજરોની સતર્કતાને કારણે કરોડોની ઠગાઈ અટકી

# પીડિતોના 2.21 કરોડ બચાવી લેવામાં આવ્યાં




અમદાવાદ | દેશભરમાં વધી રહેલા ઓનલાઈન છેતરપિંડીનો ભોગ સૌથી વધુ વૃદ્ધો બની રહ્યા છે, તેઓ તેમની જીવનભરની બચત ગુમાવી રહ્યા છે. જોકે ગુજરાતના અમદાવાદમાં સતર્ક બેન્ક મેનેજરો અને મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારોએ ત્રણ વૃદ્ધોને ન માત્ર 2.21 કરોડની છેતરપિંડીથી બચાવ્યા, પરંતુ તેમને ડિજિટલ ધરપકડના ભયથી પણ મુક્ત કર્યા છે.

આ ત્રણેય વૃદ્ધો પર સાઈબર ગુનેગારોનો એટલો બધો ડર હતો કે તેઓ અસલી પોલીસને પણ સાંભળવા તૈયાર નહોતા. તેમને જ ફ્રોડ સમજતા હતા.

બે કિસ્સામાં તેમણે અસલી પોલીસ સાથે ઝપાઝપી કરી, દાંત વડે બચકા પણ ભર્યા હતા. ત્રણેય બનાવ અમદાવાદના અલગ અલગ વિસ્તારોમાં બન્યા હતા.

ત્રણેય બનાવમાં વૃદ્ધો દ્વારા અચાનક અને ઉતાવળે પૈસા ઉપાડવાથી બેન્ક મેનેજરો અને ફંડ મેનેજરોને આંશકા થઈ હતી કે કદાચ આ લોકો છેતરપિંડીનો ભોગ તો નથી બન્યા.

### જાગૃતિને લીધે બાજી પલટાઈ: ત્રણ મોટી સફળતા મળી

**વૃદ્ધે ફંડમાંથી પોતાના બધા પૈસા ઉપાડ્યા તો ફંડ મેનેજરે સાઈબર સેલ એલર્ટ જારી કર્યું**

કેસ 1: અમદાવાદના ઘાટલોડિયામાં 71 વર્ષીય વૃદ્ધે મ્યુચ્યુઅલ ફંડમાંથી તમામ રકમ 93 લાખ રૂપિયા ઉપાડી દીધી અને 50 લાખની એફડી પણ તોડાવી. જ્યારે તેમણે આ મોટી રકમ ખાનગી બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે ફંડ રોકાણકાર પલક દોશીને કંઈક ગડબડ હોવાની આશંકા ગઈ.

તેમણે તરત જ સાયબર સેલને જાણ કરી. બેન્ક કર્મચારીઓ અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી વૃદ્ધને ટ્રાન્જેક્શન કરતાં અટકાવ્યા હતા અને તેમના રૂ. 1.43 કરોડ બચાવી લેવાયા હતા.

તમામ રકમ ઓડિશાના એક ખાતામાં ટ્રાન્સફર કરવાનો પ્રયાસ કર્યો, મેનેજરે પોલીસ બોલાવી

કેસ 2: અમદાવાદના સેટેલાઈટમાં સેન્ટ્રલ બેન્કના 65 વર્ષીય ગ્રાહક રૂ. 45 લાખની એફડી તોડીને ઓડિશાના એક ખાતામાં ટ્રાન્સફર કરવા માંગતા હતા.

બેન્ક મેનેજર જયેશ ગાંધીને ઓડિશાના ખાતા પર શંકા ગઈ. તેમણે વૃદ્ધને વાતચીતમાં રોકી પોલીસને ફોન કર્યો. તેમની ડિજિટલ ધરપકડ કરાઈ હતી.

મહિલા સતત વીડિયો કોલ પર હતી, પરંતુ મેનેજરે ફોન છીનવી ડિજિટલ એરેસ્ટથી બચાવી લીધી

કેસ 3: મણિનગરમાં રહેતા ભારતીય ક્રિકેટના પૂર્વ મહિલા કોચ રૂ.33.35 લાખ મોકલવા માટે બેન્ક ગયા. બ્રાન્ચ મેનેજર અભિષેક સિંહે જોયું કે મહિલા સતત વીડિયો કોલ પર હતી.

શંકા જણાતાં મહિલાનો ફોન છીનવી અને પોલીસને જાણ કરી. સાઈબર સેલને સમજાવવામાં 3 કલાક લાગ્યા કે ત ઠગાઈના ભોગ બન્યા છે.

### એરેસ્ટની ઓળખ માટે કેટલાક 'રેડ ફ્લેગ્સ' જારી કર્યા

- વર્તણૂકમાં ફેરફાર: જો કોઈ અચાનક ઘરની બહાર નીકળવાનું, મંદિર જવાનું કે મિત્રોને મળવાનું બંધ કરી દે.
- અચાનક ચિંતા: વ્યક્તિ હંમેશા ચિંતિત-ભયભીત રહે છે અને પોતાને રૂમમાં બંધ કરી દે છે.
- રહસ્યમય ફોન કોલ્સ: ફોન બંધ હોય છે પણ વોટ્સએપ કોલ્સ ચાલુ રહે છે.
- મેનેજરો માટે નિયમો: ગ્રાહક બચત ઉપાડીને અજાણ્યા ખાતામાં જમા કરાવવાનો આગ્રહ રાખે તો સાવચેત રહો

### અમદાવાદમાં લિફ્ટમાં ફસાયેલા વૃદ્ધનું દિલધડક રેસ્ક્યૂ

# લિફ્ટનો ઉપરનો ભાગ ખોલી ફાયર જવાન અંદર ઉતર્યો, દોરડું બાંધી વૃદ્ધને બહાર કાઢ્યા



(એજન્સી) અમદાવાદ | તા. 22

અમદાવાદ શહેરના મીઠાખળી વિસ્તારમાં આવેલા ઉર્વેશી ફ્લેટની લિફ્ટમાં ફસાયેલા એક વૃદ્ધનું એક કલાકની જહેમત બાદ ફાયરબ્રિગેડ દ્વારા રેસ્ક્યૂ કરાયું હતું. શરૂઆતમાં ફાયર જવાનોએ દીવાલ તોડી વૃદ્ધને બહાર કાઢવાનો વિચાર કર્યો હતો. પરંતુ, દીવાલ તૂટે તેમ ન હોય લિફ્ટનો ઉપરનો ભાગ ખોલી ફાયર જવાન દોરડા વડે ઉતર્યો હતો. વૃદ્ધને દોરડાથી બાંધી બહાર કાઢવામાં આવ્યા હતા.

અમદાવાદના ડિવિઝનલ ફાયર ઓફિસર પંકજ રાવલે જણાવ્યું હતું કે, મીઠાખળી છ રસ્તા પાસે આવેલા ઉર્વશી ફ્લેટમાં લિફ્ટમાં એક વૃદ્ધ ફસાયા હોવા અંગેનો મેસેજ મળ્યો હતો. મેસેજ મળતાની સાથે જ નવરંગપુરા ફાયર સ્ટેશનની ટીમ ઘટના સ્થળ પર પહોંચી હતી. એક વૃદ્ધ ગ્રાઉન્ડ ફ્લોરથી ફર્સ્ટ ફ્લોરની વચ્ચે ફસાયા હતા. જોકે ફર્સ્ટ ફ્લોર પર લિફ્ટનો આઉટ કમ આપવામાં આવેલો નહોતો. જેથી ફર્સ્ટ ફ્લોરની વચ્ચે તેઓ ફસાઈ ગયા હતા જેમને બહાર કાઢવા માટે સૌપ્રથમ દીવાલ તોડવા માટે નિર્ણય કર્યો હતો જો કે દિવાલ તૂટે તેવી નહોતી જેથી ત્યારબાદ લિફ્ટની ઉપરનો ભાગ ખોલવામાં આવ્યો હતો.

લિફ્ટના મેન્ટેનન્સના કર્મચારીઓને પણ જાણ કરવામાં આવી હતી લિફ્ટનો ઉપરનો ભાગ ખોલવામાં આવ્યો અને ત્યારબાદ ત્યાંથી એક ફાયરના કર્મચારીને દોરડા સાથે અંદર ઉતારવામાં આવ્યો હતો. ફાયર નો કર્મચારી અંદર ઊતર્યા બાદ વૃદ્ધને સહી સલામત બહાર કાઢવા માટે તેમને દોરડા વડે બાંધવામાં આવ્યા હતા ને ત્યારબાદ લિફ્ટનો ઊંચો ભાગ હોવાના કારણે નાની એક સીડી મૂકવામાં આવી હતી જેમાંથી તેઓને ઉપર લાવી અને દોરડા વડે ખેંચી ઉપર લાવવામાં આવ્યા હતા. અંદાજિત એક કલાકની ભારે જહેમત બાદ વૃદ્ધિને સહી સલામત લિફ્ટમાંથી બહાર કાઢી લેવામાં આવ્યા હતા.

## ગાંધીનગરમાં સદગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજીની પવિત્ર ઉપસ્થિતિમાં વિશ્વ ધ્યાન દિવસ ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો

(એજન્સી) ગાંધીનગર | તા. 22

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના મહત્વપૂર્ણ નિર્ણય અનુસાર, 21 ડિસેમ્બરને વિશ્વભરમાં 'વિશ્વ ધ્યાન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ અંતર્ગત 21 ડિસેમ્બર, 2025 ના રોજ સાંજે 4 વાગ્યે ગાંધીનગરના મહાત્મા મંદિર કન્વેન્શન હોલ ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને હિમાલયન સમર્પણ ધ્યાનયોગ દ્વારા સંયુક્ત રીતે આયોજિત ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં એક ભવ્ય ધ્યાન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ હિમાલયન સમર્પણ ધ્યાનયોગના સ્થાપક સદગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજીની દિવ્ય ઉપસ્થિતિથી શોભી ઉઠ્યો હતો. આ ઐતિહાસિક કાર્યક્રમમાં 10,000 થી વધુ ધ્યાનીઓએ ભાગ લીધો હતો અને લાખો લોકોએ YouTube અને અન્ય ટીવી ચેનલો પર લાઈવ પ્રસારણનો લાભ લીધો હતો. આ પ્રસંગે, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ કોચ અને યોગ ટ્રેનર્સનો દીક્ષાંત સમારોહ પણ યોજાયો હતો. યોગ એ ભારતીય સંસ્કૃતિનો અમૂલ્ય વારસો છે, જે માનવતાને સંતુલિત, આધ્યાત્મિક અને સર્વાંગી પ્રગતિ તરફ દોરી જાય છે, જાતિ, ધર્મ, રંગ, લિંગ અને ભાષાના ભેદોને પાર કરીને. હિમાલય ધ્યાન પરંપરાના પ્રણેતા સદગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજીએ આત્મ-સાક્ષાત્કાર પ્રાપ્ત કરવા માટે ઘણા વર્ષોથી હિમાલયમાં કઠોર ધ્યાનનો અભ્યાસ કર્યો હતો અને છેલ્લા 31 વર્ષથી સમાજ સાથે નિઃસ્વાર્થપણે આ ગહન જ્ઞાન શેર કરી રહ્યા છે.

## જમીન વિકાસ નિગમના નિવૃત્ત કર્મચારીઓને 7મા પગાર પંચના લાભોથી વંચિત રખાતા રોષ

અમદાવાદ | ગુજરાત જમીન વિકાસ નિગમના વય નિવૃત્ત થયેલા સિનિયર સિટીઝન કર્મચારીઓએ પોતાના બાકી નીકળતા નાણાકીય લાભો મેળવવા માટે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આવેદનપત્ર પાઠવ્યું છે. વર્ષો સુધી નિગમમાં સેવા આપ્યા બાદ નિવૃત્તિના પાંચ-પાંચ વર્ષ વીતી ગયા હોવા છતાં આ કર્મચારીઓને તેમના હક્કના સી.પી.એફ., ગ્રેજ્યુઈટી અને સાતમા પગાર પંચના લાભોથી વંચિત રાખવામાં આવતા કર્મચારીઓમાં ભારે રોષ અને આર્થિક સંકટ જોવા મળી રહ્યું છે.

ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમના વય નિવૃત્ત થયેલા સિનિયર સિટીઝન કર્મચારીઓએ પોતાના બાકી નીકળતા નાણાકીય લાભો મેળવવા મુખ્યમંત્રીને રજૂઆત કરી છે. નિવૃત સિનિયર સિટીઝનોએ આપેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે, 2019થી નિવૃત્ત થયેલા કર્મચારીઓના સી.પી.એફ.ની વણચૂકવાયેલ રકમ અને તેના પરના વ્યાજની ચૂકવણી લાંબા સમયથી અટવાયેલી છે.

આ ઉપરાંત કેન્દ્ર સરકારના નિયમ મુજબ ગ્રેજ્યુઈટીની મર્યાદા 20 લાખ હોવા છતાં, નિગમ દ્વારા હજુ જૂની 10 લાખની મર્યાદા મુજબ જ ચૂકવણું કરાયું છે. કૃષિ વિભાગ દ્વારા 20 લાખની મર્યાદા મુજબ બાકી રકમ ચૂકવવા મંજૂરી અપાઈ હોવા છતાં વહીવટી પ્રક્રિયાના નામે નાણાં ફાળવવામાં આવતા નથી.

### અમદાવાદમાં યુવકની બિલાડી સાથે ક્રૂરતા

# કોથળામાં પછાડી, બહાર કાઢી પથ્થરના પાંચ ઘા માર્યા; મોઢા પર લાતો મારી, બેસીને ફોટો પડાવ્યો

(એજન્સી) અમદાવાદ | તા. 22

અમદાવાદમાં એક યુવકનો બિલાડી સાથે ક્રૂડતા પૂર્વક માર મારતો વીડિયો સામે આવ્યો છે. વાડજના ખુલ્લા મેદાનમાં યુવક તેના બે મિત્ર સાથે કોથળામાં બિલાડી લઈને આવ્યો હતો. બંધ કોથળામાં બિલાડીને પછાડી હતી, જે બાદ બહાર કાઢીને મોટા પથ્થર ઉપાડીને પાંચ વખત તેના ઉપર માર્યા હતાં. આટલેથી ન અટકી યુવકે બિલાડીના મોઢા પર પગ મૂકી બીજા પગથી લાતો મારી હતી. આ સાથે જ બિલાડીની બાજુમાં બેસી નિર્લજ્જની જેમ ફોટો પાડ્યો હતો. આ સમગ્ર ઘટાનાનો વીડિયો વાઈરલ થતાં વાડજ પોલીસે યુવક સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

બનાવની વિગત એવી છે કે, નવા વાડજની સહજ હાઈટ્સની બાજુમાં આવેલા અમદાવાદમ મ્યુનિસિપલ કોર્પોરેશનના ખાલી પ્લોટમાં બે યુવક અને એક બાળક એક્ટિવા લઈને આવ્યા હતા. આ લોકો તેમની સાથે એક સફેદ કલરનો કોથળો લાવ્યા હતા. આ કોથળામાં એક બિલાડી હતી. એક યુવકે આ કોથળાને પહેલા જમીન પર પછાડ્યો હતો. જે બાદ બિલાડીને કોથળામાંથી બહાર કાઢી હતી અને બિલાડી ઉપર એક બાદ એક મોટા પથ્થર ઉપાડી ફેંક્યા હતા. આ સાથે જ યુવકે બિલાડીના મોઢા પર પગ મૂકી કચડી હતી. સાથે જ એક પગ બિલાડીના મોઢા પર અને બીજા પગે લાતો પણ મારી હતી.



### બિલાડીને પગથી કચડી, ફોટો પણ પડાવ્યો

આ સાથે જ યુવકે બિલાડીના મોઢા પર પગ મૂકી કચડી હતી. સાથે જ એક પગ બિલાડીના મોઢા પર અને બીજા પગે લાતો પણ મારી હતી. જે બાદ એક પથ્થર બિલાડીની બાજુમાં રાખી તેના પર બેચી અન્ય યુવકના ફોનમાં ફોટો પણ પડાવ્યો હતો. આ સમગ્ર ઘટનાનો બાજુની બિલ્ડિંગમાંથી એક જાગૃત નાગરિકે પોતાના મોબાઈલમાં વીડિયો શૂટ કરીને સોશિયલ મીડિયામાં અપલોડ કર્યો હતો.

ક્રુરતાપૂર્વક બિલાડીને માર મારતા યુવકનો આ વીડિયો સોશિયલ મીડિયામાં ખૂબ જ ઝડપથી વાઈરલ થયો હતો. જીવ દયા પ્રેમીઓ સુધી પણ આ વીડિયો પહોંચતા કેટલાક લોકો વાડજ પહોંચ્યા હતા. વાડજ પોલીસ સ્ટેશનમાં આ યુવક વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે.